અમદાવાદ
# એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

16-JANUARY-2026 | વર્ષ-15 । અંક-065 । વિક્રમ સંવત-2082 । પોષ વદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08
મલાઇકાનું 20 વર્ષ નાના ગુજરાતી હીરાના વેપારી સાથે ઈલુ-ઈલુ...?



પેજ-09
આઈસીસી વનડે રેન્કિંગ 2026 કિંગ કોહલીનો દબદબો





# યુદ્ધ નશા વિરુદ્ધ 2.0

## બીજા તબક્કાની શરૂઆત



**સ.ભગવંત સિંહ માન**
મુખ્યમંત્રી, પંજાબ

## પિંડાં દે પહેરેદાર

પંજાબનો દરેક વ્યક્તિ હવે બની શકે છે પોતાના ગામ અને સમાજનો રક્ષક

### 'પિંડાં દે પહેરેદાર'ની ભૂમિકા અને જવાબદારીઓ

- જ્યાં નશો વેચાય છે અથવા સપ્લાય કરવામાં આવે છે, તેની માહિતી આપવી
- જો કોઈ વ્યક્તિ નશો છોડવા માંગતી હોય, તો તેને નજીકના નશા મુક્તિ કેન્દ્ર (ઓ.ઓ.એ.ટી. સેન્ટર) સુધી લઈ જવી.

### ફેઝ 1: 300 દિવસમાં વાસ્તવિક પરિણામો

- **29,978 એફ.આઈ.આર.** એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાયો
- **43,276 ધરપકડો** રાજ્યભરમાંથી
- **30,595 કિલોગ્રામ** ડ્રગ્સ જપ્ત

માહિતી અને લોકસંપર્ક વિભાગ, પંજાબ

'મારાં બાળકોને સાચવજો, પત્નીથી ત્રાસીને હું હવે જાઉં છું'

# વીડિયો કોલ પર પરિવારની નજર સામે કેનાલમાં ઝંપલાવ્યું, હું હવે થાકી ગયો છું, મારાં સાસુ-પત્ની જીવવા નથી દેતાં

ગાંધીનગર | ગાંધીનગરના સાંતેજ પોલીસ મથકના ચોપડે એક હૃદયદ્રાવક ઘટના નોંધાઈ છે, જેમાં સાસરી પક્ષના માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને એક 42 વર્ષીય યુવકે પોતાના જ ભાઈને વીડિયો કોલ કરી આપવીતી જણાવી કેનાલમાં મોતની છલાંગ લગાવી દીધી હતી. આ મામલે મૃતકના નાના ભાઈએ સાંતેજ પોલીસ સ્ટેશનમાં પત્ની, સાસુ, બે સાળી અને બે સાળા વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદની વિગતો મુજબ, મૂળ વિસનગરના રાલીસણા ગામના વતની અને હાલ અમદાવાદના ચેનપુર વિસ્તારમાં રહેતા રાહુલભાઈ દલપતભાઈ રાવતે તેમના મોટા ભાઈ લક્ષ્મણભાઈ પરમાર (ઉં.વ. 42)ના મોતના મામલે ફરિયાદ નોંધાવી છે. એ મુજબ લક્ષ્મણભાઈના લગ્ન વર્ષ 2011માં રાલીસણા ગામની જ સુમિત્રાબેન સાથે થયા હતા. લગ્ન બાદ થોડો સમય બધું બરાબર ચાલ્યું હતું, પરંતુ ત્યાર બાદ સુમિત્રાબેન નાની-નાની બાબતોમાં ઝઘડા કરી અલગ રહેવા માટે દબાણ કરતાં હતાં. પત્નીની જીદને કારણે લક્ષ્મણભાઈ છેલ્લાં 5 વર્ષથી ઘર છોડીને રાલીસણા ખાતે પોતાની સાસરીમાં જ રહેવા ગયા હતા.

જોકે લક્ષ્મણભાઈ જ્યારે પણ પોતાના વતનના પરિવાર કે ભાઈઓને મળતા ત્યારે પોતાની વ્યથા ઠાલવતા હતા. તેમણે પરિવારને જણાવ્યું હતું કે સાસરીમાં રહેવા છતાં પત્ની સુમિત્રાબેન અને સાસુ નર્મદાબેન તેમને શાંતિથી રહેવા દેતાં નથી. અવારનવાર પૈસાની માગણી કરી તેમને હેરાન કરવામાં આવતા હતા. જો તેઓ પૈસા ન આપે તો તેમને માનસિક રીતે ટોર્ચર કરવામાં આવતા હતા. ગત તારીખ 23 ડિસેમ્બર, 2025ના રોજ આ વિવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો. લક્ષ્મણભાઈએ સવારે તેમના ભાઈને ફોન કરીને રડતાં-રડતાં જણાવ્યું હતું કે પત્ની અને સાસુએ પૈસા માટે ઝઘડો કર્યો છે. ફક્ત એટલું જ નહીં, સાસરી પક્ષે તેમની સાળીઓ ઊર્મિલાબેન અને ગીતાબેન તેમજ રાજગઢથી બે કુટુંબી સાળાને બોલાવીને લક્ષ્મણભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને તેમને ગડદાપાટુનો માર માર્યો હતો.



**અવારનવાર પૈસાની માગણી કરી તેમને હેરાન કરવામાં આવતા હતા. જો તેઓ પૈસા ન આપે તો તેમને માનસિક રીતે ટોર્ચર કરવામાં આવતા હતા. ગત તારીખ 23 ડિસેમ્બર, 2025ના રોજ આ વિવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો. લક્ષ્મણભાઈએ સવારે તેમના ભાઈને ફોન કરીને રડતાં-રડતાં જણાવ્યું હતું કે પત્ની અને સાસુએ પૈસા માટે ઝઘડો કર્યો છે. ફક્ત એટલું જ નહીં, સાસરી પક્ષે તેમની સાળીઓ ઊર્મિલાબેન અને ગીતાબેન તેમજ રાજગઢથી બે કુટુંબી સાળાને બોલાવીને લક્ષ્મણભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને તેમને ગડદાપાટુનો માર માર્યો હતો.**

### હું આ ડગલું ભરી રહ્યો છું, મારાં બાળકોને તમે સાચવજો

સાસરિયાંએ ધમકી આપી હતી કે જો તું પૈસા નહીં આપે તો તને તારાં બાળકો પણ જોવા નહીં દઈએ. આ શારીરિક અને માનસિક ત્રાસ સહન ન થતાં લક્ષ્મણભાઈ રાત્રિના સમયે અડાલજ નજીક ઝુંડાલ કેનાલ પાસે પહોંચ્યા હતા. તેમણે ત્યાંથી પોતાના ભાઈને વીડિયો કોલ કર્યો હતો. વીડિયો કોલમાં તેમણે કરુણતા સાથે જણાવ્યું હતું કે હું હવે થાકી ગયો છું, મારાં સાસુ અને પત્ની મને જીવવા દેતાં નથી. હું આ ડગલું ભરી રહ્યો છું, મારાં બાળકોને તમે સાચવજો.

જેના પગલે પરિવારજનો તેમને શોધવા માટે કેનાલ દોડી ગયાં હતાં. દરમિયાન રાત્રિના અંધકારમાં મોબાઈલની લાઈટ દૂરથી દેખાઈ રહી હતી, પરંતુ પરિવારજનો મોબાઈલ લાઈટના અજવાળા તરફ પહોંચ્યા જ હતા ને લક્ષ્મણભાઈએ મોતની છલાંગ લગાવી દીધી હતી. જેમની લાશ સાંતેજ પોલીસ મથકની હદમાંથી મળી આવી હતી. આ ઘટના બાદ મૃતકના ભાઈની ફરિયાદને આધારે સાંતેજ પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસે પત્ની સુમિત્રાબેન, સાસુ નર્મદાબેન, સાળી ઊર્મિલાબેન, સાળી ગીતાબેન અને રાજગઢના બે કુટુંબી સાળા સહિત કુલ 6 શખ્સો વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણા હેઠળ ઝીરો નંબરથી ગુનો દાખલ કરી વધુ તપાસ વિસનગર પોલીસ તરફે મોકલી આપી છે.

## News Brief

### મહાત્મા મંદિર ખાતે કચરાનો અયોગ્ય નિકાલ કરનાર એજન્સીને દંડ ફટકારાયો...

ગાંધીનગર | ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ગઈકાલે ભારત અને જર્મની વચ્ચે યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાનની પણ હાજરી હતી ત્યારે તે પૂર્ણ થયા બાદ એજન્સી દ્વારા ડેકોરેશનના સામાન અને ફૂલોનો અયોગ્યની નિકાલ કરવામાં આવતા કોર્પોરેશન દ્વારા આઈવી ઓરા નામની એજન્સીને ૪૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે દેશ-વિદેશની ઈવેન્ટ યોજાતી હોય છે ત્યારે ગઈકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર વચ્ચે મહત્વપૂર્ણ કરારોનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જોકે આ કાર્યક્રમમાં વિવિધ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓને કામ આપવામાં આવ્યું હતું. જેમાં ડેકોરેશન અને ફૂલોની સજાવટનું કામ આઈવી ઓરા નામની એજન્સીને આપવામાં આવ્યું હતું. જે એજન્સી દ્વારા આ કાર્યક્રમ પૂર્ણ થઈ ગયા બાદ ડેકોરેશનના વપરાયેલા સામાન અને ફૂલોના કચરાનો નિકાલ નિયમ મુજબ કરવાને બદલે અયોગ્ય રીતે અને બેદરકારી પૂર્વક કરવામાં આવ્યો હતો. જે બાબત કોર્પોરેશનના ધ્યાને આવી હતી.

જેના પગલે ગાંધીનગર મહાનગરપાલિકાની ટીમ દ્વારા સ્થળ પર જઈને કચરો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સાથે જ પબ્લિક હેલ્થ બાયલોઝ મુજબ નિયમભંગ કરવા બદલ જવાબદાર એજન્સી પાસેથી ૪૦ હજારની દંડકીય વસૂલાત કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા સંબંધિત એજન્સીને કડક તાકીદ કરવામાં આવી છે કે ભવિષ્યમાં કોઈપણ કાર્યક્રમ દરમિયાન કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા જાળવવી અનિવાર્ય છે. જો ફરીવાર આ પ્રકારની ગંભીર બેદરકારી દાખવવામાં આવશે.

### રાજકોટમાં જાહેર રોડ ઉપર છરીના 8 ઘા ઝીંકી યુવકની હત્યા કરવામાં આવી...

રાજકોટ | રાજકોટમાં મકરસંક્રાંતિનો તહેવાર લોહિયાળ બન્યો છે. શહેરના ભક્તિનગર સર્કલ પાસે આવેલા સહકાર રોડ ઉપર યુવકને એક મહિલા અને તેની સાથેના અન્ય શખસો દ્વારા છરીના 8 ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. હત્યાની ઘટના બનતાં જ ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પ્રેમપ્રકરણ અને જૂની અદાવતમાં યુવકની હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ મયૂરધ્વજસિંહ સરવૈયાએ જણાવ્યું હતું કે શહેરના ભક્તિનગર સર્કલ પાસે આવેલા સહકાર રોડ ઉપર રહેતા સાવન ગોસ્વામી નામના 45 વર્ષના યુવકને છરીના ઘા મારી દેવામાં આવ્યા હતા, જેથી લોહીલુહાણ હાલતમાં તેને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જોકે તબીબોએ તપાસી ગંભીર રીતે ઘાયલ આ યુવકને મૃત જાહેર કર્યો હતો.

હત્યાની ઘટનાની જાણ થતાં જ ભક્તિનગર પોલીસકાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. એ દરમિયાન પોલીસે કરેલી તપાસમાં સામે આવ્યું હતું કે આ યુવકની જૂની અદાવત અને પ્રેમપ્રકરણમાં હત્યા કરવામાં આવી હતી. એક મહિલા અને તેની સાથેના અન્ય શખસો દ્વારા યુવકને છરીના ઘા મારવામાં આવ્યા હતા.

### ચિલોડા પાસે હિટ એન્ડ રન : રસ્તો ઓળંગતા યુવાનનું અડફેટે મોત...

ગાંધીનગર : ગાંધીનગર નજીક ચિલોડા હિંમતનગર હાઈવે ઉપર ચિલોડા પાસે રસ્તો ઓળંગી રહેલા હિંમતનગરના યુવાનને હડફેટે લઈ અજાણ્યો કારચાલક ફરાર થઈ ગયો હતો. જે ગંભીર અકસ્માતમાં આ યુવાનનું મોત થયું હતું ત્યારે પોલીસે ફરાર થઈ ગયેલા કાર ચાલક સામે ગુનો દાખલ કરીને શોધખોળ આદરી છે.

આસપાસના હાઈવે માર્ગો ઉપર અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે શહેર નજીક ચિલોડા હિંમતનગર હાઈવે ઉપર વધુ એક હીટ એન્ડ રનની ઘટનામાં રસ્તો ઓળંગી રહેલા યુવાનનું મોત થયું છે. આ ઘટના સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગત રવિવારની રાત્રે એક યુવાન રસ્તો ઓળંગી રહ્યો હતો તે દરમિયાન પૂર ઝડપે પસાર થઈ રહેલા વાહને તેને અડફેટે લીધો હતો અને અકસ્માત સર્જીને વાહનનો ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. જેથી આ ઘટના અંગે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઘાયલ યુવાનને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જોકે સારવાર દરમિયાન આ યુવાનનું મોત થયું હતું. જે ઘટના અંગે ચિલોડા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સિવિલ હોસ્પિટલ પહોંચી હતી અને તપાસ કરતા આ યુવાન હિંમતનગરનો ગાયત્રી મંદિર પાસે રહેતો કમલેશ બાબુજી ઠાકોર હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ પોલીસે ઘટના સ્થળે આસપાસ તપાસ કરી હતી અને અહીં નજરે જોનાર વ્યક્તિઓની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, હિંમતનગર તરફથી આવી રહેલી એક કારે આ યુવાનને અડફેટે લીધો હતો.

વડોદરામાં પતંગ પકડવા જતાં બેના મોત

## યુવકને કરંટ લાગ્યો, કરજણમાં કાર અડફેટે 10 વર્ષના બાળકનું મોત...

વડોદરા | ઉત્તરાયણ પર્વની ઉત્સાહભેર ઉજવણી વચ્ચે વડોદરા શહેર અને જિલ્લામાં પતંગ પકડવાની લાહ્યમાં બે લોકોના મોતના બનાવ સામે આવ્યા છે. જેમાં વાઘોડિયા રોડ પર કપાયેલી પતંગની દોરી પકડવા જતાં 33 વર્ષીય યુવકનું વીજ શોક લાગતા મોત નિપજ્યું છે. જ્યારે કરજણ વિસ્તારમાં પતંગ પકડવા જતાં 10 વર્ષના બાળકનું મોત નિપજ્યું છે. ઉલ્લેખનીય છે કે, હાલ બંનેના મૃતદેહને સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે. ઉત્તરાયણનો તહેવાર માતમમાં ફરેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા શહેરમાં અત્યાર સુધીમાં પતંગની દોરીથી ઈજાઓ પામેલા 25 લોકોને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલા ગાયત્રી મંદિર પાસે રહેતો 33 વર્ષીય શંકર રાઠવા પોતાના ધાબા પર ઉત્તરાયણની ઉજવણી કરી રહ્યો હતો. ત્યારે તેની પતંગ સામેની વીજ લાઈનમાં ફસાઈ ગઈ હતી, આ દરમિયાન વીજ તાર અડકતાં તેને જોરદાર કરંટ લાગ્યો. જેના કારણે યુવક અચાનક ઢળી પડ્યા અને ગંભીર રીતે ઘાયલ થયા થયા હતા.

જોકે, પરિવારજનો દ્વારા તાત્કાલિક તેને સયાજી હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન યુવકે દમ તોડી દીધો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. યુવકના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. આ યુવકના પરિવારમાં એક ત્રણ વર્ષનું બાળક અને પત્ની છે.

## કલોલમાં પૈસાની ઉઘરાણી બાબતે ડ્રાઈવર યુવકને ઓફિસમાં કેદ કરી ઢોર માર માર્યો

કલોલ | કલોલના નવજીવન મિલ કમ્પાઉન્ડમાં આવેલ સિટી મોલની એક ઓફિસમાં એક ડ્રાઈવર યુવકને કેદ કરવામાં આવ્યો હતો અને પૈસાની ઉઘરાણી બાબતે તેને મારવામાં આવ્યો હતો ડ્રાઈવર યુવકના શેઠ એ પૈસા લીધા હતા જે બાબતે ત્રણ યુવકોએ ડ્રાઈવરને કેદ કરીને માર માર્યો હતો જે અંગે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે

આ બાબતે મળતી માહિતી અનુસાર કલોલમાં રહેતા હર્ષદભાઈ ઉર્ફે મહારાજ મણીલાલ પટેલ બોરીસણા ગામમાં રહેતા સંદીપકુમાર ઉર્ફે પીન્ટુભાઇ પ્રવીણભાઈ પટેલ ની ગાડી ચલાવે છે હર્ષદભાઈએ પોલીસ મથકમાં પોતાને ઓફિસમાં કેદ કરીને માર મારવા અંગે ત્રણ જણા સામે ફરિયાદ નોંધાવી હતી તેઓએ શિવમ અમરતભાઈ પ્રજાપતિ તથા સાવન પ્રજાપતિ અને મનીષ રબારી સામે ફરિયાદ નોંધાવી હતી તે ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તેમના ઉપર શિવમ પ્રજાપતિ નો ફોન આવ્યો હતો અને તેઓએ સિટી મોલ માં આવેલ ટૂરવા નામની પોતાની ઓફિસમાં બોલાવ્યો હતો જેથી હર્ષદભાઈ ત્યાં જતા શિવમ પ્રજાપતિ ત્યાં હાજર ન હતો અને તેનો સંબંધી સાવન પ્રજાપતિ ત્યાં હાજર હતો અને તેણે હર્ષદને કહેલ કે મારે શિવમ પાસે વાત થઈ છે અમારે તારા સેટ પીન્ટુ પટેલ પાસે પૈસા લેવાના છે તે પૈસા નહીં આપે ત્યાં સુધી તને જવા દેવાનો નથી તું અંદર બેસી જા તેમ કહીને તેને ઓફિસમાં કેદ કરી લેવામાં આવ્યો હતો.

હર્ષદ ભાઈએ કહેલ કે મને પૈસા બાબતે ખબર નથી તમે મારા શેઠ જોડે વાત કરજો મને અહીંથી જવા દો તેમ કહેતા તેને જવા દેવામાં આવ્યો ન હતો ત્યારબાદ મનીષ રબારી ત્યાં આવ્યો હતો અને તેણે હર્ષદ ભાઈને ગાળો બોલીને ધોકા વડે માર માર્યો હતો અને તેનો વિડીયો સાવન પ્રજાપતિએ બનાવી લીધો હતો સાંજના પોણા છ વાગ્યાથી તેને ઓફિસમાં બળજબરી પૂર્વક બેસાડી દેવામાં આવ્યો હતો અને તારા શેઠ પૈસા નહિ આપે ત્યાં સુધી તને અહીંથી જવા દઈશું નહીં તેમ કહીને તેને માર મારવામાં આવ્યો હતો અને રાત્રે ૧ વાગે તેને છોડવામાં આવ્યો હતો.

## પોરબંદરમાં મકરસંક્રાંતિએ 108 એ 14 લોકોને બચાવ્યાં...

પોરબંદર | પોરબંદરમાં મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન 108 ઈમરજન્સી સેવાએ કુલ 14 જેટલા વિવિધ ઈમરજન્સી કેસોમાં મદદ પૂરી પાડી હતી. આ કેસોમાં વાહન અકસ્માત, અગાસી પરથી પડવા અને પતંગના દોરાથી ઈજા થવા જેવા બનાવોનો સમાવેશ થાય છે.

108 દ્વારા સંભાળવામાં આવેલા કેસોની વિગત નીચે મુજબ છે: વાહન અકસ્માતના 07 બનાવો, અગાસી પરથી પડવાના 03 બનાવો, પતંગના દોરાથી ઈજાના 02 બનાવો અને મારામારીના 02 બનાવો.

આ તમામ બનાવોમાં 108ની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી ઘાયલોને પ્રાથમિક સારવાર આપી હતી. ત્યારબાદ તેમને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. 108ની ટીમે તહેવાર દરમિયાન સતર્ક રહીને લોકોની મદદ કરી હતી.

હવામાં ભળેલા પ્રદૂષિત કણોએ અમદાવાદીઓના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું કર્યું છે

## અમદાવાદમા ઉત્તરાયણ પર બેવડો માર, કાતિલ ઠંડી વચ્ચે હવામાં ઝેર ભળ્યું, AQI ખરાબ શ્રેણીમાં...

અમદાવાદ । ગુજરાતમાં આજે (14મી જાન્યુઆરી) ઉત્તરાયણનો પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહ્યો છે, પરંતુ આ આનંદની સાથે જ પર્યાવરણીય ચિંતા પણ વધી છે. અમદાવાદના આકાશમાં બુધવારે વહેલી સવારથી જ રંગબેરંગી પતંગોની સાથે પ્રદૂષણની ઘેરી ચાદર જોવા મળી હતી. શહેરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 200થી 250ની વચ્ચે નોંધાયો છે, જે 'ખરાબ' શ્રેણીમાં ગણાય છે. તહેવારના માહોલ વચ્ચે હવામાં ભળેલા પ્રદૂષિત કણોએ અમદાવાદીઓના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું કર્યું છે, ખાસ કરીને પતંગબાજીની મજા વચ્ચે શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં ઠંડીનું જોર પણ યથાવત્ છે, જેમાં નલિયા 5.2 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે. લઘુતમ તાપમાનનો પારો ગગડતા સમગ્ર કચ્છ અને સૌરાષ્ટ્રમાં કાતિલ ઠંડી અનુભવાઈ રહી છે. અન્ય શહેરોની વાત કરીએ તો રાજકોટમાં 8.8 ડિગ્રી, ભુજમાં 9.6 ડિગ્રી અને ડીસામાં 10.4 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં 12.6 ડિગ્રી અને વડોદરામાં 14.4 ડિગ્રી તાપમાન રહેતા પતંગરસિયાઓએ વહેલી સવારે ઠંડીમાં ઠરતા-ઠરતા અગાશીઓ પર કલબલાટ શરૂ કર્યો હતો.

હવામાન વિભાગની આગાહી મુજબ, પતંગબાજો માટે પવનની ગતિ મધ્યમ રહેશે. 14મી જાન્યુઆરીએ પવનની ઝડપ 5થી 15 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે, જે પતંગ ચગાવવા માટે સાનુકૂળ ગણાય છે. આગામી સાત દિવસ સુધી રાજ્યમાં હવામાન શુષ્ક રહેવાની અને ઠંડીનો ચમકારો યથાવત્ રહેવાની સંભાવના છે. પવનની દિશા અને ગતિમાં થતા ફેરફારોને કારણે પતંગબાજોમાં ક્યાંક ઉત્સાહ તો ક્યાંક પેચ લડાવવાની મજામાં થોડો વિઘ્ન પણ જોવા મળી શકે છે. પ્રદૂષણના આંકડાઓ પર નજર કરીએ તો, અમદાવાદના પશ્ચિમ અને ઉત્તર વિસ્તારોમાં સ્થિતિ વધુ ગંભીર છે. ખાસ કરીને થલતેજ, બોપલ, ગોતા, શાંતિગ્રામ અને રખિયાલ જેવા વિસ્તારોમાં AQIનું સ્તર સૌથી વધુ નોંધાયું છે.

શિયાળાની ઠંડીને કારણે હવામાં જામતું ધુમ્મસ (Smog), વાહનોનો ધુમાડો અને પતંગબાજી દરમિયાન મોટા પ્રમાણમાં ફોડવામાં આવતા ફટાકડાને કારણે PM2.5 અને PM10 નું પ્રમાણ ભયજનક રીતે વધ્યું છે. આ ઝેરી હવાને કારણે શહેરના અનેક વિસ્તારોમાં વિઝિબિલિટી પર પણ અસર પડી છે.

117 વર્ષ જૂની 'સસ્તું સાહિત્ય' સંસ્થા ફરી બેઠી થઈ, આગામી ૫૦ વર્ષ સુધી જ્ઞાન પીરસશે

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે આદિ શંકરાચાર્ય ગ્રંથાવલીનું વિમોચન કરાયું

વિજયવીર યાદવ | ગાંધીનગર તા.15

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે આજે અમદાવાદ ખાતે 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત અને પ્રખર વિદ્વાન શ્રી ગૌતમભાઈ પટેલ દ્વારા સંપાદિત 'આદિ શંકર સમગ્ર'નું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ભારતીય સંસ્કૃતિમાં આદિ શંકરાચાર્યના પ્રદાન અને સસ્તું સાહિત્ય સંસ્થાના પુનરુત્થાન અંગે મહત્ત્વપૂર્ણ વિગતો આપતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આદિ શંકરાચાર્યનું જ્ઞાન હવે ગુજરાતી યુવાઓ માટે આંગળીના ટેરવે મળતું થયું છે, સસ્તું સાહિત્ય દ્વારા 'આદિ શંકર સમગ્ર'



ગ્રંથાવલીનું વિમોચન કરાયું છે, જે ગુજરાતી સાહિત્ય માટે મોટી ઘટના છે. તેમણે જણાવ્યું હતું કે, ૧૧૭ વર્ષ જૂની સ્વામી અખંડાનંદની સંસ્થા 'સસ્તું સાહિત્ય' ફરી બેઠી થઈ છે. આગામી ૫૦ વર્ષ સુધી ઉત્કૃષ્ટ સાહિત્ય પીરસતી રહેશે. આ માટે ગૌતમભાઈ પટેલે આદિ શંકરના જ્ઞાનસાગરને ગુજરાતીમાં ઉતારીને ગુજરાતના વાચકો પર મોટું ઋણ ચડાવ્યું છે. આદિ શંકરાચાર્ય સનાતન ધર્મના પુનરુદ્ધારક છે, તેમ જણાવી શ્રી શાહે કહ્યું હતું કે, આદિ શંકરાચાર્યનું ૩૨ વર્ષનું ટૂંકું આયુષ્ય શબ્દોમાં વર્ણવવું અશક્ય છે. તેમણે માત્ર ૮ વર્ષની ઉંમરે વેદોનો અભ્યાસ પૂર્ણ કર્યો અને ૧૨ વર્ષની ઉંમરે શાસ્ત્રજ્ઞ બની ગયા હતા. ભારતની ચાર દિશાઓમાં ચાર મઠોની સ્થાપના કરીને માત્ર ધાર્મિક કેન્દ્રો જ નહીં, પરંતુ વેદ-ઉપનિષદોના સંરક્ષણ માટેના વિશ્વવિદ્યાલયો ઊભાં કર્યાં. ગૃહમંત્રીએ ઉમેર્યું કે, 'આજે આપણે ગંગા, યમુના કે નર્મદાની જે પૂજા પદ્ધતિ અને શ્લોકો બોલીએ છીએ, તેના રચયિતા આદિ શંકરાચાર્ય છે.

પતંગની ડોર આપણને સંતુલન, શિસ્ત અને ધીરજ શીખવે છે

## સુરતમાં હર્ષભાઈ સંઘવીએ પરિવારજનો સાથે પતંગ ચગાવી ઉત્તરાયણ મનાવી

વિજયવીર યાદવ | ગાંધીનગર તા.15

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સુરતના મગદલ્લા ખાતે પરિવારજનો સાથે પતંગ ચગાવી હર્ષોલ્લાસ સાથે મકરસંક્રાંતિ તહેવારની ઉજવણી કરી હતી. તેમણે પીપલોદ ખાતે ગોવર્ધન હવેલી ખાતે ગૌ માતાને ઘાસ ખવડાવી ગૌપૂજન પણ કર્યું હતું. મગદલ્લાના રિવુલેટ રેસિડેન્સીના ધાબા પર શ્રી સંઘવીએ પતંગ ચગાવી પેચ લડાવ્યા હતા. સ્થાનિક રહીશોએ 'કાઈપો ચે..'ના હર્ષનાદ સાથે નાયબ મુખ્યમંત્રી સાથે પતંગોત્સવમાં જોડાયા હતા. રાજ્યની ભાતીગળ ઓળખ, પતંગોના ઉલ્લાસમય પર્વ મકર સંક્રાંતિ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતીઓને હાર્દિક શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, ગુજરાતમાં મકર સંક્રાંતિ માત્ર તહેવાર નથી, પરંતુ સંસ્કૃતિ, પ્રેમ અને



આત્મીયતાનો જીવંત અનુભવ છે. આકાશમાં ઉડી રહેલી રંગબેરંગી પતંગો ગુજરાતની જીવંતતા અને ઉત્સવપ્રેમ દર્શાવે છે. પતંગની ડોર આપણને સંતુલન, શિસ્ત અને ધીરજ શીખવે છે. ઉત્સવ સાથે પારિવારિક ઉજાણીનો ઉલ્લેખ કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ઉત્તરાયણ પર્વે ઘર-ઘરમાં બનતા ઉંધીયા, તલના લાડુ, ચીકી અને તેના સ્વાદ, પરંપરા અને ભાતીગળ વારસો આપણને યાદ અપાવે છે કે મકર સંક્રાંતિ માત્ર આનંદનો દિવસ નથી, પરંતુ એકતાનું પ્રતિક પણ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નગરજનોને મમરાનાં લાડુ-ચિક્કીનું વિતરણ કર્યું

## ગાંધીનગરમાં સેન્ટ્રલ વિસ્ટા ખાતે પતંગ મહોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પતંગ ચગાવ્યા

વિજયવીર યાદવ | ગાંધીનગર તા.15

ઉમંગ અને ઉલ્લાસના ઉતરાયણ પર્વ અવસરે ગાંધીનગરમાં સેન્ટ્રલ વિસ્ટા ખાતે સહાય ફાઉન્ડેશન દ્વારા આયોજિત પતંગ મહોત્સવ-૨૦૨૬નો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શાનદાર પ્રારંભ કરાવ્યો હતો.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ નગરજનો સાથે પતંગ ઉડ્ડયન ના આનંદ માં સહભાગી થયા હતા અને ઉતરાયણ પર્વ ની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે મુક્ત આકાશમાં પતંગ ઉડાવીને નગરજનોને મમરાનાં લાડુ અને ચિક્કીનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ 'ગાંધીનગર



પતંગોત્સવ'ના બલૂનને આકાશમાં ઉડાડીને પતંગ મહોત્સવ-૨૦૨૬ની ઉજવણી કરાવી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, ધારા સભ્ય શ્રીમતી રીટા બહેન પટેલ,ડેપ્યુટી મેયર શ્રી નટુજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ગૌરાંગ વ્યાસ, ગાંધીનગર શહેર ભાજપ અધ્યક્ષ શ્રી આશિષ દવે, જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે, વિદેશી પતંગબાજો સહિત નગરજનો અને બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતાં.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## વાહન પાર્કિંગ જેવી નજીવી બાબતે ઝઘડો, માથું જાળી સાથે અફાળી મોતને ઘાટ ઉતાર્યો

# ઉત્તરાયણની પૂર્વ રાત્રે ખૂની ખેલ, મકરપુરામાં યુવકની હત્યા

(એજન્સી) વડોદરા । તા. 15

સંસ્કારી નગરી વડોદરામાં ઉત્તરાયણ પર્વની ઉજવણી વચ્ચે મકરપુરા વિસ્તારમાં એક હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. શહેરના મકરપુરા સ્થિત જશોદા કોલોનીમાં વાહન પાર્કિંગ જેવી નજીવી બાબતમાં પડોશીઓ વચ્ચે થયેલા ઝઘડાએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ વિવાદમાં ૪૨ વર્ષીય અનુપ પટેલ નામના યુવકની નિર્મમ હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મકરપુરા પોલીસે આ મામલે પિતા-પુત્ર સહિત ત્રણ આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### જન્મદિવસની ખુશી માતમમાં ફેરવાઈ

પ્રાપ્ત વિગતો અનુસાર, મકરપુરાની જશોદા કોલોનીમાં રહેતા સુશીલાબેન પટેલના ઘરે તેમની દીકરી અંશતાનો જન્મદિવસ હતો. આ પ્રસંગે તેમના દિયર અનુપભાઈ પટેલ (રહે. આમ્રપાલી કોમ્પ્લેક્સ, એરફોર્સ સ્ટેશન પાસે) રાત્રે ૯:૩૦ વાગ્યે બર્થ-ડે વિશ કરવા આવ્યા હતા. જન્મદિવસની ઉજવણી બાદ અનુપભાઈ જ્યારે ઘરની બહાર નીકળ્યા ત્યારે પડોશમાં રહેતા રાહુલ યાદવ સાથે વાહન પાર્કિંગ અને પિકઅપ વાનની ચાવી લેવા બાબતે બોલાચાલી થઈ હતી. રાહુલે ઉશ્કેરાઈને અનુપભાઈને તમાચા મારી દીધા હતા.

### ઘરમાં ઘૂસીને માથું જાળી સાથે અફાળ્યું

શરૂઆતમાં મામલો શાંત પડ્યા બાદ, રાહુલ યાદવ તેના પિતા મનુ યાદવ અને સાગરીત સુભાષ યાદવ સાથે ફરીથી ઝઘડો કરવા પહોંચ્યો હતો. આરોપીઓએ અનુપભાઈને માર મારવાનું શરૂ કરતા તેઓ જીવ બચાવવા માટે સુશીલાબેનના ઘરમાં ઘૂસી ગયા હતા. જોકે, ક્રૂર બનેલા આરોપીઓ પણ પાછળ ઘરમાં ઘૂસ્યા હતા અને અનુપભાઈનું માથું લોખંડની જાળી સાથે જોરથી અફાળ્યું હતું. આ હુમલામાં અનુપભાઈ લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

### પોલીસે પિતા-પુત્ર સહિત ત્રણને જેલભેગા કર્યા

ઘટનાની જાણ થતા જ મકરપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતક સુશીલાબેનની ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યો હતો. આરોપીઓ મનુ યાદવ, રાહુલ યાદવ અને સુભાષ યાદવ હત્યા બાદ ફરાર થઈ ગયા હતા, પરંતુ પોલીસે બાતમીના આધારે ગણતરીના કલાકોમાં ત્રણેયની ધરપકડ કરી લીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મનુ યાદવ વિસ્તારમાં માથાભારે છાપ ધરાવે છે. લોખંડના વ્યવસાય સાથે જોડાયેલા આ શખ્સોએ નજીવી વાતમાં એક વ્યક્તિનો જીવ લેતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### સીરીઝમાં માતમની લહેર

ઉત્તરાયણની આગલી રાત્રે જ બનેલી આ ઘટનાને કારણે પટેલ પરિવારમાં જન્મદિવસની ખુશી માતમમાં ફેરવાઈ ગઈ છે. ૪૨ વર્ષીય અનુપ પટેલ હાલોલની કંપનીમાં નોકરી કરતા હતા અને પરિવારના આધારસ્તંભ હતા. વડોદરા પોલીસ હવે આ મામલે વધુ તપાસ કરી રહી છે કે ઝઘડા પાછળ પાર્કિંગ સિવાય કોઈ જૂની અદાવત જવાબદાર હતી કે કેમ. હાલમાં ત્રણેય આરોપીઓ પોલીસ કસ્ટડીમાં છે અને આગળની રિમાન્ડની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## વડોદરા ઠંડીનો પારો 10 ડીગ્રી: ઉત્તરાયણની રાત્રે સીઝનનો સૌથી ઠંડો દિવસ નોંધાયો



વડોદરા । સંસ્કારી નગરી વડોદરામાં ઉત્તરાયણના પર્વ દરમિયાન ઠંડીએ પોતાનો અસલી મિજાજ બતાવ્યો છે. ઉત્તરાયણની રાત્રે જ ઠંડીનો પારો અચાનક ગગડતા શહેરીજનોએ કડકડતી ઠંડીનો અનુભવ કર્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગત રાત્રે લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ચાલુ વર્ષની શિયાળાની સીઝનનું અત્યાર સુધીનું સૌથી ઓછું તાપમાન છે. ચોવીસ કલાકમાં તાપમાનમાં ૪ ડીગ્રીનો ઘટાડો ગઈકાલે શહેરનું તાપમાન ૧૪.૪ ડીગ્રી સેલ્સિયસ આસપાસ હતું, પરંતુ ઉત્તરાયણની રાત્રે તેમાં અચાનક ૪.૪ ડીગ્રી જેટલો ઘટાડો જોવા મળ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઉત્તરીય પવનોની અસરે વડોદરાને આખું ઠિઠુરવી દીધું છે. અગાઉ ૧૧.૨ ડીગ્રી સેલ્સિયસ સાથે સીઝનનો સૌથી ઠંડો દિવસ નોંધાયો હતો, પરંતુ આજના ૧૦ ડીગ્રી તાપમાને તે રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. સીઝનનો સૌથી ઠંડો દિવસ મીડિયા અહેવાલ મુજબ, પતંગબાજીના ઉત્સાહ વચ્ચે મોડી રાત્રે ઠંડા પવનોના કારણે લોકો ગરમ કપડાંમાં લપેટાયેલા જોવા મળ્યા હતા. વહેલી સવારે પણ ગાઢ ધુમ્મસ અને કાતિલ ઠંડીને કારણે રસ્તાઓ પર ટ્રાફિક ઓછો જોવા મળ્યો હતો.

## વડોદરા ઉત્તરાયણ અકસ્માત મોત: પતંગ પકડવાની લ્હાયમાં હાઈટેન્શન લાઈને યુવાનનો જીવ લીધો

(એજન્સી) વડોદરા । તા. 15

વડોદરામાં ઉત્તરાયણના પર્વ દરમિયાન બે અલગ-અલગ કરુણ ઘટનાઓ સામે આવી છે. વાઘોડિયા વિસ્તારમાં પતંગ લૂંટવાના પ્રયાસમાં એક યુવાને જીવ ગુમાવ્યો છે, જ્યારે શહેરના મધ્ય વિસ્તારમાં ત્રીજા માળેથી પટકાયેલા આધેડને ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ ઉગારી લીધા છે.

પતંગબાજીના આ પર્વમાં સર્જાયેલી જાનહાનિથી અનેક પરિવારોમાં માતમ છવાઈ ગયો છે.

હાઈટેન્શન લાઈન બની કાળ વાઘોડિયાના પવલેપુર ગામમાં આવેલી 'અક્ષર યુગ સોસાયટી'માં રહેતા ૩૪ વર્ષીય શંકર રાઠવા ગતરોજ પરિવાર સાથે ધાબા પર પતંગ ચગાવી રહ્યા હતા.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એક કપાયેલી પતંગની દોરી પકડવા જતાં તેમનો હાથ નજીકથી પસાર થતી હાઈટેન્શન લાઈનને અડી ગયો હતો. જોરદાર કરંટ લાગતા તેઓ ત્યાં જ ફસડાઈ પડ્યા હતા. સયાજી હોસ્પિટલના ટ્રસ્ટમાં ફરજ બજાવતા આ યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

દાંડિયા બજારમાં દિલધડક રેસ્ક્યૂ બીજી તરફ, રાવપુરાના દાંડિયા બજાર વિસ્તારમાં ૫૨ વર્ષીય હરીશ રાણા પતંગ પકડવા જતાં ત્રીજા માળની કેબિન પરથી બાજુના બંધ મકાનના ટેરેસ પર પટકાયા હતા.

ગંભીર ઈજાઓ હોવાથી અને મકાન બંધ હોવાથી તેમને બહાર કાઢવા મુશ્કેલ હતા. મીડિયા અહેવાલ અનુસાર, દાંડિયા બજાર ફાયર બ્રિગેડના જવાનોએ અડધો કલાકની જહેમત બાદ તેમને રેસ્ક્યૂ કરી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. ફાયર ફાઈટર સલીમભાઈ અને તેમની ટીમે સમયસૂચકતા વાપરી આધેડને સુરક્ષિત નીચે ઉતાર્યા હતા.

## વડોદરા ગોરવા દારૂ ઝડપાયો: ઉત્તરાયણના પર્વ પર પોલીસની કડક વોચ છતાં બુટલેગરો સક્રિય

(એજન્સી) વડોદરા । તા. 15

સંસ્કારી નગરી વડોદરામાં ઉત્તરાયણના પર્વ દરમિયાન દારૂબંધીનો કડક અમલ કરવા પોલીસ કમિશનર દ્વારા ચુસ્ત બંદોબસ્ત અને ચેકિંગના આદેશો આપવામાં આવ્યા હતા. જોકે, પોલીસની આ કડક કાર્યવાહી અને કરોડો રૂપિયાના દારૂના જથ્થા પર રોડ-રોલર ફેરવી દેવાયા હોવા છતાં બુટલેગરોએ દારૂના વેચાણ માટે નવો કીમિયો અપનાવ્યો હતો. ગોરવા પોલીસે ઉત્તરાયણની રાત્રે જ બાતમીના આધારે દરોડો પાડીને એક નામચીન બુટલેગરને વિદેશી દારૂના મોટા જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. ઝાંસીની રાણી સર્કલ પાસે પોલીસની વોચ ગોરવા પોલીસ સ્ટેશનના જવાનોને બાતમી મળી હતી કે સુભાનપુરા રોડ પર ઝાંસીની રાણી સર્કલ પાસે છૂપી રીતે દારૂનું વેચાણ થઈ રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસે તુરંત જ વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ હાલતમાં જઈ રહેલા રાજ હરીશભાઈ ઠાકોર (રહે. રેસકોર્સ સોસાયટી) ને અટકાવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી વિવિધ બ્રાન્ડની ૨૧૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જેની કિંમત આશરે ૧.૬૦ લાખ રૂપિયા આંકવામાં આવી છે.



બુટલેગરોની નવી પદ્ધતિ અને પોલીસ એક્શન મીડિયા અહેવાલ અનુસાર, થર્ટી ફર્સ્ટ અને ઉત્તરાયણને ધ્યાનમાં રાખીને વડોદરા પોલીસે ૨૦૨૫ના અંતમાં જ કરોડોનો દારૂ પકડી પાડ્યો હતો. આ હોવા છતાં બુટલેગર રાજ ઠાકોર દ્વારા છૂપી રીતે દારૂનો જથ્થો ઉતારવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે કે આ દારૂનો જથ્થો તે ક્યાંથી લાવ્યો હતો અને તેની સાથે અન્ય કયા બુટલેગરો સંડોવાયેલા છે.

## રાજકોટ મોરબી હાઈવે અકસ્માત: કાગદડી પાસે બે કાર વચ્ચે ભીષણ ટક્કર, બે માસૂમ બાળકોના મોત

(એજન્સી) રાજકોટ । તા. 15

રાજકોટ-મોરબી હાઈવે ફરી એકવાર લોહીયાળ સાબિત થયો છે. મોડી રાત્રે કાગદડી ગામ પાસે બે કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે માસૂમ ભાઈ-બહેનના કરુણ મોત નિપજ્યા છે.

પૂરઝડપે આવી રહેલી બે કારો વચ્ચેની ટક્કર એટલી ભીષણ હતી કે બંને વાહનોનો કુરચો બોલી ગયો હતો. આ દુર્ઘટનામાં પરિવારના બે કુમળા ફૂલ જેવા બાળકો છીનવાઈ જતા આખું ગામ શોકમાં ગરકાવ થઈ ગયું છે.

ભયાનક અકસ્માત અને માસૂમોના મોત મળતી માહિતી મુજબ, અકસ્માત કાગદડી ગામ પાસે મોડી રાત્રે બન્યો હતો. સામસામે અથડાયેલી કારમાં સવાર ૩ વર્ષીય મોક્ષ અને માત્ર ૯ મહિનાની બાળકી શ્રેયા મદ્રેસણિયાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે અથવા હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ કરુણ મોત નિપજ્યું હતું.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કારમાં સવાર અન્ય બે વ્યક્તિઓને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે, જેમને હાલ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

પોલીસ તપાસ અને કાર્યવાહી મીડિયા અહેવાલ અનુસાર, અકસ્માતની જાણ થતાં જ રાજકોટ ગ્રામ્ય પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે માર્ગ પરથી વાહનોને ખસેડી ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો અને બંને બાળકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા છે.

પ્રાથમિક તપાસમાં અકસ્માત પૂરઝડપે કાર ચલાવવાને કારણે થયો હોવાનું અનુમાન છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે હાઈવે પર વાહનચાલકોની સુરક્ષા સામે ફરી સવાલો ઊભા થયા છે.

## વડોદરા મોબાઈલ ચોર ગેંગ જેલ: ભારત-ન્યૂઝીલેન્ડ મેચમાં પ્રેક્ષકોને



વડોદરા | વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે રમાયેલી ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની રોમાંચક મેચનો આનંદ માણવા આવેલા ક્રિકેટ પ્રેમીઓ માટે ઉત્તર પ્રદેશની એક લૂંટારૂ ગેંગ આફત બનીને આવી હતી. જોકે, વડોદરા પોલીસની સતર્કતાને કારણે આ ગેંગના ત્રણ સભ્યોને ઝડપી પાડવામાં સફળતા મળી છે. કોર્ટે આ ગેંગના સભ્યોને જ્યુડિશિયલ કસ્ટડીમાં (જેલમાં) મોકલી આપવાનો આદેશ કર્યો છે. આરોપીઓ પાસેથી ચોરીના કિંમતી મોબાઈલ ફોન પણ કબજે કરવામાં આવ્યા છે. સ્ટેડિયમમાં ભીડનો લાભ લઈ હાથફેરો કર્યો સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કોટંબી સ્ટેડિયમમાં મેચ દરમિયાન હજારોની ભીડનો લાભ લઈને ઉત્તર પ્રદેશની આ ગેંગે અનેક પ્રેક્ષકોના મોબાઈલ ચોરી લીધા હતા. સયાજીગંજ પોલીસે બાતમીના આધારે સુબૂર પઠાણ, ખાલિદ મેવાતી અને રાશીદ સમસાદને ઝડપી પાડ્યા હતા. આ ત્રણેય આરોપીઓ પાસેથી કુલ ૯ નંગ સ્માર્ટફોન મળી આવ્યા હતા.

## સંસ્થાએ ભીમાણીની હકાલપટ્ટી કરી, પરંતુ "રાજકીય દબાણ" ને કારણે પોલીસ કેસ નહીં થયાનો આક્ષેપ

# ગિરીશ ભીમાણી છેડતી આરોપ: રાજકોટમાં NSUI એ પૂર્વ કુલપતિનું મોઢું કાળું કરી પૂતળા દહન કર્યું

(એજન્સી) રાજકોટ । તા. 15

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણી ફરી એકવાર મોટા વિવાદમાં સપડાયા છે. આ વખતે તેમના પર વિદ્યાર્થિનીઓની છેડતી અને અણછાજતા વર્તનના અત્યંત ગંભીર આરોપો લાગ્યા છે. આ મામલે ગુરુવારે ગુજરાત પ્રદેશ NSUI દ્વારા રાજકોટમાં આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યકરોએ ગિરીશ ભીમાણીને રસ્તામાં આંતરીને તેમનું મોઢું શાહીથી કાળું કરી દીધું હતું અને તેમની સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી.



આબુ પ્રવાસમાં સર્જાયેલો વિવાદ ઘટનાની વિગત મુજબ, અમરેલી જિલ્લા વિદ્યાસભાના નિયામક તરીકે ગિરીશ ભીમાણી ૧૨ અને ૧૩ જાન્યુઆરીના રોજ આબુના પ્રવાસે ગયા હતા. આરોપ છે કે નશાની હાલતમાં તેમણે પ્રવાસમાં આવેલી ૧૦ જેટલી વિદ્યાર્થિનીઓ સાથે છેડતી અને અડપલાં કર્યા હતા. આ સમાચાર વાયુવેગે ફેલાતા શિક્ષણ જગતમાં હડકંપ મચી ગયો હતો. ગજેરા સંકુલે આ મામલે ત્વરિત નિર્ણય લેતા ભીમાણીને સંસ્થાના તમામ પદો પરથી દૂર કરી દીધા છે.

NSUI નો ઉગ્ર આક્રોશ અને પોલીસ ફરિયાદનો અભાવ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, NSUI ના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ આક્ષેપ કર્યો છે કે આટલી ગંભીર ઘટના હોવા છતાં બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવી દેવામાં આવ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, ભીમાણીને ભાજપનું રાજકીય રક્ષણ મળી રહ્યું હોવાને કારણે પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. NSUI કાર્યકરોએ ભીમાણીના પૂતળાનું દહન કરી સૂત્રોચ્ચાર કર્યા હતા. બીજી તરફ, મહિલા કોંગ્રેસના નેતા જેનીબેન ઠુમ્મરે પણ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું કે શિક્ષણધામમાં આવી ઘટનાઓ ચલાવી લેવાય નહીં. હાલમાં અમરેલી જિલ્લા વિદ્યાસભાએ પણ તેમને કોલેજ વિભાગની તમામ જવાબદારીઓમાંથી મુક્ત કર્યા છે.

## ગોંડલ ભગવતપરા હત્યા સમાચાર

# પતંગ ચગાવવાની નજીવી બાબતે બે પરિવારો વચ્ચે સશસ્ત્ર ધીંગાણું

(એજન્સી) ગોંડલ । તા. 15

મકરસંક્રાંતિના પવિત્ર પર્વે જ્યારે રાજ્યભરના લોકો પતંગબાજીના આનંદમાં હતા, ત્યારે ગોંડલના ભગવતપરા વિસ્તારમાં એક લોહિયાળ ખેલ ખેલાયો હતો. પતંગ ચગાવવા જેવી નજીવી બાબતે બે પરિવારો વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલીમાં તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરવામાં આવ્યો હતો. આ હિંસક અથડામણમાં ૩૦ વર્ષીય અનિલ લુણાસરિયા નામના યુવકનું મોત નીપજતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે તહેવારનો આનંદ માતમમાં ફેરવાઈ ગયો હતો.

અગાસી પર શરૂ થયેલો વિવાદ હત્યામાં પરિણમ્યો મળતી માહિતી મુજબ, ભગવતપરા ગેઈટ વાળી શેરીમાં બે પાડોશી પરિવારો પોતપોતાની અગાસી પર પતંગ ચગાવી રહ્યા હતા. આ દરમિયાન કોઈ વાતને લઈને બોલાચાલી શરૂ થઈ હતી, જે જોતજોતામાં લોહિયાળ અથડામણમાં ફેરવાઈ ગઈ હતી. બંને પક્ષના સભ્યો લાકડી અને તીક્ષ્ણ હથિયારો સાથે સામસામે આવી ગયા હતા. આ જૂથ અથડામણમાં અનિલ સહિત કુલ ૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. સારવાર મળે તે પહેલા જ યુવકે દમ તોડ્યો સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઘાયલોને સૌ પ્રથમ ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, અનિલ લુણાસરિયાની હાલત અત્યંત નાજુક હોવાથી તેને રાજકોટ રિફર કરવામાં આવ્યો હતો, પરંતુ રસ્તામાં જ તેણે દમ તોડી દીધો હતો. અન્ય ત્રણ ઈજાગ્રસ્તો હાલ રાજકોટની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પોલીસ છાવણીમાં ફેરવાયેલું ભગવતપરા મીડિયા અહેવાલ અનુસાર, હત્યાના આ બનાવની જાણ થતા જ ગોંડલ પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. વિસ્તારમાં તણાવભરી સ્થિતિને જોતા વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

## સુરત પતંગ દોરી અકસ્માત મોત: કાતિલ દોરીએ 4 જિંદગી છીનવી, એક જ પરિવારના 3 સભ્યોના મોત



સુરત | સુરતમાં આ વર્ષની ઉત્તરાયણ અનેક પરિવારો માટે કયામત બનીને આવી છે. ૧૪મી જાન્યુઆરીના રોજ પતંગની જીવલેણ દોરીના કારણે અલગ-અલગ બે ભયાનક દુર્ઘટનાઓમાં કુલ ૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. સૌથી હૃદયદ્રાવક ઘટના ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર બની હતી, જ્યાં એક હસતો-રમતો પરિવાર બ્રિજ પરથી નીચે પટકાયા બાદ કાળનો કોળિયો બની ગયો હતો. બ્રિજ પરથી નીચે ખાબક્યો આખો પરિવાર મળતી માહિતી મુજબ, ૩૫ વર્ષીય રેહાન પોતાની પત્ની રેહાના અને ૭ વર્ષની પુત્રી આયેશા સાથે સુભાષ ગાર્ડન ફરીને બાઈક પર પરત ફરી રહ્યા હતા. વેડ રોડ અને અડાજણને જોડતા ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર અચાનક પતંગની દોરી આડી આવતા રેહાને બાઈક પરથી સંતુલન ગુમાવ્યું હતું. બાઈક ડિવાઈડર સાથે અથડાતા ત્રણેય સભ્યો બ્રિજ પરથી નીચે પટકાયા હતા.

## જીવતા કરચલા ચઢાવવાની પરંપરા અનોખી, પિતૃ તર્પણ અને મોક્ષ વિધિ માટે પવિત્ર સ્થળ

# રામનાથ ઘેલા મહાદેવ મંદિર સુરત અનોખી શ્રદ્ધાનો સંગમ

(એજન્સી) સુરત । તા. 15

ભારત દેશમાં શિવ ભક્તિના અનેક સ્વરૂપો જોવા મળે છે, પરંતુ ડાયમંડ સિટી સુરતમાં એક એવું અનોખું શિવાલય આવેલું છે જેની પરંપરા જાણીને તમે દંગ રહી જશો. સુરતના ઉમરા વિસ્તારમાં તાપી નદીના કિનારે બિરાજતા 'રામનાથ ઘેલા મહાદેવ' ના સાનિધ્યમાં ભક્તો દૂધ કે જલાભિષેક ઉપરાંત ભગવાન શિવને જીવતા કરચલા અર્પણ કરે છે. વર્ષમાં માત્ર એક જ દિવસ એટલે કે પોષ વદ એકાદશીના દિવસે આ અદભૂત નજારો જોવા મળે છે, જ્યાં હજારોની સંખ્યામાં ભક્તો પોતાની અનોખી માનતા પૂરી કરવા ઉમટી પડે છે. લોકવાયકા અને શ્રદ્ધાળુઓના અનુભવ મુજબ, રામનાથ ઘેલા મહાદેવના દરબારમાં કાનને લગતી ગંભીર બીમારીઓ દૂર કરવાની અતૂટ શ્રદ્ધા જોડાયેલી છે. જે ભક્તોને કાનમાં સાંભળવાની તકલીફ હોય અથવા અન્ય કોઈ શારીરિક વ્યાધિ હોય, તેઓ અહીં બાધા રાખે છે.



જ્યારે આ બીમારી દૂર થાય છે, ત્યારે ભક્તો પોષ વદ એકાદશીના પવિત્ર દિવસે જીવતા કરચલા લાવીને શિવલિંગ પર અર્પણ કરે છે. આસ્થા અને વિજ્ઞાનના સમન્વયની વાત કરીએ તો, લોકોનું માનવું છે કે કરચલાના અંગોની રચના અને કાનની આંતરિક રચનામાં સામ્યતા હોવાથી આ પરંપરા સદીઓથી ચાલી આવે છે.

આ મંદિરનું નામ 'રામનાથ ઘેલા' પડવા પાછળ એક અત્યંત રસપ્રદ પૌરાણિક કથા છે. જ્યારે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ વનવાસ દરમિયાન દક્ષિણ તરફ જઈ રહ્યા હતા, ત્યારે તેમણે તાપી નદીના કિનારે પિતૃઓના મોક્ષાર્થે પૂજા અને તર્પણ વિધિ કરી હતી. પૂજા માટે બ્રાહ્મણની ગેરહાજરીમાં રામજીએ સમુદ્ર દેવને સ્તુતિ કરી હતી, જેનાથી પ્રસન્ન થઈ સમુદ્ર દેવ સ્વયં બ્રાહ્મણ સ્વરૂપે પ્રગટ થયા હતા. પૂજા દરમિયાન સમુદ્રના મોજાં સાથે અનેક જીવતા કરચલા શિવલિંગ પર ચઢી ગયા હતા. આ દ્રશ્ય જોઈ ભગવાન રામ શિવ ભક્તિમાં એટલા લીન એટલે કે 'ઘેલા' બની ગયા કે મંદિરનું નામ રામનાથ ઘેલા પડ્યું.

### શ્રદ્ધાળુઓનો મહાસાગર અને પિતૃ તર્પણનું મહત્વ

ઉત્તરાયણ પર્વના પવિત્ર દિવસોમાં આ મંદિરનું મહત્વ અનેકગણું વધી જાય છે. તાપી નદી, જે સૂર્યપુત્રી માનવામાં આવે છે, તેના કિનારે આવેલું આ મંદિર કાશી જેવું જ પવિત્ર માનવામાં આવે છે. પિતૃઓના મોક્ષ માટે અહીં 'નારાયણ બલિ' અને અન્ય વિશેષ વિધિઓ કરાવવા માટે માત્ર ગુજરાત જ નહીં, પરંતુ મુંબઈ અને દિલ્હી જેવા મોટા શહેરોમાંથી પણ હજારો લોકો આવે છે. ૧૪ જાન્યુઆરીના રોજ વહેલી સવારથી જ ભક્તોની કિલોમીટર લાંબી લાઈનો જોવા મળી હતી, જેમાં ભક્તોએ પિતૃઓના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

### પરંપરા અને પર્યાવરણનો સમન્વય

જોકે જીવતા કરચલા ચઢાવવાની પ્રથા પર્યાવરણવાદીઓ માટે ચર્ચાનો વિષય બને છે, પરંતુ ભક્તો માટે આ વર્ષો જૂની અતૂટ આસ્થા છે. મંદિર પ્રશાસન અને સ્થાનિક બ્રાહ્મણોના જણાવ્યા અનુસાર, આ પ્રથા પાછળનો હેતુ જીવમાત્રના ઉદ્ધારનો છે. સુરતની સંસ્કૃતિમાં વણાયેલું આ મંદિર આજે પણ શ્રદ્ધા અને આશ્ચર્યનું કેન્દ્ર બની રહ્યું છે.

## સુરત સરથાણા નેચર પાર્ક ભીડ

# ઉત્તરાયણની રજામાં 24 હજારથી વધુ મુલાકાતીઓ ઉમટ્યા

(એજન્સી) સુરત । તા. 15

સુરતીઓ માટે ઉત્તરાયણ એટલે માત્ર પતંગબાજી જ નહીં, પરંતુ પરિવાર સાથે મનોરંજનની પળો માણવાનો પણ પર્વ છે. આ વર્ષે ઉત્તરાયણની રજામાં સુરતના સરથાણા નેચર પાર્ક ખાતે મુલાકાતીઓનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો હતો. પતંગોથી રંગાયેલા આકાશ વચ્ચે હજારો સુરતીઓએ તાપી નદીના કિનારે આવેલા પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લેવાનું પસંદ કર્યું હતું, જેના પરિણામે સુરત મહાનગરપાલિકાને રેકોર્ડબ્રેક આવક થઈ છે.

વીકેન્ડ કરતા ચાર ગણો ધસારો સામન્ય રીતે સરથાણા નેચર પાર્કમાં મંગળવારથી શુક્રવાર દરમિયાન દરરોજના ૧ થી ૧.૫ હજાર મુલાકાતીઓ આવતા હોય છે, જ્યારે શનિ-રવિમાં આ આંકડો ૫ હજાર સુધી પહોંચે છે. જોકે, ઉત્તરાયણના દિવસે આ તમામ રેકોર્ડ તૂટી ગયા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એક જ દિવસમાં ૨૪,૩૮૮ મુલાકાતીઓ ઉમટી પડ્યા હતા, જે વીકેન્ડ કરતા પણ ચાર ગણી સંખ્યા છે. મુલાકાતીઓની આ ભીડને કારણે પાલિકાને ૭.૨૨ લાખ રૂપિયાની આવક થઈ હતી.

૮૧ એકરમાં ફેલાયેલું સુરતીઓનું હોટ ફેવરિટ સ્પોટ મીડિયા અહેવાલ અનુસાર, સુરત-કામરેજ રોડ પર ૮૧ એકરમાં ફેલાયેલું આ ગુજરાતનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય સુરતીઓ માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. દિવાળી અને ઉનાળુ વેકેશન જેવો માહોલ આ વખતે ઉત્તરાયણમાં જોવા મળ્યો હતો. નેચર પાર્કમાં મુલાકાતીઓની સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે પાલિકાના સ્ટાફે પણ ભારે જહેમત ઉઠાવી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે.

**કર્ક : ડ. હ.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ડૂંસી નાખી.

**સિંહ : મ. ટ.**

તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહેતા નહીં ખાસ કરીને શરાબ ટાળજો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ.

**કન્યા : પ. ઠ. ણ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ, લાલચ, જોડાણ, અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે.

**તુલા : ર. ત.**

ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**મકર : ખ. જ.**

નિયત સમયાંતરે ઊભા થનારા અંતરાયો કેટલીક સમસ્યાઓ ઊભી કરશે. તમારા ચેત્તાતંત્રને કાયર્યશીલ રાખવા માટે સંપૂર્ણ આરામ લો. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશો કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

### 1962 માં કોલ આવતા

# રાજપીપળા પશુ દવાખાનામા આવેલા ઈજાગ્રસ્ત કબુતર ને સારવાર અપાઈ

ભરત શાહ, નર્મદા :

ઉત્તરાયણ પર્વ માં પતંગ રસિયાઓ એ તો પતંગ ઊડાડવાની મઝા માણી પરંતુ પતંગ ના દોરા થી દર વર્ષની માફક ઘાયલ થયેલા પક્ષીઓ ની દશા ખરાબ થઈ હતીમળતી વિગતો અનુસાર રાજપીપળા શહેર માં આજે હજારો ની સંખ્યા માં પતંગો આકાશ માં ઉડી અને કાઈપો છે ની બૂમો સાથે પતંગ રસિયાઓ એ અગાસી ઉપર પતંગો ઉડાડી સાથે ઊંધિયું, જલેબી ની પણ મોજ માણી ત્યારે ઉત્તરાયણ ના બે દિવસો માં ઉડતી પતંગો થી આકાશ માં ઉડતા પક્ષીઓ ઘાયલ થતા હાલત ખરાબ થઈ અને પશુ હેલ્પલાઈન ની 1962 સેવા દ્વારા સારવાર અપાઈ જેમાં આજરોજ રાજપીપળા ના પશુ દવાખાને 1962 થકી



આવેલા એક ઈજાગ્રસ્ત કબુતર ને પતંગ ના દોરા થી ગંભીર ઈજા થતા ડોક્ટરે યોગ્ય સારવાર આપી જીવતદાન આપ્યું હતું. જોકે આ એક કબૂતર રાજપીપળા નું હતું ત્યારે આખા નર્મદા જિલ્લામાં કુલ કેટલા પક્ષીઓ ઘાયલ થયા હશે એ હજુ જાણી શકાયું નથી.

બોક્ષ : રાજપીપલા માં જાહેરનામા નો ભંગ, ચાઈનીઝ દોરી વપરાઈ અને તુક્કલો પણ ઉડ્યા ચાઈનીઝ દોરી અને તુક્કલોનું નર્મદા જિલ્લા કલેક્ટરનું જાહેરનામું અને નર્મદા પોલીસ, વન વિભાગ નું ચેકીંગ છતાં રાજપીપલા માં આ જાહેરનામાનો ભંગ કરીને પણ લોકોએ દોરી વાપરી અને તુક્કલો પણ ઉડાડ્યા હતા. રાજપીપળાના બજારો માંથી તંત્ર ના ચેકીંગમાં એક પણ તુક્કલો કે દોરી ઝડપાયા નથી છતાં રાજપીપળામાં તુક્કલો ઉડ્યા એટલે લોકો બહારથી પંતગો લાવતા હશે જેમાં લોકો એ વેચાણ કર્યું અને વાપર્યા પણ.

## મોંઘવારી નો માર : રાજપીપળા શહેરમાં ઉત્તરાયણ પર્વમાં ઊંધિયું જલેબી ની ઘરાકી ડીમ જોવા મળી

ભરત શાહ | નર્મદા

રાજપીપળા શહેર માં વર્ષોથી જાણીતા મીઠાઈના વેપારી છગનભાઈ પુરોહિતની પ્રખ્યાત દુકાન પુરોહિત સ્વીટમાં આજે ઉત્તરાયણ પર્વમાં દર વર્ષની જેમ ઊંધિયું જલેબી ની ખરીદી મા ગ્રાહકો ની ખાસ ભીડ જોવા મળી ન હતી.



રાજપીપળા સહીત નર્મદા જિલ્લામાં અનેક દુકાનો તેમજ લારીઓ પર ઊંધિયા જલેબીનું વેચાણ થાય છે છતાં અમુક ખાસ અને વિશ્વાસપાત્ર જાણીતી જગ્યાઓ પર ગ્રાહકોની ભીડ રહે છે ત્યારે આજે એકજ દિવસમાં રાજપીપળાના લોકો લાખો રૂપિયાના ઊંધિયા જલેબી ખાઈ ઉત્તરાયણ ની મજા માણી હતી, આ ખરીદી માટે રાજપીપળા ના બજારોમાં ભારે ટ્રાફિક પણ જોવા મળ્યો માટે રાજપીપળા પોલીસે ઠેર ઠેર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દીધો હતો. જોકે હાલ મોંઘવારી ના માર વચ્ચે દર વર્ષ કરતા ગ્રાહકો ની સંખ્યા ઘટેલી જોવા મળી હતી. પરંતુ ગ્રામ્ય વિસ્તારના લોકો બાળકો સાથે રાજપીપળા માં ખરીદી માટે જરૂર આવ્યા હતા.

### નાના ભુલકાંઓએ પતંગના બદલે ફુગાથી પેજ લડાવ્યા

## ચાણસ્મા પતંગબજારમાં રથી અઢી કરોડના દોરી પતંગ વેચાયા

નિતીન ઠાકર ચાણસ્મા | ઉત્તરાયણના દિવસે ચાણસ્મા નગરના ધાબા પર એ કાપ્યો લપેટ. જેવી બુમો પાડી પતંગરસીયાઓ એ પેજ લડાવતા જોવા મળી રહ્યા હતા મોટેરાઓની સાથે નાના બાળકો ફુગાઓથી પેજ લગાવી ઉત્તરાયણનો આનંદ માણી રહ્યા હતા જ્યારે ચાણસ્મા નગરના પતંગ બજાર માંથી બેથી અઢી કરોડના પતંગ દોરીનો જંગી વેપાર થયો હોવાનો નજીકના સુત્રોએ જણાવ્યું હતું જ્યારે ફાફડા જલેબી



ઉંધીયું ખરીદવા માટે સવારથી નગરજનો સ્વીટ માર્ટ સ્ટોરે ઉમટી પડતાં ચાણસ્મા બજારમાં મેળા જેવો માહોલ જામ્યો હતો.

### ચાણસ્મા નગરમાં હાર્ટએટેકથી 3 વ્યકિત ના નિધન થતાં ચાણસ્મા નગરમાં હાયકારો થયો

નિતીન ઠાકર ચાણસ્મા | એક યુવક બે વૃદ્ધ મળી ત્રણ હાર્ટએટેકનો ભોગ બન્યા. એક બાજુ ઠંડીએ બરાબર જમાવટ કરી ત્યારે બીજી બાજુ ચાણસ્મા નગરના.૧૭ કલાકમાં અલગ અલગ વિસ્તારમાં ૧ યુવક બે-વૃદ્ધો સહિત ત્રણ વ્યક્તિઓ હાર્ટએટેક થી મોતને ભેટતાં ચાણસ્મા નગરમાં સન્નાટો છવાયો છે હરતા કરતા ત્રણેય વ્યક્તિઓ હાર્ટએટેકથી મોતને ભેટતાં ચાણસ્મા નગર શોકમગ્ન બન્યું છે જેમાં (૧) ચંદ્રકાંતભાઈ (મુન્નાભાઈ) પટેલ ઉવ ૩૭ વર્ષ મુળજી પરૂ (૨) વિષ્ણુભાઈ (મસાલાવાળા) ઉ.વ.૪૩ (આશરે) બોરવાડી (૩) પુનાભાઈ રાવળ ઉં.વ.૭૫ (આશરે) જેમાં વિષ્ણુભાઈ ઉત્તરાયણના દિવસે બપોરે ૨ વાગે ચંદ્રકાંત્ ભાઈ વાસી ઉત્તરાયણના દિવસે વહેલી સવારે ૫વાગે ત્યારે પુનાભાઈ રાવળ સવારે૯-વાગે હાર્ટએટેકથી નિધન થયું હતું.

### સાગબારાના ભાદોડ ગામે

## જુગાર રમતા ૦૯ જુગારીયાઓને મુદ્દામાલ સાથે પકડી પાડતી સાગબારા પોલીસ

ભરત શાહ, નર્મદા : તા. ૧૫ નર્મદા જિલ્લામાં ઉત્તરાયણ ના દિવસે જ જુગાર રમતા કેટલાક જુગારીઓ પર સાગબારા પોલીસે લાલ આંખ કરી છાપો મારતા નવ જુગારીઓ ને મુદામાલ સાથે ઝડપી પાડ્યા હતા.મળતી વિગતો અનુસાર વિશાખા ડબરાલ, પોલીસ અધિક્ષક નર્મદા નાઓ તરફથી પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી. જુગારની ગે.કા.પ્રવૃતિ નાબુદ કરી અસરકારક કામગીરી કરવા આપેલ સુચના આધારે આર.બી.દેવધા, નાયબ પોલીસ અધિક્ષક રાજપીપલા નાઓના માર્ગદર્શન હેઠળ જે.એમ.લટા ઇન્ચાર્જ પોલીસ



ઈન્સ્પેકટર સાગબારા પોલીસ સ્ટેશન તથા પોલીસ સ્ટાફના માણસો પ્રોહી/જુગારના વોચમા હતા તે દરમ્યાન બાતમી મળેલ કે, ભાદોડ ગામે આંબલીના ઝાડ નીચે જાહેરમા કેટલાક ઈસમો પત્તા પાનાનો હાર-જીતનો જુગાર રમે છે.

### રાજપીપળા પોલીસે

## જુનાકોટ વિસ્તાર માંથી 6 ઈસમોને રૂ.૯૦,૪૬૦/- ના જુગાર ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા



ભરત શાહ, નર્મદા : તા. ૧૫ રાજપીપળા જુનાકોટ વિસ્તારમાં જુગાર રમતા ઈસમોને પોલીસે મુદામાલ સાથે ઝડપી ગુનો દાખલ કર્યો છે. મળતી માહિતી અનુસાર વિશાખા ડબરાલ પોલીસ અધિક્ષક, નર્મદા નાઓએ ખાનગી બાતમીદારોનુ નેટવર્ક ઉભુ કરી અસામાજીક પ્રવૃત્તિ કરતા ઈસમોને શોધી પાડી તેમના વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સુચનાઓ અનુસંધાને રાજપીપલા પોલીસ સ્ટેશનના એસ.કે.ગામીત પોલીસ ઈન્સ્પેકટર નાઓ રાજપીપલા પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે, રાજપીપલા ટાઉનમાં જુનાકોટ વિસ્તારમા કેટલાક ઈસમો જુગાર રમે છે જેથી રાજપીપળા પોલીસે સ્થળ પર રેઈડ કરતા તમામ ઈસમોને સ્થળ પર કોર્ડન કરી પકડી પાડી સ્થળ પરથી રૂ.૧૮,૪૬૦/- તથા ચાર મોબાઈલ કિ.રૂ.૪૨,૦૦૦/- તથા મો.સા. નંગ-૦૧ કિ. રૂ.૩૦,૦૦૦/- કુલ કિ. રૂ.૯૦,૪૬૦/- ના મુદ્દામાલ તથા જુગારના સાહિત્ય સાથે જુગાર ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી છે.

જુગાર રમતા જુગારીઓ :- (૧) હર્ષદભાઈ ગોવિંદભાઈ વાળંદ ઉ.વ.૪૨ રહે.વડીયા તા.નાંદોદ જી.નર્મદા (૨) દીપકભાઈ શનુભાઈ વસાવા ઉ.વ.૪૨ રહે.રાજપીપલા જૂનાકોટ(૩) અમીતભાઈ પ્રવિણભાઈ પાટણવાડીયા ઉ.વ.૩૫ રહે.રાજપીપલા જુનાકોટ (૪) કનુભાઈ સુંદરભાઈ તડવી ઉ.વ.૪૫ રહે. રાજપીપલા કોલીવાડ

(૫) નરપત ગોવિંદભાઈ સોલંકી, રહે. હરિજનવાસ, રાજપીપળા (૬) શૈલેષ અંબુભાઈ પ્રજાપતિ, રહે. જુનાકોટ. રાજપીપળા નો સમાવેશ થાય છે.

# ચાણસ્મા ખાતે સિનીયર સીટીઝન્સ દેવચંદભાઈએ પોતાના ૭૫મા જન્મદિવસની અનોખી ઉજવણી કરી

નિતીન ઠાકર ચાણસ્મા

સાંઈ ધામ ગૌશાળાની ગાયોને ખાણનું નિરણ કર્યું શ્વાનના બચ્ચાને લાડુ ખવડાવ્યા જરૂરીયાતમંદ બાળકોને પતંગ દોરી આપી જન્મદિવસ ઉજવ્યો.

ચાણસ્મા ખાતે સરકારી સેવામાંથી નિવૃત થઈ જાહેર સેવા સાથે પોતાનું જીવન સમર્પિત કર્યું છે એવા સિનીયર સિટીઝન્સ દેવચંદભાઈ પટેલે પોતાના ૭૫માંજન્મદિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી ૧૪મી જાન્યુઆરી ૧૯૫૦માં જન્મેલા દેવચંદભાઈ પટેલ ના ૭૫મા





જન્મદિવસની ઉજવણી સાંઈ ધામ ગૌશાળાની ગાયોને ખાણનું નિરણ કર્યા બાદ શ્વાનના બરચાઓને લાડુ ખવડાવ્યા હતા સાથે જરૂરીયાતમંદ બાળકોને પતંગ-દોરી આપી જન્મદિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી જ્યારે તેમના શુભેરછકો દ્વારા દેવચંદભાઈ પટેલનું આરોગ નિરોગી રહે માટે ઉત્તરાયણના પવિત્ર દિવસે સૂર્યનારાયણને પ્રાર્થના કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચાણસ્મા પોલિશે રૂપપુર ગામની મંદિર ચોરીના આરોપીને ઝડપી મુદ્દામાલ રીકવર કર્યો

નિતીન ઠાકર ચાણસ્મા | પોલિસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા ત્થા પોલિશ અધિક્ષક પાટણ વિ કે. નાયી દ્વારા મિલકત સંબંધિત ગુનાઓ સંદર્ભે કાર્યવાહી કરવા જિલ્લાની પોલિશને સુચના આપતાં ચાણસ્મા પોલિશ મથકમાં નોંધાયેલ રૂપપુર ગામની મંદિર ચોરી ગુનાનો આરોપી ચાણસ્મા આવવાનો હોવાની ચાણસ્મા પોલિશને હકીકત મળતાં આરોપી આરોપી જીતુ જી સોવન જી રહે-રૂપપુરવાળો ચાણસ્મા આવતાં ચાણસ્મા પોલિશે સદર આરોપીને દબોચી લઈ રોકડ 5820/રોકડ ત્થા એક લોખંડની કુહાડી સાથે મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ પી.આઇ આર એચ સોલંકી એ હાથ ધરી છે ઉલ્લેખનીય છે કે આરોપી જીતુજી ઠાકોર રૂપપુર ગામના બ્રહ્માણી માતાજી ત્થા ગોગા મહારાજના મંદિરની દાનપેટી તોડી રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

## શ્યામ મહિલા મંડળ,જૂનાગઢ દ્વારા એક્યુપ્રેશર થેરાપી, ટ્રાફિક નિયમોની જાણકારી તથા મકરસંક્રાંતિની ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૫. તાજેતરમાં શ્યામ મહિલા મંડળ, જૂનાગઢ દ્વારા મહિલા મંડળની મીટીંગ યોજી હતી તેમાં વંથલીથી ક્રિષ્નાબેન ગોહિલને બોલાવી એક્યૂપ્રેસર થેરાપી તથા કલર થેરાપી અંગેની જાણકારી મેળવવામા આવી હતી.આ ઉપરાંતમા ટ્રાફિક અવેરનેસ સપ્તાહ ઉજવણીના ભાગ રૂપે મહિલાઓને ટ્રાફિકના નિયમોની જાણકારી મળી રહે તે માટે આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટરશ્રી બી.પી.ખુમાણએ અકસ્માતો રોકવા અને વાહનોના ટ્રાફિકને હળવો કરવા આપણે શું ભાગ ભજવી શકીએ તે અંગેની વિસ્તૃત માહિતી આપી હતી તેમજ ટ્રાફિક પી.આઇ. હુંબલ મેડમ દ્વારા ટ્રાફિકના નિયમો તોડવાથી સજા અને દંડની જોગવાઇ અંગેની માહિતી આપવામા આવી હતી સાથે સાથે બહેનોને મુશ્કેલીના સમયમાં પોલીસ ડિપાર્ટમેન્ટ તરફથી કેવી કેવી મદદ મળી શકે છે અને ક્યાં નંબર પરથી કઈ મદદ મળી શકે છે તેની વિસ્તૃત



માહિતી પણ આપવામાં આવી હતી ત્યારે સૌ ઉપસ્થિત બહેનોએ આ માહિતી આવકારી હતી.મકરસંક્રાંતિના દિવસે શ્યામ મહિલા મંડળ દ્વારા મમરાના લાડુ, તલની ચીકી માંડવીની ચીકી સાથે વિવિધ 11 વસ્તુઓના 225 પેકેટ તેમજ પતંગ,દોરા વિગેરે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વિતરણ કરવામાં આવેલ.તા. ૧૨-૦૧-૨૦૨૬ને સોમવારનાં રોજ શ્યામ વાડી ખાતે,ખાતે મહિલા મંડળના પ્રમુખશ્રી મીનાબેન ગોહેલની ઉપસ્થિતિમાં એક મિટિંગનું આયોજન કરવામાં આવેલ, આ મિટિંગમાં મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી.

### કાર્યક્રમનું સંચાલન ડૉ.પ્રિતીબેન પટેલે કર્યું

## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વઘઈ ખાતે "ઈન્ડિયન આર્મી ડે"ની ઉજવણી...



ડાંગ | ડાંગની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વઘઈ ખાતે આચાર્ય ડૉ.જે.એમ ભોયાનાં માર્ગદર્શન અને અધ્યક્ષપણા હેઠળ 'ઈન્ડિયન આર્મી ડે' ની ઉજવણી કરવામાં આવી.આ સમારંભમાં નોર્થ ઈસ્ટ ખાતે સૈન્ય સેવામાં ફરજ બજાવી ચૂકેલ હેડ કોન્સ્ટેબલ મનોજભાઈ ચૌધરીનું પુષ્પ અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ.અહી આચાર્ય ડૉ.જે.એમ ભોયાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે આપણો દેશ આજે જે સુરક્ષિત અને સ્વતંત્ર છે તેની પાછળ આપણા સૈનિકોની અદમ્ય હિંમત અને બલિદાન છુપાયેલું છે ,'સેવા પરમો ધર્મ ' એ માત્ર સૂત્ર નથી પરંતુ ભારતીય સૈનિકોનું જીવનમંત્ર છે. સૈનિકોના શૌર્યને બિરદાવવુ દરેક ભારતીયની નૈતિક ફરજ છે.IQAC કો ઓર્ડિનેટ પ્રા.રાકેશભાઈ નાયકા દ્વારા 15 જાન્યુઆરી 1949 ભારતીય સેનાના ઈતિહાસમાં ઐતિહાસિક દિવસ ગણાવ્યો હતો. ભારતીય નેતૃત્વની શરુઆત, ઐતિહાસિક અને રાષ્ટ્રીય મહત્વ, દેશપ્રેમ, શિસ્ત,ફરજ ભાવના આ મૂલ્યોને જીવનમાં ઉતારવા વિધાર્થીઓને પ્રેરિત કર્યા હતા.મનોજભાઈ ચૌધરી પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે આ ફક્ત મારું સન્માન નથી પણ દરેક ભારતીય આર્મી,નેવી, એરફોર્સ સૈનિકોનું સન્માન છે. વિદ્યાર્થીઓને આર્મી જોડાવાની સાથે દેશની સુરક્ષામાં સહભાગી થવા પ્રેરણા આપી છે.

### સંનિષ્ઠ અધ્યાપકશ્રી બલરામ ચાવડાને સાહિત્ય સંશોધન માટે પ્રતિષ્ઠિત એવોર્ડ

# આચાર્ય બલરામ ચાવડાની કાગ એવોર્ડ માટે પસંદગી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૫. ડૉ.સુભાષ મહિલા કોલેજ, જૂનાગઢના આચાર્ય અને આપણી બહુશ્રુત જ્ઞાન પરંપરા તેમજ લોક પરંપરાના અભ્યાસુ વિવેચક, સંશોધક અને સંનિષ્ઠ અધ્યાપકશ્રી બલરામ ચાવડાને સાહિત્ય સંશોધન માટે પ્રતિષ્ઠિત કાગ એવોર્ડ માટે પસંદગી થતાં સૌરાષ્ટ્રના સાહિત્ય અને શિક્ષણ જગતમાં હર્ષ અને આનંદની લાગણી પ્રસરી છે. 'કાગ એવોર્ડ' કવિશ્રી દુલા ભાયા કાગ (કાગ બાપુ) ની પુણ્યતિથિએ ફાગણ સુદ-૪ને તા.૨૧, ફેબ્રુઆરીએ લોકકવિ કાગ બાપુના ફળિયે મજાદર ખાતે સહૃદય મોરારીબાપુની ઉપસ્થિતિમાં અપાશે. સાહિત્યક્ષત્રે પ્રદાન બદલ ડિસેમ્બર ૨૦૨૫માં અતુલ્ય વારસો આઈડેન્ટિટી એવોર્ડ એમને મળ્યો હતો. શ્રી બલરામ ચાવડાએ સાહિત્ય ક્ષેત્રે અનેકવિધ સિદ્ધિઓ અને સન્માન પ્રાપ્ત કર્યા છે. ખાસ તો સાહિત્ય, શિક્ષણ, સમાજ જીવન અને સાંસ્કૃતિક બહુવિધ ઉપક્રમને એમણે પોતાની કૂનેહ અને ઉમદા વ્યક્તિત્વથી સીંચ્યા છે. એમનો જન્મ સોરઠની જીવાદોરી સમી ઓજત નદીના કાંઠાળ વિસ્તારમાં આવેલા પંખીના માળા જેવા



ખૂંભડી ગામે થયો હતો. એમને સામાજિક નેતૃત્વ અને જનસેવાનો આદર્શ એમના રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલા પિતા પુંજાભાઈ ચાવડા પાસેથી અને સમજ સંસ્કાર લોકસાહિત્યની સરવાણી જેવા માતા લાડુબેન પાસેથી વારસામાં મળ્યાં છે.

માણાવદર ખાતે અધ્યાપક-આચાર્ય લેખે શરૂ થયેલી એમની તેજસ્વી કારકિર્દી દરમિયાન એમણે રાજકવિ વજમાલ મહેડુ (ચારણકવિ) એ વિષય ઉપર ડો.અંબાદાન રોહડીયાના માર્ગદર્શનમાં પી.એચડી. ની પદવી પ્રાપ્ત કરી છે તેમજ ચારણી સાહિત્યમાં ઉંડો અભ્યાસ કરીને એમણે ડિપ્લોમાની પદવી પણ મેળવી છે અને આમ ચારણ પરંપરાના અભ્યાસમાં ચારણેત્તર વિદ્વાનોની હરોળમાં એક મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. શિક્ષણક્ષેત્રે કાર્યરત બલરામભાઈએ એમના કાર્યકાળ દરમિયાન ૨૧ જેટલાં પુસ્તકો અને અનેક આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, રાજ્ય કક્ષાની કોન્ફરન્સ, સેમીનાર અને વર્કશોપમાં સક્રિય ભાગીદારી કરીને પોતાના વિત્ત અને અભ્યાસ નિષ્ઠાનો પરિચય આપ્યો છે. આ ઉપરાંત તેમણે વિવિધ યુનિવર્સિટીના માધ્યમથી પોતાની ગાઈડશીપ હેઠળ ૧૧ જેટલાં રિસર્ચ સ્કોલરનું માર્ગદર્શન કર્યું છે. તેમજ એમણે ઉચ્ચશિક્ષણમાં અનેક વિધ વિદ્યાર્થીલક્ષી પ્રવૃતિમાં જોડાઈને રાષ્ટ્રીય સંકલ્પો, પ્રકલ્પો અને યોજનાઓને વિદ્યા ઉપાસના સાથે જોડીને એમણે વિદ્યાર્થીઓમાં સ્વઓળખ અને રોજગારીની દિશામાં સભાન બને એ માટે અનેક નમૂનેદાર પ્રયાસો કર્યા છે. તેઓ શ્રી સરકારની તેમજ સ્વૈચ્છિક એવી અનેકવિધ સંસ્થાઓમાં સક્રિય રીતે સંકળાયેલા છે.

### મહિલા અને બાળ વિકાસ વિભાગ

## 181 અભયમ મહિલા હેલ્પલાઇન દ્વારા વર્ષ 2025 દરમિયાન પીડીત મહિલાઓને નવો સધીયારો...

ડાંગ | ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ અને ઇ.એમ.આર.આઇ ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા કાર્યાન્વિત 181 અભયમ મહિલા હેલ્પલાઈન ગુજરાતની પીડીત મહિલાઓ માટે આશીર્વાદરુપ બની રહી છે. મહિલાઓની શારિરીક, માનસિક, જાતીય સતામણી કે ઘરેલુ હિંસા સહિતની હેરાનગતીમાં અસરકારક કાઉન્સેલિંગ, સરકારની એજન્સીઓ સાથે સંકલન કરી મદદ, માર્ગદર્શન અને બચાવ કાર્ય કરે છે. લગ્નજીવનના વિખવાદો, પાડોશી સાથેના અણબનાવ, બિનજરૂરી કોલ મેસેજથી હેરાનગતી, છેડતી વગેરે કિસ્સાઓમાં મદદરૂપ બની દીન પ્રતિદિન મહિલાઓમાં વધુ વિશ્વાસ અને પ્રતિભાવ મેળવવામાં આવી રહેલ છે.જેથી આજે ગુજરાત સહિત છેવાડેની મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અભયમ એક સાચી સહેલી તરીકે બની રહી છે.જાન્યુઆરી 2025 થી ડિસેમ્બર 2025 દરમિયાન 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં મદદ માટે રાજ્યભરમાંથી કુલ 183520 કોલ આવેલ જેમાં 37780 જેટલા અતિ સંવેદન કિસ્સાઓમાં અભયમ ટીમ ઘટનાસ્થળે પહોચી મદદ, માર્ગદર્શન અને બચાવકાર્ય કરેલ છે જ્યારે અન્ય કિસ્સાઓમાં અસરકારક કાઉન્સેલિંગ, સરકારી એજન્સીઓ સાથે સંકલન કરી આશ્રય, જરૂરી સહયોગ અને સમાધાન કરાવેલ છે.

# પેટ્રોલના ખર્ચથી કંટાળ્યા? આ છે દેશની 5 સૌથી સસ્તી CNG કાર

**પેટ્રોલના વધતા ભાવ વચ્ચે સામાન્ય માણસ માટે કાર ચલાવવું મોંઘું સાબિત થઈ રહ્યું છે. જો તમે પણ તમારી પહેલી કાર ખરીદવાનું વિચારી રહ્યા છો અને તમારું બજેટ ₹6 થી ₹7 Lakh ની વચ્ચે છે, તો સીએનજી કાર (CNG Cars) તમારા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે**

**પેટ્રોલના વધતા ભાવ વચ્ચે સામાન્ય માણસ માટે કાર ચલાવવું મોંઘું સાબિત થઈ રહ્યું છે. જો તમે પણ તમારી પહેલી કાર ખરીદવાનું વિચારી રહ્યા છો અને તમારું બજેટ ₹6 થી ₹7 Lakh ની વચ્ચે છે, તો સીએનજી કાર (CNG Cars) તમારા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. આજે અમે તમને ભારતની એવી 5 કાર વિશે જણાવીશું જે માત્ર કિંમતમાં જ સસ્તી નથી, પરંતુ માઈલેજ (Mileage) માં પણ નંબર વન છે.**




## મારુતિ S-Presso CNG

મિની SUV નો અહેસાસ જો તમને ઓછી કિંમતે ઊંચી સીટિંગ પોઝિશન જોઈતી હોય તો મારુતિની S-Presso શ્રેષ્ઠ છે. જેની કિંમત: માત્ર 4.62 Lakh (એક્સ-શોરૂમ) થી શરૂ. તેનું એન્જિન: 1.0L K-Series પેટ્રોલ-CNG એન્જિન અને પાવર: 56 PS પાવર અને 82.1 Nm ટોર્ક છે માઈલેજ: 32.73 km/kg જે તેને અત્યંત પોસાય તેવી બનાવે છે. ફીચર્સ: 7-ઈંચ ટચસ્ક્રીન, એન્ડ્રોઈડ ઓટો, એપલ કારપ્લે અને ડ્યુઅલ એરબેગ્સ.

## મારુતિ અલ્ટો K10 CNG



માઈલેજની રાણી નાના પરિવાર માટે અલ્ટો હંમેશા પહેલી પસંદ રહી છે.કિંમત: 4.82 Lakh થી શરૂ.. તેનું એન્જિન: 998cc K10C એન્જિન અને માઈલેજ: 33.85 km/kg . સેફ્ટી: આ કાર હવે 6 Airbags, ABS અને EBD સાથે આવે છે, જે તેને સુરક્ષિત બનાવે છે. શહેરના ટ્રાફિક માટે આ બેસ્ટ કાર છે.

## ટાટા ટિયાગો CNG

સુરક્ષામાં નંબર વન જો તમારી પ્રાયોરિટી માઈલેજની સાથે મજબૂતી અને સેફ્ટી હોય તો ટાટા ટિયાગો શ્રેષ્ઠ છે.કિંમત: 5.49 Lakh થી શરૂ થયા છે અને એન્જિન: 1.2L Revotron એન્જિન જે 72 PS નો દમદાર પાવર આપે છે.
સેફ્ટી: આ કાર 4-Star GNCAP રેટિંગ સાથે આવે છે. ખાસિયત: તે મેન્યુઅલ અને AMT બંને વિકલ્પોમાં ઉપલબ્ધ છે.




## મારુતિ વેગન આર CNG

ફેમિલીની ફેવરિટ 'ટોલ બોય' ડિઝાઈન ધરાવતી વેગન આર સ્પેસ અને કમ્ફર્ટ માટે જાણીતી છે.કિંમત: 5.89 Lakh (એક્સ-શોરૂમ) થી શરૂ થયા છે. તેનું માઈલેજ: 34.05 km/kg અને ફીચર્સ હિલ હોલ્ડ આસિસ્ટ, 6 Airbags અને રીઅર પાર્કિંગ સેન્સર જેવા ફીચર્સ તેને લોંગ ડ્રાઈવ માટે પણ યોગ્ય બનાવે છે.




## સેલેરિયો CNG

સૌથી વધુ માઈલેજ જો તમારે સૌથી વધુ ઇંધણ બચાવવું હોય તો સેલેરિયોનો કોઈ મુકાબલો નથી. કિંમત: ₹5.98 Lakh થી શરૂ થયા છે તેનું માઈલેજ: 34.43 km/kg, જે તેને ભારતની સૌથી વધુ ફ્યુઅલ એફિશિયન્ટ CNG કાર બનાવે છે.બૂટ સ્પેસ: 313 Liters ની જગ્યા હોવાથી સામાન રાખવામાં સરળતા રહે છે. કીલેસ એન્ટ્રી અને ઓટો એસી જેવા પ્રીમિયમ ફીચર્સ પણ મળે છે.

# રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણીને 7.3 લાખ કરોડનો ફટકો પડ્યો

**731666404000... આ કોઈ નંબર નથી 'રકમ' છે ! મુકેશ અંબાણીને 7.3 લાખ કરોડનું નુકસાન થયું, રિલાયન્સના શેરને લઈને રોકાણકારોની ચિંતા વધી**



(એજન્સી) નવી દિલ્હી | તા 15

એશિયાના સૌથી ધનિક વ્યક્તિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણીને મોટો ઝટકો લાગ્યો છે. તાજેતરના દિવસોમાં તેમની સંપત્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ મોટા ઘટાડાથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં પણ ખાસ અસર જોવા મળી શકે છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી હવે $100 બિલિયન ક્લબમાંથી બહાર નીકળી ગયા છે. તેમની કુલ સંપત્તિ ઘટીને $99.6 બિલિયન થઈ ગઈ છે. આ આંકડો ચોંકાવનારો છે, કારણ કે તાજેતરમાં સુધી અંબાણી ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ હતા તેમજ વિશ્વના ટોચના ધનિક લોકોની યાદીમાં મજબૂત રીતે સ્થાન ધરાવતા હતા.આ વર્ષે મુકેશ અંબાણીની કુલ સંપત્તિમાં આશરે $8.12 બિલિયનનો ઘટાડો થયો છે. ભારતીય રૂપિયામાં આ રકમ આશરે 7.32 લાખ કરોડ જેટલી થાય છે. આ ઘટાડાનું મુખ્ય કારણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં તાજેતરમાં આવેલી નબળાઈ હોવાનું માનવામાં આવે છે. ટૂંકમાં, જેમ જેમ શેર પર દબાણ વધતું ગયું તેમ તેમ અંબાણીની વ્યક્તિગત સંપત્તિમાં પણ ઘટાડો થવા લાગ્યો. તાજેતરમાં, મંગળવારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં 1 ટકાથી વધુનો ઘટાડો થયો હતો. આ એક દિવસના ઘટાડાથી મુકેશ અંબાણીની સંપત્તિમાં આશરે $2.07 બિલિયન જેટલો ઘટાડો થયો છે. જો કે, બીજા દિવસે બુધવારે શેરમાં થોડો સુધારો જોવા મળ્યો. બુધવારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર 1,459 પર ટ્રેડ થતાં જોવા મળ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટ કેપ ઘટીને 19,74,117 કરોડ થઈ છે. કંપનીના શેરનો 52 અઠવાડિયાનો હાઈ 1611.20 રહ્યો છે, જ્યારે સૌથી નીચું સ્તર 1,115.55 રહ્યું છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે, છેલ્લા એક વર્ષમાં શેરમાં નોંધપાત્ર અસ્થિરતા જોવા મળી છે, જેની સીધી અસર રોકાણકારો અને પ્રમોટરની સંપત્તિ પર પડી છે. જો દુનિયાના અમીરોની યાદીમાં નુકસાન ભોગવનારાઓની વાત કરીએ તો, મુકેશ અંબાણી આ વર્ષે બીજા સૌથી મોટા લૂઝર તરીકે સામે આવ્યા છે. હવે ફક્ત મેટા પ્લેટફોર્મ્સના સીઈઓ માર્ક ઝુકરબર્ગ જ તેમનાથી આગળ છે, જેમની કુલ સંપત્તિમાં આ વર્ષે લગભગ $9.84 બિલિયનનો ઘટાડો થયો છે. તેમ છતાંય, ઝુકરબર્ગની કુલ સંપત્તિ હજી પણ 223 બિલિયન ડોલર આસપાસ છે અને તેઓ દુનિયાના અમીરોની યાદીમાં છઠ્ઠા સ્થાન પર જ રહે છે.બીજી તરફ બ્લૂમબર્ગની સૌથી અમીર વ્યક્તિઓની યાદીમાં પ્રથમ નંબર પર એલન મસ્કનું નામ છે. આ વર્ષે એલન મસ્કની સંપત્તિમાં આશરે 20.9 બિલિયન ડોલરનો વધારો થયો છે અને તેમની કુલ સંપત્તિ લગભગ 640 બિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે. ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની વાત કરીએ તો, તે 81 બિલિયન ડોલરની નેટવર્થ સાથે આ યાદીમાં 21મા સ્થાન પર છે.મુકેશ અંબાણીની નેટવર્થ અને રિલાયન્સના શેરમાં ઘટાડા વચ્ચે રોકાણકારો હવે કંપનીના ત્રિમાસિક પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ 16 જાન્યુઆરી, શુક્રવારના રોજ તેના ઓક્ટોબર-ડિસેમ્બર, ત્રીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે. આ પરિણામ શેરની ભાવિ દિશા નક્કી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. નિષ્ણાતો કંપનીની આવકમાં પાછલા ક્વાર્ટરની સરખામણીમાં આશરે 1 ટકાનો વધારો થવાની અપેક્ષા રાખે છે. EBITDA 4.6 ટકા વધીને 47,997 કરોડ થવાનો અંદાજ છે, જે પાછલા ક્વાર્ટરમાં 45,885 કરોડ હતો. ઓપરેટિંગ માર્જિન 18 ટકાથી વધીને 18.7 ટકા થવાની ધારણા છે.

> મુકેશ અંબાણીની નેટવર્થ અને રિલાયન્સના શેરમાં ઘટાડા વચ્ચે રોકાણકારો હવે કંપનીના ત્રિમાસિક પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ 16 જાન્યુઆરી, શુક્રવારના રોજ તેના ઓક્ટોબર-ડિસેમ્બર, ત્રીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે. આ પરિણામ શેરની ભાવિ દિશા નક્કી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે

# 943% જેટલું રિટર્ન આપનારી કંપનીએ કરી મોટી જાહેરાત

**એક શેર પર રોકાણકારોને ₹35 નું તગડું ડિવિડન્ડ મળવા જઈ રહ્યું છે. ખાસ વાત એ છે કે, આ BSE સ્મોલકેપ કંપનીએ છેલ્લા 5 વર્ષમાં 943% જેટલું રિટર્ન આપ્યું છે**

(એજન્સી) નવી દિલ્હી | તા 15

BSE સ્મોલકેપ કંપની તેના શેરધારકોને ભેટ આપવા જઈ રહી છે. કંપનીએ નાણાકીય વર્ષ 2026 માટે પ્રતિ શેર 35 ના બીજા વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરી છે. આ ડિવિડન્ડ એવા રોકાણકારોને આપવામાં આવશે કે, જેમના નામ 16 જાન્યુઆરી, 2026 સુધી કંપનીના રેકોર્ડમાં નોંધાયેલા હશે. કંપનીએ 6 જાન્યુઆરી, 2026 ના રોજ યોજાયેલી તેની બોર્ડ મીટિંગમાં આ નિર્ણય લીધો હતો. આ સ્મોલકેપ કંપનીના શેરની ફેસ વેલ્યુ 10 છે અને આ ડિવિડન્ડ હેઠળ, કંપની તેના શેરધારકો વચ્ચે કુલ રૂ. 10.90 કરોડનું વિતરણ કરશે. આ ડિવિડન્ડ 5 ફેબ્રુઆરી, 2026 સુધીમાં ચૂકવવામાં આવશે. નોંધનીય છે કે, કંપનીએ અગાઉ નાણાકીય વર્ષ 2025 માટે પ્રતિ શેર 30 ના વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરી હતી. આનો અર્થ એ થયો કે, શેરધારકોને સતત બીજા વર્ષે સારું રિટર્ન મળી રહ્યું છે. હાલમાં, આ સ્મોલકેપ કંપનીનું માર્કેટ કેપ આશરે 951 કરોડ છે અને તેના શેરની કિંમત લગભગ 3,069.00 ની આસપાસ છે. 05 વર્ષમાં, કંપનીએ તેના રોકાણકારોને 943% જેટલું રિટર્ન આપ્યું છે.TAAL Tech નું જૂનું નામ TAAL Enterprises Limited હતું. આ એક એન્જિનિયરિંગ સર્વિસ કંપની છે, જેમાં પ્રમોટર્સ 50.80% હિસ્સો ધરાવે છે. જો કે, છેલ્લા 06 મહિનામાં આ શેર લગભગ 11% ઘટ્યો છે. BSE પર શેરનો 52 અઠવાડિયાનો હાઈ 4,344 રૂપિયા અને લો 2,100 રૂપિયા રહ્યો છે, જ્યારે તેમાં 20 ટકાની સર્કિટ લિમિટ લાગુ છે.

# કંપનીના IPOનું લિસ્ટિંગ ટળ્યું હવે આ દિવસે માર્કેટમાં થશે એન્ટ્રી

(એજન્સી) નવી દિલ્હી | તા 15

કંપનીના આઈપીઓમાં 13 જાન્યુઆરીના રોજ સબ્સ્ક્રિપ્શન બંધ થયા. તે સરકારી કંપની દ્વારા અત્યાર સુધીનો સૌથી વધુ સબ્સ્ક્રાઈબ કરાયેલ IPO બનવાથી થોડો દૂર રહ્યો. સરકારી માલિકીની માઈનિંગ કંપની કોલ ઈન્ડિયાની પેટાકંપની ભારત કોકિંગ કોલ લિમિટેડનું શેરબજારમાં લિસ્ટિંગ હાલમાં મુલતવી રાખવામાં આવ્યું છે. શરૂઆતમાં 16 જાન્યુઆરીના રોજ લિસ્ટિંગ થવાનું હતું પણ હવે કંપનીનું લિસ્ટિંગ 19 જાન્યુઆરી સુધી મુલતવી રાખવામાં આવ્યું છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ચૂંટણીઓને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. BMC ચૂંટણીના પરિણામો 16 જાન્યુઆરી, 2026ના રોજ જાહેર કરવામાં આવશે. આ કારણે લિસ્ટિંગની તારીખ બદલવામાં આવી છે. કંપનીના આઈપીઓમાં 13 જાન્યુઆરીના રોજ સબ્સ્ક્રિપ્શન બંધ થયા. તે સરકારી કંપની દ્વારા અત્યાર સુધીનો સૌથી વધુ સબ્સ્ક્રાઈબ કરાયેલ IPO બનવાથી થોડો દૂર રહ્યો. ફક્ત રાજ્યની માલિકીની સંરક્ષણ કંપની માઝાગોન ડોકને વધુ સારો પ્રતિસાદ મળ્યો. NSEના ડેટા મુજબ રૂપિયા 1,071 કરોડનો IPO 146.8 વખત સબસ્ક્રાઈબ થયો હતો. રોકાણકારોએ 3 દિવસના બિડિંગ સમયગાળા દરમિયાન 5,093 કરોડ શેર માટે બિડ મૂકી હતી, જ્યારે ઓફર પર 34.69 કરોડ શેર હતા. આ IPOમાં સંસ્થાકીય રોકાણકારોનો હિસ્સો સૌથી મોટો હતો, તેમના હિસ્સાએ કુલ 310.8 ગણો વધારો કર્યો હતો. જ્યારે 79.1 મિલિયન શેર તેમના માટે અનામત રાખવામાં આવ્યા હતા, ત્યારે તેમણે આશરે 24.6 અબજ શેર માટે બોલી લગાવી હતી. રિટેલ રોકાણકારોએ તેમના ક્વોટાને લગભગ 49 ગણો ઓવરસબ્સ્ક્રાઈબ કર્યો. સામાન્ય રીતે સ્થિર ગણાતી કર્મચારી શ્રેણીમાં પણ મજબૂત પ્રતિસાદ જોવા મળ્યો, જેમાં શ્રેણી 5 ગણી સબ્સ્ક્રાઈબ થઈ. વધુમાં, શેરધારકોની શ્રેણીમાં પણ મજબૂત માગ જોવા મળી, જેમાં હિસ્સો 87 ગણો સબ્સ્ક્રાઈબ થયો. બજાર નિષ્ણાતોના મતે આ IPOમાં રોકાણકારોની ભાગીદારી અસાધારણ હતી. અંદાજે 9 લાખ અરજીઓ મળી હોવાનો અંદાજ છે. આ આંકડો PSU IPOમાં રોકાણકારોમાં વ્યાપક રસ દર્શાવે છે. ગ્રે માર્કેટ પ્રીમિયમ પણ મજબૂત લિસ્ટિંગનો સંકેત આપે છે. IPOની માગથી લિસ્ટિંગ માટેની અપેક્ષાઓ વધુ મજબૂત બની છે. ગ્રે માર્કેટમાં ભારત કોકિંગ કોલનો પ્રીમિયમ 14 રૂપિયા સુધી પહોંચી ગયો છે.



# એલોન મસ્કની સ્ટારલિંક કેવી રીતે બની રહી છે યુદ્ધો અને વિરોધ પ્રદર્શનો માટે ગેમ-ચેન્જર?

(એજન્સી) નવી દિલ્હી | તા 15

ઈરાનમાં, સરકારે ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર લગભગ સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો છે. પરંતુ સ્ટારલિંક હજુ પણ કાર્યરત છે. એલોન મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા, સ્ટારલિંક, હવે ફક્ત એક ટેકનોલોજી પ્રોડક્ટ નથી રહી. તે વિશ્વભરમાં વિરોધ પ્રદર્શનોને આકાર આપતી મોટી શક્તિ બની છે. તે વિવિધ દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધો, વિરોધ પ્રદર્શનો અને સરકારી નિયંત્રણ સાથે જોડાયેલ મુખ્ય વૈશ્વિક મુદ્દો બની રહી છે. ઈરાનમાં, સરકારે ઈન્ટરનેટ પર લગભગ સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો છે. ત્યાં સોશિયલ મીડિયા, યુટ્યુબ અને ઘણી વેબસાઈટ્સ પર પ્રતિબંધ છે. નિયમિત ઈન્ટરનેટ કંપનીઓના કેબલ અને મોબાઈલ ટાવર સરકારી નિયંત્રણ હેઠળ છે. જેના કારણે તે સરળતાથી બંધ થઈ જાય છે. આજે પણ, ઈરાનના કેટલાક વિસ્તારોમાં સ્ટારલિંક ઈન્ટરનેટ ઉપલબ્ધ છે. જોકે, ઈરાને સત્તાવાર રીતે સ્ટારલિંકને મંજૂરી આપી નથી અને સ્ટારલિંક ટર્મિનલનો ઉપયોગ કરતા કોઈપણ વ્યક્તિ પકડાય તો તેને કેદ અથવા તો કડક સજા થઈ શકે છે. અહેવાલો અનુસાર, ઈરાની સરકાર સ્ટારલિંક વપરાશકર્તાઓ પર નજર રાખી રહી છે જેથી વિડિઓ અને માહિતી બહારની દુનિયા સુધી પહોંચે નહીં. સ્ટારલિંક ટર્મિનલ લગભગ લેપટોપના કદના છે. આ બધા ટર્મિનલ ઈરાનમાં દાણચોરી કરીને લાવવામાં આવ્યા હતા. કેટલાક દુબઈથી બોટ દ્વારા આવ્યા હતા, જ્યારે અન્ય ઈરાકી કુર્દીસ્તાન સરહદ દ્વારા આવ્યા હતા. દરેક ટર્મિનલની કિંમત લગભગ $600 છે, વત્તા સબ્સ્ક્રિપ્શન ફી. આ ટર્મિનલ ઘણીવાર કાર્યકરો અને માનવાધિકાર સંગઠનો દ્વારા ખરીદવામાં આવે છે.

# બજેટમાં થશે 'મોટું એલાન'

**ચાંદી અને તાંબાને લઈને મોટા સમાચાર બહાર આવી શકે છે**

(એજન્સી) નવી દિલ્હી | તા 15

બજેટમાં ચાંદી અને કોપરને લઈને મોટું એલાન કરવામાં આવી શકે છે. આ સંદર્ભમાં ઉદ્યોગ જગતમાં અને રોકાણકારોમાં ભારે રોમાંચ જોવા મળી રહ્યો છે. ટૂંકમાં બજેટ 2026 માં આ સ્પેશિયલ એલાન મહત્વપૂર્ણ ફેરફાર લાવી શકે તેવું માનવામાં આવી રહ્યું છે.બજેટ 2026 દેશના માઈનિંગ અને ઔદ્યોગિક ભવિષ્ય માટે એક મહત્વપૂર્ણ વળાંક સાબિત થઈ શકે છે. એક અહેવાલ મુજબ, સરકાર 2026-27 નાણાકીય વર્ષના કેન્દ્રીય બજેટમાં એક ઔપચારિક માઈનિંગ પોલિસી રજૂ કરવાની તૈયારી કરી રહી છે, જેનો ઉદ્દેશ્ય આયાત પર નિર્ભરતા ઘટાડવા અને ચાંદી, તાંબુ તેમજ ઝિંકના ઉત્પાદનમાં ઝડપથી વધારો કરવાનો છે.સૂત્રોના જણાવ્યા મુજબ, આ પગલું ગયા વર્ષે રજૂ કરાયેલા માઈનિંગ સુધારાઓને આગળ વધારશે અને સ્થાનિક સંસાધનોના વધુ સારા ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરશે. સરળ રીતે કહીએ તો, ઉદ્યોગ જગત અને રોકાણકારોની નજર હવે આ એક નિર્ણય પર જ ટકેલી છે. પ્રસ્તાવિત નીતિમાં ખાનગી કંપનીઓને વધતી જતી ઔદ્યોગિક માંગને પહોંચી વળવા માટે માઈનિંગ અને પ્રક્રિયામાં મોટી ભૂમિકા આપવાની યોજના છે, ખાસ કરીને એવા સમયે જ્યારે વૈશ્વિક સપ્લાય ચેઈન દબાણ હેઠળ છે. વધુમાં મેટલ્સ (ધાતુઓ) પર ભાર મૂકવાની ચર્ચા ચાલી રહી છે અને ફોકસ ચાંદી, કોપર (તાંબુ) તેમજ ઝિંક પર છે, કારણ કે તે મેન્યુફેક્ચરિંગ માટે અત્યંત જરૂરી છે અને ભારત પાસે આ ધાતુઓનો અમુક સંસાધન આધાર પણ ઉપલબ્ધ છે. પોલિસીમાં ચાંદીની રિકવરી અને રિફાઈનિંગને સુધારવા પર પણ ધ્યાન આપવામાં આવશે, કારણ કે દેશમાં ચાંદી મુખ્યત્વે કોપર અને ઝિંક માઈનિંગની બાય-પ્રોડક્ટ તરીકે નીકળે છે. ભારત દુનિયાના સૌથી મોટા ચાંદીના ઉપભોક્તાઓ માંથી એક છે પરંતુ તે આયાત પર ભારે નિર્ભર છે, ખાસ કરીને ચીનથી, જેણે હાલમાં જ કેટલીક ધાતુઓના નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે.

# ભારતીય તેલ કંપનીઓએ વિદેશમાં લગાવી મોટી છલાંગ, અબુ ધાબીમાં મળ્યું ક્રૂડ ઓઇલ

(એજન્સી) નવી દિલ્હી | તા 15

UBPLએ IOC અને BPCLની શોધ કંપની ભારત પેટ્રો રિસોર્સિસ લિમિટેડ વચ્ચે 50:50નું સંયુક્ત સાહસ છે. માર્ચ 2019માં UBPLને અબુ ધાબીનો ઓનશોર બ્લોક-1 શોધ માટે આપવામાં આવ્યો હતો. ભારતની સરકારી માલિકીની તેલ કંપનીઓ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડે અબુ ધાબીમાં મોટી સફળતા હાંસલ કરી છે. તેમના સંયુક્ત સાહસ, ઉર્જા ભારત પ્રાઈવેટ લિમિટેડે એક ઓનશોર એક્સપ્લોરેશન બ્લોકમાં ઘણા નવા તેલ ભંડાર શોધી કાઢ્યા છે. આ શોધ ભારતની લાંબા ગાળાની ઉર્જા સુરક્ષા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. IOC અને BPCLએ જાહેરાત કરી હતી કે UBPLએ તેના બીજા શોધ કૂવામાંથી સફળતાપૂર્વક તેલ કાઢ્યું છે. પ્રથમ તેલ શોધ કૂવા XN-76માં કરવામાં આવી હતી. જ્યાં શિલાઈફ ફોર્મેશનમાં હાઈડ્રો-ફ્રેકિંગમાંથી ક્રૂડ તેલ નીકળ્યું હતું. આનાથી અપરંપરાગત તેલ ભંડારના અસ્તિત્વની પુષ્ટિ થઈ હતી. બીજી શોધ કૂવા XN-79 02Sમાં કરવામાં આવી હતી. જ્યાં હબશાન જળાશયમાંથી તેલ કાઢવામાં આવતું હતું. આ પ્રદેશમાં આ જળાશયમાંથી આ પ્રથમ શોધ છે. કંપનીઓ કહે છે કે આ બંને શોધો હવે વ્યાપારી રીતે કેટલું તેલ કાઢી શકાય છે તે નક્કી કરવા માટે વિગતવાર મૂલ્યાંકન તબક્કામાંથી પસાર થશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ-00

# NSA અજીત ડોભાલનો ચોંકાવનારો ખુલાસો: દેશની સુરક્ષા સંભાળનાર નથી વાપરતા મોબાઈલ

દેશના રાજકારણમાં અત્યારે અજીબોગરીબ કિસ્સાઓ અને રસાકસીનો માહોલ જોવા મળી રહ્યો છે. દક્ષિણના કેરળથી લઈને પશ્ચિમના મહારાષ્ટ્ર સુધી સત્તા અને સરહદોની લડાઈ તેજ બની છે. એક તરફ કેરળમાં સત્તાધારી એલડીએફ સરકારે રાજ્યનું નામ બદલીને 'કેરલમ' કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેને આશ્ચર્યજનક રીતે ભાજપે પણ ટેકો જાહેર કર્યો છે. બીજી તરફ, મુંબઈ મહાનગરપાલિકાની હાઈપ્રોફાઈલ ચૂંટણીમાં ભાજપ અને એકનાથ શિંદે જૂથની મોટી બેદરકારી સામે આવી છે, જેમાં તેઓ ચાર બેઠકો પર ઉમેદવાર જ ઉભા રાખવાનું ભૂલી ગયા છે.

નામ બદલવાની નીતિ અને ભાજપનો પત્ર કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કેરળનું નામ બદલી 'કેરલમ' કરવાના પ્રસ્તાવમાં હસ્તક્ષેપ કરવા માંગ કરી છે. ભાજપનું માનવું છે કે નામ બદલવાથી કટ્ટરવાદ સામે લડવામાં બળ મળશે. જોકે, નામ બદલવાથી કટ્ટરપંથીઓ કેવી રીતે ડરશે, તે વાત હજુ ગળા નીચે ઉતરે તેવી નથી. કેન્દ્ર સરકાર અગાઉ પણ અનેક શહેરો અને યોજનાઓના નામ બદલી ચૂકી છે, પરંતુ આખા રાજ્યનું નામ બદલવાની દિશામાં આ એક મોટું પગલું સાબિત થઈ શકે છે.

મુંબઈમાં ઉમેદવારીનો ફિયાસ્કો મહારાષ્ટ્રમાં ૨૯ મહાનગરપાલિકાઓની ચૂંટણીનો જંગ જામ્યો છે. મુંબઈ બીએમસી જે કોઈ પણ રાજ્યની વિધાનસભા જેટલી જ મહત્વની ગણાય છે, ત્યાં ભાજપ અને શિંદે જૂથ વચ્ચે સીટ વહેંચણીમાં એટલી ખેંચતાણ થઈ કે ચાર બેઠકો પર ઉમેદવારી નોંધાવવાનું જ રહી ગયું! આ બેઠકો હવે ચૂંટણી પહેલા જ તેમના હાથમાંથી નીકળી ગઈ છે. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેના ગઠબંધનથી મહારાષ્ટ્રમાં મરાઠી કાર્ડ રમાઈ રહ્યું છે. રાજ ઠાકરેએ ભાજપના નેતા અન્ના મલાઈને 'રસમલાઈ' કહીને અપમાનજનક ટિપ્પણી કરી 'હટાવો લુંગી, બજાવો પુંગી'નો નારો આપતા ઉત્તર ભારતીયોમાં રોષ જોવા મળી રહ્યો છે.

સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણય અને યુપીના ગોટાળા આ દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ કાયમી કર્મચારીઓ જેટલો લાભ મેળવી શકે નહીં. આંધ્રપ્રદેશના સફાઈ કર્મચારીઓના કેસમાં કોર્ટે કાયમી નોકરીને સાર્વજનિક મિલકત ગણાવી છે. ઉત્તર પ્રદેશમાં પણ એસઆઈઆર અભિયાનમાં ભારે ધાંધિયા સામે આવ્યા છે, જ્યાં એક જ ઘરમાં ૪૯ લોકો રહેતા હોવાનું બતાવાયું છે અને મૃતકોના નામે પણ ફોર્મ ભરાઈ ગયા છે. આ તમામ ઘટનાક્રમો દર્શાવે છે કે દેશમાં વહીવટી અને રાજકીય સ્તરે કેટલી ગંભીર ક્ષતિઓ ચાલી રહી છે.

રાષ્ટ્રીય સુરક્ષા અને ટેકનોલોજીનો વિરોધાભાસ સૌથી વધુ ચોંકાવનારી વાત દેશના સુરક્ષા સલાહકાર અજીત ડોભાલની સામે આવી છે. કેન્દ્રીય મંત્રીનો દરજ્જો ધરાવતા ડોભાલે કબૂલ્યું છે કે તેઓ મોબાઈલ કે ઈન્ટરનેટનો ઉપયોગ નથી કરતા! દેશની ગુપ્ત માહિતીઓ સાચવનાર વ્યક્તિ આધુનિક ટેકનોલોજીથી દૂર રહીને પોતાની શૈલીમાં સુરક્ષાનું ચક્ર સંભાળી રહ્યા છે. બીજી તરફ દિલ્હીમાં પંજાબ પોલીસ અને દિલ્હી વિધાનસભા વચ્ચે વિશેષાધિકાર ભંગના મુદ્દે કાયદાકીય જંગ જામ્યો છે. રાજકારણના આ ખેલમાં હવે જનતા કોને જીતાડશે તે જોવું રહ્યું.

### ઉનાના ગુનેગારોનો અંત | છરી બતાવી 1.37 લાખ લૂંટનારા ગઠીયાઓ હીંડોરડા ચોકડીએથી દબોચાયા

# અમરેલી LCBનો સપાટો: ઉના લૂંટના આરોપીઓને ઝડપ્યો

કિશોર આર.સોલંકી | જાફરાબાદ તા.15



ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમાર સાહેબે બહારના જિલ્લાઓમાં ગંભીર પ્રકારના ગુનાઓ કરી ફરાર થઈ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં રહેતા હોય અને રેન્જના જિલ્લાઓમાં પ્રવેશ કરતા ગુન્હેગારો ઉપર વોચ રાખી પકડી પાડવા સુચના આપેલ હોય અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત સાહેબ અમરેલી જિલ્લાની આજુબાજુના જિલ્લાઓમાં ગંભીર પ્રકારના ગુનાઓ આચરી ફરાર થઈ અમરેલી જિલ્લામાં પ્રવેશ કરતા ઈસમો ઉપર વોચ રાખી આવા ગુન્હેગારોને પકડી પાડવા તેમજ તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.ડી. ચાવડા ની રાહબરી હેઠળ એલ.બી.ટીમ અમરેલી જિલ્લાના મુખ્ય હાઈવે માર્ગો ઉપર પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન ગઈ તા.૧૩/૦૧/૨૦૨૬ નાં રોજ રાજુલા, હીંડોરડા ચોકડી, હાઈવે રોડ ઉપર પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે બે ઈસમોને બુલેટ મોટર સાયકલ સાથે શંકાસ્પદ રોકડ રકમ સાથે પકડી પાડી, મજકુર બન્ને ઈસમોની સઘન પુછ પરછ દરમિયાન આજ રોજ તા.૧૩/૦૧/૨૦૨૬ નાં રોજ ઉના ગામે એક માણસ પાસેથી રોકડ રૂ.૧,૩૭,૦૦૦/- ની લુંટ કરી ફરાર થઈ ગયેલ હોવાની કબુલાત આપતા, લુંટમાં ગયેલ ૧૦૦ % રકમ કબ્જે કરી, મજકુર બન્ને ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા કબ્જે કરેલ રોકડ રકમ તથા વાહન સહિતનો મુદ્દામાલ ઉના પોલીસ સ્ટેશન સોંપી આપવા તજવીજ કરવામાં આવેલ. આ ગુન્હા ના પકડાયેલ પકડાયેલ આરોપી (૧) કૃણાલ ઉર્ફે સુજલ રવીભાઈ બાંભણીયા, ઉ.વ.૨૦, રહે.ઉના, ખોડીયારનગર જ્ઞાતિના ચોરા પાસે, તા.ઉના, જિ.ગીર સોમનાથ.(૨) સીધ્ધાર્થ રાજુભાઈ બાંભણીયા, ઉ.વ.૨૫, રહે. ઉના, મોટા કોળીવાડા, જૈન દેરાસર મંદિર પાસે, તા.ઉના, જિ.ગીરસોમનાથ. આ બંને આરોપીઓ પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલ (૧) રોકડા રૂ.૧,૩૭,૦૦૦/- (૨) એક રોયલ એનફિલ્ડ (બુલેટ) મોટર સાયકલ રજી નં. GJ-32-AH-3681 કિં.રૂ.૧,૫૦,૦૦૦/- મળી કુલ કિં. રૂ.૨,૮૭,૦૦૦/- નો મુદ્દામાલ. પકડાયેલ આરોપીએ ગુનાઓની આપેલ કબુલાતની વિગત મુજબ પકડાયેલ બન્ને ઈસમોની સઘન પુછપરછ કરતા પોતે નીચે મુજબના ગુનાની કબુલાત આપેલ છે (૧) તા.૧૩/૦૧/૨૦૨૬ નાં આશરે ચારેક વાગ્યાના અરસામાં પકડાયેલ બન્ને ઈસમો પોતાના રોયલ એનફિલ્ડ (બુલેટ) મોટર સાયકલ લઈને ઉના, ફાટક પાસે, સાંઈબાબાના મંદિર પાસેથી એક માણસને ઉભો રખાવી જાનથી મારી નાખવાની ધમકી આપી, છરી બતાવી, તેના પેન્ટના ખીસ્સામાંથી રોકડ રૂ.૧,૩૭,૦૦૦/- ની લુંટ કરી ફરાર થઈ ગયેલ હોવાની હકિકત જણાવેલ હોય, જે અંગે ખરાઈ કરતા ઉના પો.સ્ટેશન મા બી.એન.એલ. કલમ ૩૦૯ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ગુનો રજી. થયેલ છે. પકડાયેલ આરોપીનો ગુનાહિત ઈતિહાસ પકડાયેલ આરોપી કૃણાલ ઉર્ફે સુજલ રવીભાઈ બાંભણીયા વિરૂધ્ધ સાત જેટલા ગુનાઓ રજી. થયેલ છે.પકડાયેલ આરોપી સીધ્ધાર્થ રાજુભાઈ બાંભણીયા વિરૂધ્ધ બે ગુનાઓ રજી. થયેલ છે.

### લોકેશ મુનિજીના માર્ગદર્શનમાં રામ કથા દ્વારા જાગશે સનાતન જ્યોત

# સાસણમાં 7.5 વર્ષના કાર્યકાળમાં વન્યજીવોને રક્ષિત કરવા સાથે પ્રવાસનને વેગ આપ્યો

કિશોર આર.સોલંકી | જાફરાબાદ તા.15



સાસણગીર વન્યપ્રાણી વિભાગના ડી.સી.એફ. ડો.મોહનરામને પ્રમોશન, જૂનાગઢના સી.એફ. બન્યા જૂનાગઢના નવા સીએફ તરીકે સાસણ ગીર વન્ય પ્રાણી વિભાગના ડીસીએફ ડો. મોહનરામની રાજ્ય સરકારે બઢતી સાથે બદલી કરી છે. છેલ્લા સાડા સાત વર્ષના લાંબા સમયથી સાસણ વન્યપ્રાણી વિભાગના DCF તરીકે અસરકારક ફરજ બજાવતા ડો.મોહન રામની બઢતી સાથે બદલી કરવામા આવી છે અને જુનાગઢના સર્કલ બનાવાયા છે. સને ૨૦૧૮ની ૧૦ જુલાઈના ડો.મોહન રામ એ સાસણ DCF તરીકે ચાર્જ સંભાળ્યો હતો અને સાડાસાત વર્ષના ફરજ કાળમાં સાસણમાં પ્રવાસનને વેગ આપવા ખૂબ સુંદર કામગીરી છે, અને તેમના કાર્યક્ષેત્રમાં સિંહો સહિતના વન્યજીવોને રક્ષિત કરવા સાથે રેસ્ક્યુની કામગીરી પણ ખૂબ અસરકારક થઈ છે ડો.મોહન રામના કાર્યકાળ દરમિયાન તેમના સુપર વિઝન હેઠળ ૨૦૨૦ ના કોવિડ સમયે ડિપાર્ટમેન્ટ લેવલ અને તાજેતરમાં ૨૦૨૫ માં ૧૬મી સિંહ વસ્તી ગણતરી યોજાઈ હતી, આમ બે વખત તેમના ફરજ કાળ દરમિયાન સિંહ વસ્તી અંદાજની બે ગણતરી થઈ હતી, જે કાર્ય માં તેમનો અમૂલ્ય ફાળો રહ્યો હતો. આ સાથે વડાપ્રધાન મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ લાયન ૨૦૪૭ ના પ્રોજેક્ટને તૈયાર કરવામાં ડો. મોહન રામ એ રજૂ કરેલા ડેટા મહત્વપૂર્ણ રીતે ધ્યાને લેવાયા છે, તથા ડો. મોહન રામના કાર્યકાળ દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જેવા દેશના બે મુખ્ય શ્રેષ્ઠીઓની સાસણ મુલાકાત થઈ છે.

### જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને

# મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીરૂપે ઉતારા મંડળના પ્રતિનિધિઓ સાથે બેઠક

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.15



જૂનાગઢનો મહાશિવરાત્રીનો મેળો રાજ્ય સરકારના પ્રયાસોથી વિસ્તૃત ફલક પર યોજવા જઈ રહ્યો છે, ત્યારે જિલ્લા કલેકટરશ્રી અનિલ કુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્રએ મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ સંદર્ભમાં આજે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને અને ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાની ઉપસ્થિતિમાં ઉતારા મંડળના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખાસ મહાશિવરાત્રીના મેળા દરમિયાન ઉતારા મંડળ સાથે જોડાયેલી સેવાભાવી સંસ્થાઓ સાથે સંકલનથી કામગીરી થઈ શકે, ઉપરાંત મેળા દરમિયાન આ સેવાભાવી સંસ્થાઓની જરૂરિયાતો માટે યોગ્ય વ્યવસ્થાઓ જળવાઈ રહે તે માટે પરામર્શ કરવામાં આવ્યો હતો. અન્ન ક્ષેત્રોની રોજિંદી જરૂરિયાતરૂપ શાકભાજી, દૂધ, છાશ, ગેસ જેવી વસ્તુઓ મેળા ક્ષેત્રની અંદરથી જ મળી રહે તેવા પ્રાથમિક આયોજન સંદર્ભે પણ જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. ઉપરાંત જિલ્લા કલેકટરશ્રીએ ખાસ, સેવાભાવી સંસ્થાઓ દ્વારા અપાતી ભોજન સેવાઓ વધુ વિસ્તૃત બને તે માટે ભરડાવાવ અને ગિરનાર દરવાજાથી પણ મેળામાં આગળ જતા માર્ગ પર અન્નક્ષેત્રો-ચા પાણીના સ્ટોલ શરૂ થાય તે માટે પણ સૂચન કર્યું હતું.

### બજરંગ ગ્રાઉન્ડ બેરૂ રોડથી બાળકોની વિવિધ વેશભૂષા સાથે શોભાયાત્રા

# નખત્રાણા ખાતે કોલી મહિલા તેમજ યુવા સંગઠન દ્વારા વીર માંધાતા ઉત્સવ ઉજવાયો

મહેશ એલ. સોની નખત્રાણા તા.15



કોલી મહિલા સંગઠન તેમજ યુવા સંગઠન દ્વારા નખત્રાણા ખાતે વિર માંધાતા ઉત્સવ ઉમંગભેર ઉજવાયો હતો. આ પાવન પ્રસંગની જાણકારી આપતા નખત્રાણાના હિરેન ભાઈ ભાનુશાળીએ જણાવ્યું હતું કે સવારે ૯:૦૦ કલાકે બજરંગ ગ્રાઉન્ડ બેરૂ રોડથી બાળકોની વિવિધ વેશભૂષા સાથે નિકળેલી ભવ્ય શોભાયાત્રા નગરના મુખ્ય માર્ગો પર થી પસાર થઈ રામેશ્વર ગ્રાઉન્ડ ખાતે સમાપ્ત થઈ હતી. જ્યાં બપોરે ૧૨:૦૦ કલાકે મહાઆરતી બાદ સમૂહ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૨:૦૦ વાગ્યા બાદ ભવ્ય દાંડિયા રાસનું આયોજન કરાયું હતું. બપોરે ૧:૦૦ કલાકે યોજાયેલ સન્માન સમારોહમાં અબડાસા વિસ્તારના ધારાસભ્ય શ્રી પી. એમ. જાડેજા, વિશ્વ હિન્દુ પરિષદ માતાનામઢ જિલ્લા અધ્યક્ષ શ્રી લક્ષ્મણસિંહ સોઢા નખત્રાણા તાલુકા ભાજપ મહામંત્રી શ્રી હરિસિંહ રાઠોડ કારોબારી સભ્ય કચ્છ જિલ્લા ભાજપ શ્રી ચંદન સિંહ રાઠોડ નખત્રાણા તાલુકા ભાજપ મંત્રી જીતેન્દ્ર સિંહ જાડેજા જીએમડીસી કોલેજના ટ્રસ્ટીશ્રી લાલજીભાઈ રામાણી નખત્રાણા પૂર્વ સરપંચ ડાયાભાઈ સેંઘાણી વિશ્વ હિન્દુ પરિષદ માતાનામઢ જિલ્લા પ્રચાર પ્રસારક હિરેનભાઈ ભાનુશાલી કિસાન સંઘ કચ્છ વિભાગ મંત્રી વાલજી ભાઈ લીંબાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અબડાસા, ભુજ. માંડવી .લખપત, નખત્રાણા તાલુકા કોલી યુવા સંગઠન સાથે સમાજના વિશાળ સંખ્યામાં લોકોની ઉપસ્થિતિમાં ઉપસ્થિત મહાનુભાવો હસ્તે દિપ પ્રાગટ્ય બાદ ઉપસ્થિત મહાનુભાવોનું સમાજના અગ્રણીઓ હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય શ્રી જાડેજાએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં સમાજમાં નશા મુક્તિ સાથે ભણતર પર ભાર મૂક્યો હતો. વિવિધ દાતાઓનો સહયોગ સાંપડ્યો હતો.

# નર્મદાના ધીરખાડીમાં ઘરવખરી બળીને ખાખ થતા MLA પીડિત પરિવારના આંસુ લૂછવા પહોંચ્યા



ભરત શાહ | નર્મદા તા.15

નર્મદાના ધીરખાડી ગામમાં એક મકાનમાં આગ લાગતા ઘરવખરી બળી જતા પરિવાર બેઘર બન્યું હોવાની જાણ નાંદોદ ધારાસભ્યને થતા તેમણે તત્કાલિક પરિવારને જરૂરી મદદ કરી હતી. આજ રોજ સવારે ધીરખાડી ગામમાં રહેતા ઉલિયાભાઈ ગીમ્બિયાભાઈ વસાવાના ઘરમાં આકસ્મિક આગ લાગતા સંપૂર્ણ ઘર સામાન સહિત રાખ બની ગયું હતું, બનાવની જાણ ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખને થતા તાત્કાલિક પરિવારને જીવન જરૂરિયાતની વસ્તુઓ તેમજ રોકડ સહાય

### દેશની સીમાઓની રક્ષા માટે આગળ વધેલી

# વિથોણની દીકરીની BSFમાં પસંદગી બદલ સંત શ્રી ખેતાબાપા હાઈસ્કૂલમાં ભવ્ય સન્માન

મહેશ એલ. સોની નખત્રાણા તા.15



સંત શ્રી ખેતાબાપા હાઈસ્કૂલ, વિથોણમાં ગૌરવભર્યો ક્ષણ સર્જાયો હતો, જ્યારે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની જોષી રુષિતા ખરાશંકરનું BSF (બોર્ડર સિક્યુરિટી ફોર્સ)માં પસંદગી થવાથી શાળા પરિવાર દ્વારા તેમનું આત્મીય અને ઉત્સાહભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. દેશની સીમાઓની રક્ષા માટે આગળ વધેલી વિથોણની દીકરીએ સમગ્ર વિસ્તારને ગર્વની લાગણી અપાવી છે.આ સન્માન સમારંભ દરમિયાન શાળાના આચાર્ય મોહનભાઈ છાભૈયા તથા સિનિયર શિક્ષક ગોપાલભાઈ પટેલે રુષિતા જોષીને શાલ ઓઢાવી અને મોમેન્ટો અર્પણ કરીને સન્માનિત કરી હતી. આ પ્રસંગે ગ્રામ વિકાસ મંડળના રતિલાલભાઈ, દિલીપભાઈ અને દિનેશભાઈ દ્વારા પણ દીકરીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભને સંબોધતાં આચાર્ય મોહનભાઈ છાભૈયાએ રુષિતાની દેશસેવાની ભાવનાને બિરદાવતાં જણાવ્યું હતું કે, "આવી દીકરીઓ શાળા અને સમાજ બંને માટે ગૌરવ છે." તેમણે વિદ્યાર્થીઓને શિસ્ત, પરિશ્રમ અને નિષ્ઠાનું મહત્વ સમજાવી, લક્ષ્ય પ્રત્યે અડગ રહેવાની પ્રેરણા આપી હતી.

ટ્રસ્ટીઓએ પણ રુષિતાની હિંમત અને દૃઢ મનોબળને સરાહતાં તેને 'શેરની'ની ઉપમા આપી હતી અને અન્ય વિદ્યાર્થીનીઓ માટે તે પ્રેરણાસ્ત્રોત હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમનું સુચારૂ સંચાલન રમેશભાઈ વાઢેરે કર્યું હતું.

સમગ્ર સમારંભ દરમિયાન શાળા પરિસરમાં ગર્વ, ઉત્સાહ અને દેશપ્રેમની લાગણી છવાઈ હતી. BSFમાં જોડાઈ દેશસેવામાં આગળ વધેલી વિથોણની દીકરી જોષી રુષિતાએ સાબિત કર્યું છે કે ગામડાંની દીકરીઓ પણ કઠિન પરિશ્રમ અને દૃઢ સંકલ્પથી રાષ્ટ્રસેવામાં ઉચ્ચ સ્થાન મેળવી શકે છે.

### રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ચિત્રકૂટ એવોર્ડથી સન્માનિત કરાયા

# માળીયાહાટી તાલુકાના વડીયા પે સેન્ટર શાળાના શિક્ષિકાનું રાજ્યસ્તરીય બહુમાન

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.15

માળીયાહાટીના તાલુકાની વડીયા પે સેન્ટર શાળાના શિક્ષિકા બહેનનું આગવા શિક્ષણકાર્ય માટે રાજ્યસ્તરીય બહુમાન કરવામાં આવ્યું છે, તેમને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ચિત્રકૂટ એવોર્ડથી નવાજવામાં આવ્યાં છે.



ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે જૂનાગઢ જિલ્લામાંથી માળિયા હાટીના તાલુકાની વડીયા પે સેન્ટર શાળાના શિક્ષક શ્રી કિંજલબેન દેવચંદભાઈ રાઠોડની પસંદગી થઈ હતી, જે નિમિતે તા.૧૪- ૧- ૨૦૨૬ના રોજ કિંજલબેનને પૂજ્ય મોરારીબાપુના હસ્તે ચિત્રકૂટ એવોર્ડ એનાયત થયો હતો. આ તકે રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખશ્રી દિગ્વિજય સિંહ જાડેજા, મહામંત્રીશ્રી જૈમિનકુમાર પટેલ ,જૂનાગઢ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી પરબતભાઈ નાઘેરા તેમજ જૂનાગઢ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખશ્રી હમીરભાઈ સિંધવ ઉપસ્થિતરહ્યાં હતાં. કિંજલબેનને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, સન્માન પત્ર અને રૂ. ૨૫,૦૦૦નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. કિંજલબેને આ રોકડ રોકડ પુરસ્કાર પોતાની વડીયા પે સેન્ટર શાળાના બાળકોના હિતાર્થે અર્પણ કર્યો છે.

### બગસરાના સાપર ગામે પૂ.માતુશ્રી કંચનગૌરી ખીમચંદભાઈ દ્વારા

# દડીયા પરીવારના આર્થીક સહયોગથી ગ્રામીણ વિસ્તારોમાં મેડીકલ સાધનોની અનોખી સેવા

અશોક મણવર | અમરેલી તા.15



માણસ ભલે ગમે તેટલો સફળ થાય કે સાત સમંદર પાર પહોંચી જાય, પણ જો તેનું હૃદય પોતાના વતનના ગરીબો અને જરૂરિયાતમંદો માટે ધબકતું હોય તો તે સાચો માનવ કહેવાય. આવો જ એક અદભૂત કિસ્સો અમરેલી જિલ્લાના બગસરા પંથકમાં જોવા મળ્યો છે. જ્યાં મુંબઈ અને અમેરિકા સ્થિત બગસરાના પનોતા પુત્રોએ ભેગા મળીને ગ્રામીણ વિસ્તારોમાં નિઃશુલ્ક મેડિકલ સાધનો પહોંચાડવાનો ભગીરથ સેવાયજ્ઞ શરૂ કર્યો છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, બગસરા તાલુકાના સાપર ગામે લેઉવા પટેલ સમાજ ખાતે છઠ્ઠા મેડિકલ સાધન સહાય સેન્ટરનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સેન્ટરનું ઉદ્ઘાટન કનક આશ્રમના પૂજ્ય મીરાબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. મીરાબાપુએ આ તકે આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, આવા સત્કર્મો પરમાત્માની અપાર કૃપા હોય તો જ શક્ય બને છે. અમેરિકા સ્થિત અનીલભાઈ દળિયા અને દિનેશભાઈ દળિયાએ તેમના પૂજ્ય માતુશ્રી કંચનગૌરી ખીમચંદભાઈ દળિયા પરિવારના આર્થિક સહયોગથી આ ભગીરથ કાર્ય કર્યું છે. આ સેવા પ્રવૃત્તિની શરૂઆત મુંબઈ રહેતા કિશોરભાઈ હરીભાઈ દળિયાની પ્રેરણાથી થઈ હતી. અગાઉ હડાળા, હામાપુર, જૂની હળીયાદ, જૂના ઝાઝરીયા અને ઈંગોરાળા ગામે આવા કેન્દ્રો સફળતાપૂર્વક કાર્યરત છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, અમેરિકામાં રહેતા દળિયા પરિવારે સોશિયલ મીડિયાના માધ્યમથી આ લોકસેવાનો યજ્ઞ નિહાળ્યો હતો.

# સતત ત્રીજા દિવસે SOUના ઈ-બસ ડ્રાયવરોની હડતાલ : લેબર કમિશ્નર અને રાજકીય અગ્રણીઓની SOU તંત્ર સાથે વાટાઘાટો ચાલુ



ભરત શાહ, નર્મદા તા. 15

નર્મદા જિલ્લાના પ્રવાસન હબ SOU ખાતે હડતાલ પર ઉતરેલા બસ ડ્રાયવરો ની હડતાલ નો આજે ત્રીજો દિવસ હોવા છતાં. હજુ સમસ્યા નું નિરાકરણ આવ્યું નથી. પ્રાપ્ત માહિતી મુજબ SOU મુકામે ઉત્તરાયણ ની પૂર્વ સંધ્યા એ ઈ બસ ના લગભગ 127 જેટલા ડ્રાયવરો તેમની માંગણીઓ ને લઈને હડતાલ પર ઉતરી જતા પ્રવાસીઓ અટવાયા હતા . ગત રોજ ઉત્તરાયણ ની રજા માં આવેલા પ્રવાસીઓ ની રજાની મઝા બગડી હતી . જોકે SOU તંત્ર એ પ્રવાસીઓ ને પોતાના વાહનો લઈ જવાની છૂટ આપી હતી . આ લખાય છે ત્યારે SOU તંત્ર સાથે ભાજપ અગ્રણી અને જી . પં . સભ્ય દિનેશ તડવી . તેમજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજિત તડવી વાટાઘાટો કરી રહ્યા છે જેમાં આજે લેબર કમિશનર પણ જોડાયા હતા .જોકે ડ્રાયવરો ના પ્રતિનિધિ ને ચર્ચા માટે બોલાવ્યા નથી . ત્યારે આ હડતાલ નો અંત ક્યારે અને કેવો આવે છે તે જોવું રહ્યું .

## નખત્રાણા નગરમાં એ... કાપ્યો છેનો નાદ ગુંજ્યો



મકરસંક્રાંતિ પર્વ નિમિતે દરેક ઘરોના ધાબા લોકો થી ઉભરાઈ જતા હોય છે.એ કાપ્યો છે ...ની બૂમો પાડી મોટા મોટા લાઉડસ્પીકરમાં ગીતોની ની સાથે ચીકી, તલના લાડુ , શેરડી સહિતની મઝા પણ લોકો માણતા હોય છે... ત્યારે નખત્રાણા નગરમાં ઝડપાયેલી આ તસવીરમાં પતંગ ઉડાડવાની મોજ માણતા લોકોની સાથે ઈન્સેટ તસવીરમાં નાની બાળા પણ પતંગ ઉડાડવા જાણે ઉત્સુક હોય એવી અદામાં જોવા મળે છે.
(મહેશ એલ. સોની નખત્રાણા)

# ડાંગમાં મકરસંક્રાંતિમાં શિવારીમાળ અંધજન શાળામાં તલના લાડુનું વિતરણ



સુશિલ પવાર | ડાંગ તા.15

મકરસંક્રાંતિના પર્વે અંધજન વિદ્યાર્થીઓ સાથે ખુશીઓની વહેંચણી.મકરસંક્રાંતિ એટલે દાન-પુણ્ય અને સ્નેહનો પર્વ. આ પાવન પર્વની ઉજવણીના ભાગરૂપે શામગહાનના રહેવાસી અને જાણીતા સમાજસેવી યુવાન પ્રદીપ રાઉત દ્વારા એક પ્રશંસનીય સેવા કાર્ય કરવામાં આવ્યું હતુ. તેમણે શિવારીમાળ ખાતે આવેલી અંધજન શાળાના વિદ્યાર્થીઓને તલના લાડુનું વિતરણ કરી તહેવારની અનોખી રીતે ઉજવણી કરી હતી.આ પ્રસંગે પ્રદીપ રાઉતે ભાવુક થઈને જણાવ્યું હતુ કે, 'સમાજના એવા વર્ગ સુધી પહોંચવું જેમને આપણી હુંફની જરૂર છે અને તેમના ચહેરા પર સ્મિત લાવવું એ જ સાચી મકરસંક્રાંતિ છે. આ બાળકો સાથે સમય વિતાવીને મને જે આનંદ મળ્યો છે તે અદ્ભુત છે.

### રામા તારા દેવરે ચડે ગુગળના ધુપ

# કચ્છની મીઠી ગુગળ અને દેશી બાવળ વિસરાતો જતો વડવાઓનો અણમોલ વારસો

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) તા.15



કચ્છ પ્રદેશમાં થતા વૃક્ષોનુ ઉપરોક્ત દુહાઓમાં વૃક્ષોના નામ સહીત વર્ણન કરાયુ છે જે જંગલ વિસ્તાર ના કુદરતી સૌંદર્ય સાથે ઔષધી ગુણો પણ ધરાવતા વૃક્ષો છે આ વૃક્ષોની ધાર્મિકતા બાબતે વાત કરી એ તો રામા તારા દેવરે ચડે ગુગળ ના ધુપ.....એ ગુગળ માત્ર કચ્છ પ્રદેશ માં થાય છે જેના વૃક્ષો કચ્છ માં આવેલ ધીણોધર ડુંગર પર સૌંદર્ય થી ભરપૂર છે આખા ભારત દેશ માં મીઠી ગુગળ માત્ર કચ્છ માં જ થાય છે જેના રોપા વન વિભાગ નખત્રાણા-કચ્છ ની આવેલ મથલ નર્સરીમાં ઉછેર કરી વાવેતર કરવામાં આવે જે ને લોકો ને વૃક્ષારોપણ માટે આપવામાં આવે છે વૃક્ષોનુ જતન કરવું એ આપણા સૌની નૈતિક ફરજ છે આજે વિશ્વ પર્યાવરણ દિન નિમીતે સંકલ્પ લઈ આ વૃક્ષોના સંરક્ષણ માટે આપણે કાયમ અકબંધ રહીશું વડીલોના વૃક્ષો પ્રતે પ્રેમ ભાવના સાથે વડીલો એ પોતાની કોઠાસુઝ ને સમજણ થી સંભાળ રાખી છે જે સત્ય છે વડીલો ને વંદન છે હાલ ના સમય કાળ દરમિયાન આ વૃક્ષો લુપ્ત થઈ રહ્યા છે એવુ લાગી રહ્યુ છે વડીલો કહે છે કે અમારા દાંત સલામત છે એનું કારણ દેશી બાવળ નું દાતણ છે ને શરીર ના કોઈ ભાગે કાંઈક વાગ્યુ હોય તો દેશી બાવળ ના વૃક્ષના પાન લઢીને લાગાતાવતા અને આજે પણ મોંઢા માં ચાદાં પળ્યા હોય ત્યારે દેશી બાવળના ફુલો મોંઢા માં રાખવાની વડીલો સલાહ આપે છે આમ અનેક રોગો માટે આ વૃક્ષો લાભ દાયક છે.

અદ્ભૂત સેવા | આકાશમાં ઉડતા પક્ષીઓ માટે દેવદૂત બની 1962ની ટીમ

# હાજીપીર રોડ મુદ્દે તંત્રની ઉદાસીનતા: જાહેરનામું બહાર નહીં પડે તો ગ્રામજનો વાહનો રોકશે

મહેશ એલ. સોની નખત્રાણા તા.15



કચ્છના સરહદી વિસ્તારને જોડતા અત્યંત મહત્વના હાજીપીર-દેશલપર માર્ગના નવનિર્માણ કાર્યમાં ભારે વાહનો અડચણરૂપ બની રહ્યા છે. આ માર્ગની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ભારે વાહનો પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડવામાં નાયબ કલેક્ટર દ્વારા વિલંબ કરવામાં આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આજે સાંજ સુધી જાહેરનામું પ્રસિદ્ધ નહીં થાય, તો આવતીકાલે ૧૬ તારીખથી સ્થાનિકો સ્વયંભૂ રીતે ભારે વાહનોને રોકશે. રસ્તાની દુર્દશા: મીઠાના ભારે વાહનોની સતત અવરજવરને કારણે આ રસ્તો લાંબા સમયથી બિસ્માર હાલતમાં હતો, જેના કારણે એસ. ટી. બસ અને ૧૦૮ જેવી સુવિધાઓ પણ બંધ થઈ ગઈ હતી. સીસી રોડની મંજૂરી: સ્થાનિકોની રજૂઆત બાદ સરકારે કરોડો રૂપિયાના ખર્ચે અત્યંત મજબૂત સીસી રોડ મંજૂર કર્યો છે. માર્ગ અને મકાન વિભાગના મતે, આ રોડ મજબૂત બને તે માટે કામ ચાલુ હોય ત્યારે ઓછામાં ઓછો એક મહિનો ભારે વાહનો બંધ રાખવા અનિવાર્ય છે. તંત્ર સામે આક્ષેપ: સ્થાનિકોનો આક્ષેપ છે કે માર્ગ અને મકાન વિભાગે વૈકલ્પિક માર્ગોની યાદી સાથે દરખાસ્ત મોકલી હોવા છતાં, તંત્ર ઉદ્યોગપતિઓ અને કંપનીઓના દબાણ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આનાકાની કરી રહ્યું છે. પ્રાંત કચેરીએ આવેદનપત્ર : દેશલપર ગુંતલીના સરપંચ નારણભાઈ ચાવડાની આગેવાનીમાં તુલસીભાઈ પટેલ, બહાદુરસિંહ જાડેજા અને અન્ય અગ્રણીઓએ પ્રાંત કચેરીના શિરસ્તેદાર શિવજીભાઈ પાયણને આવેદનપત્ર પાઠવ્યું હતું. રજૂઆતમાં જણાવાયું હતું કે: જીપ ચોકડીથી ગુંતલી સુધી મીઠાના ટ્રકો આડેધડ પાર્કિંગ કરે છે. રોજના આશરે ૮૦૦ જેટલા ટ્રકો અહીંથી પસાર થાય છે, જે રસ્તાના કામમાં અડચણરૂપ છે. આર.ટી.ઓ.ના નિયમોનું ઉલ્લંઘન, ઓવરલોડિંગ અને સગીર ડ્રાઈવરો દ્વારા વાહન ચલાવવા જેવી ગંભીર સમસ્યાઓ છે. સંરક્ષણની દ્રષ્ટિએ આ રસ્તો એટલો મજબૂત બનાવવામાં આવી રહ્યો છે કે જરૂર પડે તો તેના પર વિમાનનું લેન્ડિંગ પણ થઈ શકે. જો ભારે વાહનો ડાયવર્ટ કરવામાં નહીં આવે તો નવો બનતો રસ્તો ગણતરીના મહિનાઓમાં જ તૂટી જશે તેવી ભીતિ ગ્રામજનોએ વ્યક્ત કરી છે. આ પ્રશ્ને દેશલપર, લુડબાય, ઉઠગડી અને અન્ય ગામોના લોકો એકઠા થઈને આંદોલનના મૂડમાં છે.

સુરતના પ્રવાસી માટે હોમગાર્ડના જવાન દેવદૂત બન્યા

# ડાંગમાં પ્રવાસીનું ખોવાયેલું રોકડ ભરેલું પર્સ હોમગાર્ડ જવાને કર્યું પરત




સુશિલ પવાર | ડાંગ તા.15

ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે ફરવા આવેલા સુરતના એક પ્રવાસી માટે હોમગાર્ડના જવાન દેવદૂત સાબિત થયા છે.પોતાનું કિંમતી પર્સ ખોઈ બેસેલા પ્રવાસીને હોમગાર્ડ યુનિટે પ્રામાણિકતા દાખવી તમામ રોકડ અને દસ્તાવેજો સાથેનું પર્સ પરત સોંપ્યું હતું.મળતી માહિતી મુજબ, સુરતથી સાપુતારા ફરવા આવેલા એક પ્રવાસીનું પર્સ પ્રવાસ દરમિયાન ક્યાંક પડી ગયું હતુ.આ પર્સ સાપુતારા હોમગાર્ડ યુનિટના સભ્યને મળી આવ્યું હતુ.પર્સની તપાસ કરતા તેમાંથી 7,712ની રોકડ રકમ તેમજ મહત્વના અંગત દસ્તાવેજો મળી આવ્યા હતા. હોમગાર્ડ સભ્યએ તુરંત આ બાબતે સાપુતારા પી.આઈ.પી.ડી. ગોંડલીયાને જાણ કરી હતી અને પર્સના અસલ માલિકની શોધખોળ હાથ ધરી હતી. પર્સના માલિક મળી આવતા,સાપુતારા પી.આઈ.પી. ડી.ગોંડલિયાની ટીમ તથા હોમગાર્ડ યુનિટ દ્વારા જરૂરી પૂછપરછ અને દસ્તાવેજોની ખરાઈ કરવામાં આવી હતી.ખાતરી થયા બાદ, પ્રવાસીને તેમની પૂરેપૂરી રોકડ રકમ અને તમામ ડોક્યુમેન્ટ્સ સુરક્ષિત રીતે પરત સોંપવામાં આવ્યા હતા. પોતાનું ખોવાયેલું પર્સ સલામત રીતે પરત મળતા સુરતના પ્રવાસીએ સાપુતારા પોલીસનાં હોમગાર્ડ જવાનની પ્રામાણિકતાના ભારોભાર વખાણ કર્યા હતા અને સાપુતારા પોલીસ તેમજ હોમગાર્ડ દળનો આભાર માન્યો હતો.

અદ્ભૂત સેવા | આકાશમાં ઉડતા પક્ષીઓ માટે દેવદૂત બની 1962ની ટીમ

# વડોદરા જિલ્લામાં 10 દિવસીય કરુણા અભિયાનમાં 313 અબોલજીવોને સારવાર

ભરત શાહ | નર્મદા તા.15



ઉત્તરાયણના તહેવાર દરમિયાન પતંગની દોરી અને અન્ય કારણોસર પક્ષી અને પ્રાણીઓ ઈજાગ્રસ્ત થવાની ઘટનાઓને ધ્યાનમાં લઈ, વડોદરા જિલ્લામાં તા. 10 જાન્યુઆરીથી 20 જાન્યુઆરી, 2026 દરમ્યાન 10 દિવસીય "કરુણા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત ઈજાગ્રસ્ત પક્ષી અને પ્રાણીઓને તાત્કાલિક બચાવ, પ્રથમ સારવાર અને જરૂરી પશુચિકિત્સા સેવા પૂરી પાડવામાં આવી.

1962 કાર્યક્રમ મેનેજર ડૉ. પંકજ મિશ્રા અને પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર સાગર પટેલે જણાવ્યું હતું કે, આ અભિયાન માટે ગામ સ્તરની કુલ 5 એમ્બ્યુલન્સને શહેર વિસ્તારમાં તૈનાત કરવામાં આવી હતી, તેમજ શહેર સ્તરની 2 કરુણા એમ્બ્યુલન્સ પણ સતત ફરજ પર રાખવામાં આવી હતી, જેથી કોઈ પણ ઈમર્જન્સીમાં તાત્કાલિક સેવા મળી શકે.

કરુણા અભિયાન અંતર્ગત વડોદરા શહેરના પંડ્યા બ્રિજ,ભૂતડી ઝાંપા, સમા, મકરપુરા, છાણી, વાઘોડિયા રોડ અને અકોટા વિસ્તારોને મુખ્ય હોટસ્પોટ તરીકે આવરી લેવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ પ્રમાણમાં ઈજાગ્રસ્ત પક્ષી અને પ્રાણીઓના કોલ મળ્યા હતા અને તાત્કાલિક સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

આ 10 દિવસીય કરુણા અભિયાન દરમિયાન અત્યાર સુધી માં કુલ 313 પક્ષી અને પ્રાણીઓને સારવાર આપવામાં આવી છે, તેમજ અનેક પક્ષી-પ્રાણીઓની સારવાર અને સંભાળ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે.

અંતમાં, 1962 ટીમ તેમજ કરુણા એમ્બ્યુલન્સના વેટરનરી ડૉક્ટર અને પાયલોટ કમ ડ્રેસર દ્વારા વડોદરા જિલ્લાના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, જો કોઈ પણ ઈજાગ્રસ્ત પક્ષી અથવા પ્રાણી નજરે પડે, તો વિલંબ કર્યા વિના તરત જ 1962 હેલ્પલાઈન નંબર પર કોલ કરો, જેથી તેને સમયસર પ્રથમ સારવાર આપી શકાય અને એક જીવ બચાવી શકાય.

કરુણા અભિયાન વડોદરા જિલ્લામાં માનવતા, જીવદયા અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીનું જીવંત ઉદાહરણ બની રહ્યું છે.

ગ્રાન્ટ અને મહેકમમાં ઉછાળો: વિકાસની નવી ક્ષિતિજો

# થરાદ નગરપાલિકા હવે અ વર્ગમાં 12 કરોડની ગ્રાન્ટ મંજૂર થઈ

મહેશ સોલંકી | પાલનપુર તા.15

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આજે મકરસંક્રાંતિના પવિત્ર પર્વ નિમિત્તે પોતાના મતક્ષેત્ર થરાદના પ્રજાજનોને વિકાસની એક અભૂતપૂર્વ ભેટ અર્પણ કરી છે. ઉત્તરાયણની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરતા અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી હતી કે, રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા થરાદ નગરપાલિકાને હવે 'ક' વર્ગમાંથી સીધો જ 'અ' વર્ગનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ ઐતિહાસિક નિર્ણયને કારણે થરાદ શહેર હવે જિલ્લા કક્ષાની નગરપાલિકા તરીકે ઉભરી આવશે, જેનાથી સ્થાનિક નાગરિકોની સુખાકારી અને શહેરની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે. અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આ નિર્ણયની વિગતો આપતા જણાવ્યું હતું કે, નગરપાલિકાનો વર્ગ વધવાથી થરાદના વિકાસ માટે મળતી વાર્ષિક ગ્રાન્ટમાં મોટો વધારો થશે. અગાઉ વિકાસકામો માટે માત્ર ૩ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળતી હતી, જે હવે વધીને ૧૨ કરોડ રૂપિયા થઈ જશે. આ ઉપરાંત, વહીવટી માળખું પણ મજબૂત બનશે. અગાઉ ૬૦ કર્મચારીઓનું મહેકમ હતું, જે હવે વધીને ૧૬૫ કર્મચારીઓનું થશે. દર વર્ષે અંદાજે ૨૫ કરોડ રૂપિયા જેટલી વધારાની રકમ ઉપલબ્ધ થવાથી રસ્તા, પાણી, ગટર અને લાઈટ જેવી પાયાની સુવિધાઓમાં ધરખમ સુધારો જોવા મળશે. ઉત્તરાયણ પર્વના મહત્વ અંગે વાત કરતા અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, આ પર્વ અંધકારમાંથી પ્રકાશ તરફની ગતિનું પ્રતીક છે. સૂર્યનારાયણના મકર રાશિમાં પ્રવેશ સાથે પૃથ્વી પર નવી ઉર્જાનો સંચાર થાય છે. થરાદ ખાતે તેમણે નાગરિકો અને સ્થાનિક આગેવાનો સાથે મળીને પરંપરાગત રીતે ગૌમાતાને ઘાસ અને ગોળ ખવડાવી પુણ્યનું ભાથું બાંધ્યું હતું.

# પાલનપુર શહેરમાં મકરસંક્રાંતિની ઉજવણી

મહેશ સોલંકી | પાલનપુર તા.15

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર સહિત સમગ્ર પંથકમાં આજે મકરસંક્રાંતિના પાવન પર્વની અત્યંત ધામધૂમથી અને પરંપરાગત હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ પાલનપુરના આકાશમાં રંગબેરંગી પતંગોનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. બાળકોથી માંડીને વડીલો અને મહિલાઓ સૂર્યોદય પહેલાં જ પોતાના ઘરના ધાબા પર ગોઠવાઈ ગયા હતા. પતંગ કાપવાની સ્પર્ધા અને 'એય કાયપો છે', 'ચલ ચલ લપેટ' ના ગગનભેદી નાદથી શહેરના શાંત વાતાવરણમાં ઉત્સાહનો નવો સંચાર થયો હતો. ઠંડીની પરવા કર્યા વગર પાલનપુરવાસીઓ પતંગબાજીમાં મશગૂલ જોવા મળ્યા હતા. ઉત્તરાયણ એટલે માત્ર પતંગબાજી નહીં, પરંતુ સ્વાદિષ્ટ વાનગીઓનો ઉત્સવ પણ છે. પાલનપુરના ધાબા પર પતંગની પેચબાજીની સાથે સાથે ઉંધિયું, જલેબી અને ફાફડાની જ્યાફત ઉડાવવામાં આવી હતી.

ઉત્તરકાશીની પ્રતિકૃતિ સમાન ભવ્ય અખંડ ત્રિશૂલ

# યાત્રાધામ અંબાજીમાં જાગશે 1500 વર્ષ જૂની દિવ્ય શક્તિ પરંપરા

મહેશ સોલંકી | પાલનપુર તા.15



ભારતની પ્રાચીન શક્તિ ઉપાસનાના ઈતિહાસમાં એક નવું સુવર્ણ પ્રકરણ ઉમેરાવા જઈ રહ્યું છે. ઉત્તરકાશી સ્થિત આશરે ૧૫૦૦ વર્ષ જૂના અખંડ શક્તિ ત્રિશૂલની દિવ્ય પ્રેરણાથી હવે ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીના ત્રિશૂલિયા ઘાટ ખાતે ૧૬ ફૂટ ઊંચું અને અંદાજે ૬૦૦ કિલો વજન ધરાવતું 'અખંડ શક્તિ ત્રિશૂલ' સ્થાપિત કરવામાં આવશે. આ સ્થાપના માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ ભારતની પ્રાચીન શક્તિ પરંપરાના પુનર્જાગરણનું પ્રતીક બની રહેશે. આ ભગીરથ કાર્ય શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને અમદાવાદના સેવાભાવી જય ભોલે ગ્રુપના સંયુક્ત સહયોગથી પૂર્ણ કરવામાં આવ્યું છે.

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલ આગામી ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આ દિવ્ય ત્રિશૂલને અમદાવાદ ખાતે શ્રદ્ધાળુઓના દર્શન માટે ખુલ્લું મુકશે. માઈભક્તો માટે આ એક લ્હાવો છે, કારણ કે ૧૮ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન બપોરે ૩:૦૦ થી સાંજે ૮:૦૦ વાગ્યા સુધી અમદાવાદના વટવા જીઆઈડીસી સ્થિત ફેઝ-૪ ખાતે આ દિવ્ય ત્રિશૂલના દર્શન કરી શકાશે. આ આયોજન પાછળનો મુખ્ય હેતુ ભક્તોમાં આદ્યશક્તિ પ્રત્યેની શ્રદ્ધા અને આધ્યાત્મિક ચેતનાને વધુ પ્રબળ બનાવવાનો છે. સ્થાપિત થનાર આ ત્રિશૂલ ઉત્તરકાશીના વિશ્વનાથ મંદિર નજીક ભાગીરથી નદીના કિનારે બિરાજમાન માતા આદ્યશક્તિના પવિત્ર અખંડ શક્તિ ત્રિશૂલની હૂબહૂ પ્રતિકૃતિ છે. પુરાણો અને દેવી મહાત્મ્ય મુજબ, જ્યારે મહિષાસુરના અત્યાચારથી દેવો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા, ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના તેજમાંથી અઢાર ભુજાવાળી માં જગદંબાનું પ્રાગટ્ય થયું હતું. ભગવાન શિવે માતાને પોતાનું ત્રિશૂલ અર્પણ કર્યું હતું, જેના દ્વારા અધર્મનો નાશ થયો હતો. આ જ દિવ્ય શક્તિનો અહેસાસ હવે અંબાજી આવતા શ્રદ્ધાળુઓને ત્રિશૂલિયા ઘાટ પર થશે.

૨૩ જાન્યુઆરી સુધી ડાયવર્ઝન અમલી

# ઓરસંગ બ્રિજ પર વાહન વ્યવહાર થયો ઠપ્પ, સંખેડા ભાટપુર માર્ગ બંધ કરાયો

કમલેશ પટેલ | સંખેડા તા.15

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા-ભાટપુર-વાસણા રોડ પર સ્થિત ઐતિહાસિક ઓરસંગ બ્રિજની સ્થિતિ અતિ જર્જરિત અને જોખમી જણાતા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી સંપૂર્ણ વાહન વ્યવહાર બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ ૧૯૭૪માં નિર્મિત આ ૫૧ વર્ષ જૂના બ્રિજના પાયા નબળા પડતા અને જાનમાલના નુકસાનની ભીતિ સેવાતા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડીને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની સૂચના આપવામાં આવી છે. રાજ્યના માર્ગ અને મકાન વિભાગના નિષ્ણાતોની તપાસ બાદ આ પુલ પરથી પસાર થવું જોખમી હોવાનું સાબિત થયું છે. અંદાજે ૪૭૫.૫૪ મીટરની લંબાઈ ધરાવતો આ બેલેન્સડ કેન્ટીલીવર આર્ચ ટાઈપ બ્રિજ અડધી સદીથી વધુ સમયથી સેવામાં હતો. જોકે, વર્ષ ૨૦૨૪ અને જૂન ૨૦૨૫ દરમિયાન ઉપરવાસમાં થયેલા અતિભારે વરસાદને કારણે નદીમાં આવેલા પૂરના પાણીએ બ્રિજને ભારે નુકસાન પહોંચાડ્યું છે. નિષ્ણાતોના મતે, બ્રિજનું વેલ ફાઉન્ડેશન આશરે ૨૪ ફૂટ જેટલું ખુલ્લું થઈ ગયું છે અને તેની આજુબાજુનો ટેકો ધોવાઈ ગયો છે.

આલેખન વર્તુળ અને કન્સલ્ટન્ટના સંયુક્ત અહેવાલ મુજબ, ભવિષ્યમાં ભારે વરસાદમાં આ વેલ ફાઉન્ડેશન બેસી જવાની પૂરી સંભાવના છે, જે મોટી હોનારત નોતરી શકે છે. ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઈમરજન્સી વર્ક હેઠળ ઓરસંગ નદીમાં નવીન ડાયવર્ઝન બનાવવાની મંજૂરી આપવામાં આવી છે.

# સોમનાથમાં મકરસંક્રાંતિએ સૂર્યપૂજા અને ગૌપૂજન કરાયું

નરેન્દ્ર દવે | જૂનાગઢ » પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના પવિત્ર સાનિધ્યમાં આજે મકરસંક્રાંતિના પાવન પર્વની આધ્યાત્મિક વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ પુણ્યશાળી દિવસે સૂર્યપૂજા, ગૌપૂજા અને મહાદેવના વિશેષ અભિષેક સહિતના ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના જનરલ મેનેજર દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે સૂર્યનારાયણ અને ગૌમાતાનું પૂજન કરી વિશ્વ કલ્યાણ અને સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ દિવ્ય અવસર પર સમગ્ર સોમનાથ મંદિર પરિસર શિવમય અને ભક્તિમય બની ગયું હતું. સોમનાથ ટ્રસ્ટ સંચાલિત ગીર ગૌશાળામાંથી વિશેષ રૂપે લવાયેલ ગૌમાતાને સોળ શૃંગાર સજીને મંદિર પરિસરમાં લાવવામાં આવ્યા હતા. ગૌમાતાના કપાળે તિલક કરી, પુષ્પમાળા અર્પણ કરી વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું અને તેમને મિષ્ટ ભોગ પણ ધરાવવામાં આવ્યો હતો. આ પૂજન વિધિની ખાસિયત એ રહી કે દેશના વિવિધ રાજ્યોમાંથી ૩૫૦ થી વધુ ભક્ત પરિવારો ડિજિટલ માધ્યમથી ઓનલાઈન આ પૂજામાં સહભાગી થયા હતા. શ્રદ્ધાળુઓએ પોતપોતાના ઘરે બેસીને સોમનાથના સાનિધ્યમાં થતા ગૌપૂજનનો લ્હાવો લીધો હતો. મકરસંક્રાંતિના સંક્રાંતિ કાળ દરમિયાન સોમનાથ મહાદેવને અત્યંત પવિત્ર એવા શુદ્ધોદક જલ, દૂધ, દહીં અને સાકર સહિતના પંચામૃત દ્રવ્યોમાં સફેદ તલ ભેળવીને વિશેષ અભિષેક કરવામાં આવ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, પર્વની ગરિમા જળવાય તે માટે સાંજે મહાદેવને તલનો વિશેષ શૃંગાર પણ કરવામાં આવનાર છે. મહાદેવના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરવા માટે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. દેશ-વિદેશના યાત્રાળુઓ તલના અભિષેકના દર્શન કરી કૃતાર્થ થયા હતા. સનાતન ધર્મમાં મકરસંક્રાંતિ અને તલનો અતૂટ સંબંધ છે. શ્રી વિષ્ણુ પુરાણ અને શિવપુરાણ જેવા ગ્રંથોમાં તલના દાન અને ઉપયોગનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. પદ્મ પુરાણ મુજબ, પિતૃકાર્યમાં તલનો ઉપયોગ કરવાથી પિતૃઓને હજારો વર્ષ સુધી સ્વર્ગમાં વાસ મળે છે અને ગંગાજળ સાથે તલ અર્પણ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આયુર્વેદિક દ્રષ્ટિએ પણ તલને રોગનાશક માનવામાં આવ્યા છે, જે વાત, પિત્ત અને કફના વિકારો દૂર કરે છે. આ જ પરંપરાને અનુસરીને આજે આખો દિવસ પૂજનમાં સફેદ તલનો મહત્તમ ઉપયોગ કરવામાં આવ્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ તમામ ધાર્મિક વિધિઓ પાછળ જગતનું કલ્યાણ થાય અને ભારતવર્ષમાં સુખ-શાંતિ જળવાય તેવી મંગલ કામના કરવામાં આવી હતી. સંક્રાંતિના સૂર્ય પૂજનથી નવી ઉર્જાનો સંચાર થાય તેવી અપેક્ષા સાથે ભક્તોએ દરિયાકાંઠે સૂર્યનારાયણને અર્ઘ્ય અર્પણ કર્યું હતું. સોમનાથ ટ્રસ્ટની આ વ્યવસ્થાને શ્રદ્ધાળુઓએ ખૂબ બિરદાવી હતી.

# મેરે પાસ મા હૈ... થી મોનિકા ઓ માય ડાર્લિંગ સુધી: સંગીતનો અમર વારસો



માયાનો ભ્રમ

- રુપાલી દવે

"મેરે પાસ ગાડી હૈ બંગલા હૈ ઔર નોકર ચાકર ભી તેરે પાસ ક્યા હૈ..હૈ.. હૈમેરે પાસ મા હૈ.. મા હૈ.. મા..." અમિતાભ બચ્ચન અને શશી કપૂર નો ડાયલોગ જેટલો ફેમસ છે એજ રીતે ૧૯૭૧ થી ૧૯૯૦ના દાયકાના ફિલ્મી ગીતો પ્રસિદ્ધ અને વારંવાર સાંભળવા ગમે એટલા કર્ણપ્રિય છે. ૧૯૭૧ થી ૧૯૯૦ ના દાયકા માં મ્યુઝિક ડાયરેક્ટર થી લઈને ગાયક કલાકાર ફિલ્મના હીરો કરતા પણ લોકો માં ફેવરિટ હતા. મૂવી જોવા જતા હતા ત્યારે દર્શકો ફિલ્મના હીરોના લિપ સોંગ માં ફેવરિટ ગાયક ને માણતા હતા. આજેપણ મુકેશ થી લઈને કિશોર કુમાર,મન્નાડે, લતા મંગેશકર,આશા ભોંસલે આર ડી બર્મન,ગીતાદત વગેરે ના અવાજ નો જાદુ એવો ને એવો છવાયેલ છે. ૧૦૦૦ કરોડ ની સુપર ડુપર હિટ મૂવી "ધુરંધર" માં મૂવી ના મૂળ સોંગ કરતા બેક ગ્રાઉન્ડ સોંગમાં વાગતા આર ડી બર્મન ના મ્યુઝિક માં આશા ભોંસલે, ઉષા ઉથુંપ વગેરે નો સ્વર વધારે ગુંજે છે. ધુરંધર ફિલ્મ ની શરૂઆત માંજ "મોનિકા ઓ માય ડાર્લિંગ દુનિયા મેં લોગો કો ધોકા કભી તો હો જાતા હૈ..આંખો હિ આંખો મેં યારો કા દિલ ખો જાતા હૈં.." સાંભળતા જ દર્શકો નું મન પૂરેપૂરું એ ધુરંધર ફિલ્મમાં કેન્દ્રિત થઇ જતા ફિલ્મ ને નિહાળવામાં આનંદ મજા આવતી હતી. તમને ખબર છે "મેને પ્યાર કિયા" ફિલ્મ થિયેટર માં આવી ત્યારે શરૂઆત માં દર્શકો નો હળવો પ્રતિસાદ મળ્યો હતો પરંતુ બીજા ત્રીજા વીકમાં મારા જેવા અનેક લાગણીશીલ મારા સમય ના કોલેજીયનઓ એ દસ પંદર વાર ફિલ્મ જોઈ નાખી હતી, કેમ? કોલેજ કાળ માં યુવક યુવતીઓ નું મન આમપણ ભણવામાં ઓછું ને યુવક કેટલી હદે યુવતીઓની સુંદરતા ના વખાણ કરવાની તાકાત ધરાવે છે એ પરિક્ષા કરવામાં વધારે લાગતું હોય છે. ફિલ્મ "મેને પ્યાર કિયા" ની શરૂઆત માં વાગતું બેક ગ્રાઉન્ડ સોંગ "આતે જાતે હસ્તે ગાતે સોચા થા મન મેં કહી બાર.. આઈ જસ્ટ કોલ ટુ સે આઈ લવ યુ" પ્રેક્ષકોના દિલો દિમાગ માં છવાયેલ હતું એટલે વારંવાર પ્રેક્ષકો ને થિયેટર સુધી ફિલ્મ આકર્ષી રહી હતી.




માન્યું કે ૧૯૭૧ થી ૧૯૯૦ ના ગાળા માં બનેલ મોટાભાગ ની રોમેન્ટિક ફિલ્મો "હીરો" ના અભિનય ને લીધે વધારે વખણાઈ છે.આ ગાળો એ સલમાન ખાન,શાહરૂખ ખાન, અક્ષય ખન્ના,અક્ષય કુમાર,સની દેઓલ વગેરે વગેરે જેવા હિટ ફિટ હેન્ડસમ રોમેન્ટિક હીરોનો હતો.આ કારણોસર ૨૦૨૬ માં પણ ૧૯૮૦ના ગીતો જ મકર સંક્રાંતિ ના પર્વ નિમિતે ધાબા ના લાઉડસ્પીકર પરથી સંભળાઈ છે. ફિલ્મ ઉદ્યોગની પીચ પર દાયકાઓ સુધી સફળતા પૂર્વક બેટિંગ કરી રહેલ સલમાન ખાન,અક્ષય કુમાર,અક્ષય ખન્ના, સની દેઓલ, જોહન અબ્રાહમ વગેરે હીરો પણ ભારતીય સમાજ નો જ એક હિસ્સો છે એટલે પ્રૌઢ થયા બાદ પ્રેમી નું ટેગ હટાવી ને એકશન થ્રિલર ફિલ્મો ના એન્ગ્રીયંગમેન બની ગયા છે. ધુરંધર ફિલ્મ ને દર્શકો એ ત્રણ ચાર વખત થિયેટર માં જઇને જોઈ એની પાછળ મુખ્ય હીરો કરતા વિલન ના અભિનય એ દર્શકો ને વધારે આકર્ષિત કર્યો છે.ફિલ્મ માં રો ના અધિકારી નું પાત્ર નિભાવતા આર માધવન નું કિરદાર જોતા અસલ અજીત ડોભાલ ની પ્રતિકૃતિ હોય ને એવું લાગતું હતું. "તનુ વેડ્સ મનુ" ફેમ કંગના રનૌત ના હીરો આર માધવન ને પ્રથમ દૃષ્ટિ એ જોતા ઓળખાતા જ નહતા. માન્યું કે ફિલ્મ નો "ધુરંધર" રણવીર સિંહ છે એનો અભિનય થી લઈને લુક માં પરફેક્ટ છે.વર્તમાન સમય માં રણવીર સિંહ એ એવો યુવા હેન્ડસમ હીરો છે કે એ રોમેન્ટિક,થ્રિલર, એકશન વગેરે વિષયની ફિલ્મોમાં કરે છે.આમ છતાંય ધુરંધર ફિલ્મ માં આર માધવન, અક્ષય ખન્ના,રાકેશ બેદી, સંજય દત વગેરે નો દબદબો વધારે જોવા મળે છે.




શોલે ફિલ્મ માં અમજદ ખાન ના "અરે ઓ કાલિયા કિતને આદમી હૈ.. સરદાર,તીન..આદમી તીન ઔર ગોલી સિર્ફ એક.. બહોત ના ઇન્સાફી.." ડાયલોગ ની જેમજ ધુરંધર ફિલ્મમાં લાલચુ રાજનેતા બનેલ રાકેશ બેદીનો "અરે!! ગભરા મત રે.. મેં બેઠા હું ના તુમ તો આપના બચ્ચા હૈ આપના" ડાયલોગ ફેમસ થયો છે. આમ તો રાકેશ બેદી એ ટીવી પર પદાર્પણ કરતા પહેલા ઘણી હિન્દી ફિલ્મો માં કોમેડી હીરો નો રોલ કર્યો છે જૂની ફિલ્મ "ચશ્મે બદુર" માં મુખ્ય હીરો ફારુખ શેખ ની સાથે રાકેશ બેદી પણ સહ કલાકાર ની ભૂમિકા માં હતા. ટેલિવિઝન ની કોમેડી સીરિયલ "યે જો હૈ યે જો હૈ જિંદગી" માં સતીશ શાહ અને રાકેશે બેદી ની કોમેડી જોડી એ ધૂમ મચાવી હતી. રાકેશ બેદી એ એની કેરિયર માં લોટસ ઓફ ફિલ્મો અને ટીવી સિરિયલ કરી છે પણ "ધુરંધર" ફિલ્મે એને વધારે પ્રસિદ્ધિ આપી હોય એવું લાગે છે.

દર્શકો ના મન માં ફિલ્મ ઉતરી જવી મતલબ ગણિત નું જટિલ આંકડાકીય માળખું ઉકેલવું બરાબર સમજો. થિયેટર પર રજૂ થતી ફિલ્મો એ બેત્રણ મહિનામાં તૈયાર થતી નથી. બેત્રણ માસ માં તૈયાર થઈ ને રિલીઝ થતી ફિલ્મો માં એડિટીંગ પર ધ્યાન અપાતું નથી એટલે ફિલ્મો ની ભૂલો દર્શકોની નજરે તુરંત આવી જતા ફિલ્મ ફ્લોપ જાય છે.એક મૂવી બનાવવા પાછળ નિર્માતા અને દિગ્દર્શક ના રૂપિયા, સમય અને મગજ નું પાણી ની સાથે સંખ્યાબંધ મેન્સ પાવર નો પણ ભરપૂર ખર્ચ થતો હોય છે.મૂવી હિટ કે ફ્લોપ એ નિર્માતા દિગ્દર્શક પર આધારિત હોય છે,કેમ? પટ કથાકાર નું કન્ટેન્ટ મળ્યા બાદ નિર્માતા દિગ્દર્શક ફિલ્મના ડાયલોગ્સ,કલાકાર,ગીતો, બેક ગ્રાઉન્ડ મ્યુઝિક,ફિલ્માંકન વગેરે વગેરે અસંખ્ય પાસા પર વિચારી ને ફિલ્મ નું બજેટ નક્કી કરતા હોય છે.એક નિશ્ચિત બજેટ પર ફિલ્મ બનાવ્યા બાદ એડિટિંગ નું કામ મહિનાઓ સુધી ચાલતું હોય છે.વિચારશો તો સમજાશે કે મહિનાઓ અને વર્ષ બાદ અનેક પ્રોસેસ માંથી પસાર થઈને ફિલ્મ થિયેટર માં રિલીઝ થતી હશે ત્યારે નિર્માતા દિગ્દર્શક ના દિલ ની શું દશા થતી હશે? નિર્માતા દિગ્દર્શક માટે થિયેટર માં રિલીઝ થયેલી ફિલ્મ એ રેસ નો ઘોડો હોય છે દોડ્યો તો ખર્ચ થયેલ બજેટ સરભર ને ફ્લોપ તો માથા પર હદ થી વધારે દેવું.. "ધુરંધર" ફિલ્મ ના દિગ્દર્શક આદિત્ય ધર છે એટલે એની અગાઉ ની સફળ ફિલ્મ "ઉરી:ધ સર્જિકલ સ્ટ્રાઈક" ના એક દર્શક બની કહી શકાય કે આદિત્ય ધર નું પરફેક્શન આઈ ક્યૂ લેવલ ટોપનું જ હશે ત્યારે તો ફિલ્મ " ધુરંધર" એ ૧૦૦૦ કરોડ નો આંકડો ક્રોસ કરી નાખ્યો છે જે ફિલ્મ જગત ના ઈતિહાસ માં પહેલી વાર બન્યું હશે..




# પતંગબાજીના જોરે 'પોપટલાલ' દુલ્હન લાવશે..!

## 18 વર્ષ પછી શોમાં પત્રકાર પરણશે, ગોકુલધામથી જયપુર જશે જાન; લગ્ન માટે છોકરીની એક શરત

(એજન્સી) મુંબઇ | તા.15

લોકપ્રિય ટેલિવિઝન શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની ટીમ આ દિવસોમાં ગુલાબી નગરી જયપુરમાં ધૂમ મચાવી રહી છે. મકરસંક્રાંતિના પવિત્ર પર્વ નિમિત્તે શોના કલાકારોએ જયપુરમાં પતંગબાજીનાં ખાસ દૃશ્યો શૂટ કર્યાં છે. હવામહેલની સામે ધાબા પર ઊડતા રંગબેરંગી પતંગો વચ્ચે ગોકુલધામવાસીઓનો અંદાજ જોવા જેવો હતો, પરંતુ આ વખતે પતંગબાજી માત્ર મનોરંજન માટે નથી, પોપટલાલના લગ્નનો સવાલ છે!

પતંગ કપાશે તો જ પોપટલાલ પરણશે! શોના નિર્માતા અસિત કુમાર મોદીએ જયપુરમાં શૂટિંગ દરમિયાન એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે શોમાં પોપટલાલની થનારી દુલ્હન જયપુરની છે અને તેનું નામ 'બબલી' છે, જોકે આ લગ્ન આટલા સરળ નથી! બબલીએ લગ્ન માટે એક વિચિત્ર શરત મૂકી છે - "જે કોઈ તેની પતંગ કાપશે, તેની સાથે જ તે લગ્ન કરશે." આ શરત બાદ હવે સ્ટોરીમાં જબરદસ્ત રોમાંચ જોવા મળશે. એક તરફ બબલી પોતાની ટીમ સાથે હશે, તો બીજી તરફ પોપટલાલને પરણાવવા માટે આખી ટપ્પુસેના મેદાને પડી છે. ।જસ્થાની લુકમાં જોવા મળ્યો 'પોપટલાલ' શૂટિંગ દરમિયાન પોપટલાલ ઉર્ફે શ્યામ પાઠક એકદમ દેશી રાજસ્થાની લુકમાં જોવા મળ્યો હતો. તેણે રાજસ્થાની શેરવાની અને રંગીન પાઘડી પહેરીને પતંગ ઉડાવ્યો હતો. સેટ પરથી મળતી માહિતી મુજબ, કલાકારોએ જયપુરના પ્રખ્યાત પકવાનની મજા માણી હતી અને પરંપરાગત અંદાજમાં પતંગબાજીનો આનંદ લીધો હતો.

શ્યામ પાઠકે (પોપટલાલ) કહ્યું- પોપટલાલ પતંગબાજીમાં એક્સપર્ટ છે, મને પૂરો વિશ્વાસ છે કે હું બબલીની પતંગ ચોક્કસ કાપીશ. આ વખતે પોપટલાલે લગ્ન કરવાનો મક્કમ નિર્ધાર કરી લીધો છે!

જયપુરની પતંગબાજી જોઈ દંગ રહી ગયા કલાકારો શ્યામ પાઠકે જયપુરની પતંગબાજીનાં વખાણ કરતાં કહ્યું હતું કે અત્યારસુધી મેં ગુજરાતની પતંગબાજી જોઈ હતી, પણ જયપુરનો ઉત્સાહ નિરાલો છે. આ શૂટિંગમાં શ્યામ પાઠક ઉપરાંત ધર્મિત શાહ (ગોલી), નીતિશ ભાલુની (ટપ્પુ) અને સમય શાહ (ગોગી) સહિતના યુવા કલાકારો પણ જોડાયા હતા. વર્ષો પછી શોમાં પોપટલાલના લગ્નની વાત આવતાં ચાહકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**શોમાં છ કલાકાર ગુજરાતી |** શોમાં થોડા મહિનાઓ પહેલાં એક નવા રાજસ્થાની ફેમિલીની એન્ટ્રી કરવામાં આવી હતી. ચાર સભ્યનો આ પરિવાર મજા પણ ચાર ગણી વધારી રહ્યો છે. શોમાં નવી એન્ટ્રી થયેલી રત્ના સિંહ અને રૂપવતી મૂળ ગુજરાતી છે, રત્ના સિંહનું સાચું નામ કુલદીપ ગોર અને રૂપવતીનું સાચું નામ ધરતી ભટ્ટ છે, એટલે હવે આ શોમાં નિર્માતા સહિત કુલ છ કલાકાર ગુજરાતી થઈ ગયા છે. શોના નિર્માતા (અસિત મોદી), જેઠાલાલ (દિલીપ જોશી), ચમકલાલ (અમિત ભટ્ટ), બાઘા (તન્મય વેકરિયા) અને સુંદરલાલ (મયૂર વાકાણી) મૂળ ગુજરાતી છે. બાકીના બે બાળકલાકાર જે મૂળ મુંબઈના છે, જેમાં છોકરાનું નામ- અક્ષન સેહરાવત અને છોકરીનું નામ- માહી ભદ્ર છે.

આ કલાકારો શો છોડી ચૂક્યા છે 'દયાભાભી' ઉપરાંત શોના અનેક મહત્ત્વનાં પાત્રો ભજવતા કલાકારો આ શોનો સાથ છોડી ચૂક્યા છે, જેમાં શૈલેષ લોઢા (તારક મહેતા), નેહા મહેતા (અંજલિ), ભવ્ય ગાંધી (પહેલો ટપુ), જીલ મહેતા (પહેલી સોનુ), ગુરુચરણસિંહ (પહેલો સોઢી), જેનીફર મિસ્ત્રી બન્સીવાલ (મિસિસ સોઢી), નિધિ ભાનુશાલી (બીજી સોનુ), રાજ અનડકટ (બીજો ટપુ), મોનિકા ભદોરિયા (બાવરી)નો સમાવેશ થાય છે.



# મલાઈકાનું 20 વર્ષ નાના ગુજરાતી હીરાના વેપારી સાથે ઈલુ-ઈલુ...?

(એજન્સી) મુંબઇ | તા.15

મલાઈકા અરોરા ગયા વર્ષે ગુજરાતના ડાયમંડ બિઝનેસમેન હર્ષ મહેતા સાથે સ્પોટ થઈ હતી, જેના પછી તેની લવ લાઈફને લઈને અટકળો શરૂ થઈ ગઈ હતી. હવે એક્ટ્રેસે આ અફવાઓ પર પ્રતિક્રિયા આપી છે. ઉપરાંત તેણે તેના એક્સ બોયફ્રેન્ડ એક્ટર અર્જુન કપૂર વિશે પણ વાત કરી છે. ધ નમ્રતા ઝકારિયાના શોમાં અર્જુન વિશે વાત કરતા મલાઈકાએ કહ્યું- તે મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભલે ગમે તે થાય, તે મારા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે. હું મારા ભૂતકાળ કે ભવિષ્ય વિશે વધુ વાત કરવા માંગતી નથી. આ વિશે પહેલાથી જ ઘણું લખાઈ ચૂક્યું છે અને બતાવવામાં આવ્યું છે. મારું અંગત જીવન મીડિયા માટે ફીડિંગ ગ્રાઉન્ડ બની ગયું છે.

જ્યારે હોસ્ટે અર્જુનને બ્રેકઅપ પછી હર્ષ વિશે પૂછ્યું, ત્યારે મલાઈકા કહે છે- લોકોને વાતો કરવી ગમે છે. જો તમને કોઈની સાથે સ્પોટ કરવામાં આવે, તમે બહાર જાઓ છો, તો તે ચર્ચાનો મુદ્દો બની જાય છે. હું કારણ વગર આ વાતોને હવા આપવા માંગતી નથી કારણ કે તેનાથી ખરેખર કોઈ ફાયદો થશે નહીં.

'માનો કે ન માનો, હું જ્યારે પણ બહાર નીકળી છું, પછી ભલે તે કોઈ જૂનો મિત્ર હોય, ગે ફ્રેન્ડ હોય, પરિણીત મિત્ર હોય, કોઈ જૂનો મિત્ર હોય, મેનેજર હોય કે કોઈ પણ હોય... મારું નામ તરત જ તે વ્યક્તિ સાથે જોડાઈ જાય છે. અમે તેના પર હસીએ છીએ અને મજાક કરીએ છીએ.'

ગયા વર્ષે ઓક્ટોબરમાં મુંબઈમાં એનરિક ઇગ્લેસિયસના કોન્સર્ટમાં મલાઈકાને ડાયમંડ બિઝનેસમેન હર્ષ મહેતા સાથે જોવામાં આવી હતી. 33 વર્ષના હર્ષ ત્યારબાદ એક-બે વધુ પ્રસંગોએ મલાઈકાની આસપાસ જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર બંનેના સંબંધોને લઈને અટકળો લગાવવામાં આવી રહી હતી. કેટલાક રિપોર્ટ્સમાં તો એવું પણ લખવામાં આવ્યું હતું કે અર્જુન કપૂરથી બ્રેકઅપ પછી મલાઈકા હર્ષને ડેટ કરી રહી છે.

**એક્ટ્રેસે કહ્યું- પરણિત કે ગે મિત્ર સાથે પણ લોકો નામ જોડે છે; એક્સ વિશે બોલી- 'અર્જુનને ક્યારેય નહીં ભૂલું'**

# સૂર્યાને પોતાની સાથે જોડનાર ખુશી પર 100 કરોડનો માનહાનિનો દાવો...

## ભારતીય કેપ્ટનના ચાહકે કેસ ઠોક્યો; એક્ટ્રેસે કહ્યું હતું કે સૂર્યકુમાર મને મેસેજ કરતો હતો...






(એજન્સી) મુંબઇ | તા.15

ઈન્ડિયન T20 ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ વિશે આપેલા એક નિવેદન બાદ અભિનેત્રી અને મોડેલ ખુશી મુખર્જી વિવાદમાં આવી ગઈ છે. સૂર્યકુમારના ફેન ફૈઝાન અંસારીએ ખુશી મુખર્જી વિરુદ્ધ 100 કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો કર્યો છે. આ અંગેની ફરિયાદ ગાઝીપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

ફૈઝાન અંસારીનો આરોપ છે કે ખુશી મુખર્જીએ સૂર્યકુમાર યાદવ વિશે જાણી જોઈને એવા નિવેદનો આપ્યા, જેનાથી એક રાષ્ટ્રીય સ્તરના ખેલાડીની છબીને નુકસાન પહોંચી શકે છે. તેમનું કહેવું છે કે આ નિવેદનો કોઈ પુરાવા વગર અને ખોટી નિયતથી આપવામાં આવ્યા છે.

ખુશીએ કહ્યું હતું કે સૂર્યા મને મેસેજ કરતા હતા ખુશી મુખર્જીએ થોડા દિવસ પહેલા દાવો કર્યો હતો કે ભારતીય ક્રિકેટર સૂર્યકુમાર યાદવ તેમને પહેલા અવારનવાર મેસેજ કરતા હતા. જોકે, તેમણે સ્પષ્ટપણે કહ્યું કે તેમના અને સૂર્યકુમાર વચ્ચે ક્યારેય કોઈ રોમેન્ટિક સંબંધ રહ્યો નથી.

વિવાદ વધ્યા બાદ NDTVને આપેલા ઈન્ટરવ્યૂમાં ખુશી મુખર્જીએ પોતાના નિવેદન અંગે સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે સૂર્યકુમાર યાદવ સાથે તેમનો ક્યારેય કોઈ રોમેન્ટિક સંબંધ રહ્યો નથી અને તેમની વાતોને ખોટા સંદર્ભમાં રજૂ કરવામાં આવી હતી. અભિનેત્રીનું કહેવું હતું કે નિવેદનને વધારી-ચઢાવીને રજૂ કરવામાં આવ્યું, જેનાથી ગેરસમજ ઊભી થઈ.

ખુશીએ એવો પણ દાવો કર્યો કે તે દરમિયાન તેમનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક થઈ ગયું હતું. તેમણે જણાવ્યું કે પહેલા તેમની સૂર્યકુમાર યાદવ સાથેની વાતચીત માત્ર મિત્રતા પૂરતી મર્યાદિત હતી, પરંતુ હવે બંને વચ્ચે કોઈ સંપર્ક નથી. વિવાદ પછી પણ તેમની સૂર્યકુમાર સાથે કોઈ વાતચીત થઈ નથી.

T20 વર્લ્ડ કપની તૈયારી કરી રહ્યા છે સૂર્યા T20 વર્લ્ડ કપ 2026ને ધ્યાનમાં રાખીને ટીમ ઈન્ડિયાના T20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ પોતાની તૈયારીમાં વ્યસ્ત છે. જોકે, તાજેતરની મેચમાં તેનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું નથી. વર્લ્ડ કપ પહેલા ભારતને 21 જાન્યુઆરીથી ન્યૂઝીલેન્ડ સામે 5 મેચની T20 સિરીઝ રમવાની છે, જેને તૈયારીની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# 'ગદર' એક્ટ્રેસ અમીષાનો મોબાઈલ નંબર લીક? : સો. મીડિયા ચાહકોને એલર્ટ કર્યા

(એજન્સી) મુંબઇ | તા.15

બોલિવૂડ એક્ટ્રેસ અમીષા પટેલે પોતાના ચાહકોને ફેક નંબરથી સાવધાન રહેવાની ચેતવણી આપી છે. અમીષાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં શંકાસ્પદ કોન્ટેક્ટનો સ્ક્રીનશોટ શેર કરતા જણાવ્યું કે કોઈ તેના નામ અને ફોટોનો ઉપયોગ કરી રહ્યું છે. તેણે સ્પષ્ટ કર્યું કે સર્ક્યુલેટ થઈ રહેલો નંબર તેમનો નથી.

સ્ક્રીનશોટ સાથે એક્ટ્રેસે લખ્યું- 'આ નંબર ફેક છે અને આ વ્યક્તિ છેતરપિંડી કરનાર છે. કૃપા કરીને તેની જાળમાં ન ફસાશો. આ હું નથી.' એક્ટ્રેસ સોશિયલ મીડિયા પર લોકોને આ સ્કેમ વિશે એલર્ટ કરતા અપીલ કરી છે કે તેના નામથી કરવામાં આવેલા કોઈપણ નકલી કોલ કે મેસેજનો શિકાર ન બનો અને સતર્ક રહો.

આ સમગ્ર મામલે ચિંતા વ્યક્ત કરતા અમીષાએ કહ્યું કે ડિજિટલ સ્પેસમાં ખોટી માહિતી કેટલી સરળતાથી ફેલાઈ શકે છે, ખાસ કરીને જ્યારે તેમાં પબ્લિક ફિગર સામેલ હોય. આ મુદ્દાની ગંભીરતા પર ભાર મૂકતા, તેણે ચાહકોને ચેતવણી આપી કે ફેક નંબર પાછળનો વ્યક્તિ તેમની ઓળખનો દુરુપયોગ કરીને લોકોને છેતરવાનો પ્રયાસ કરી શકે છે. અમીષાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો વર્ષ 2023માં તેમની 'ગદર-2' આવી હતી, જે તેની કમબેક ફિલ્મ હતી. આ એક્ટ્રેસની અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની.

અમીષાએ 2000માં ફિલ્મ કહો 'ના... પ્યાર હૈ'થી ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ તેણે 'ગદર: એક પ્રેમ કથા', 'હમરાઝ' અને 'ક્યા યહી પ્યાર હૈ' જેવી ફિલ્મો કરી છે.

ઘણી હિટ ફિલ્મો પછી તેમના કરિયરમાં ઉતાર-ચઢાવ પણ આવ્યા. લીડ રોલ કરનાર અમીષાએ પછી 'હનીમૂન ટ્રાવેલ્સ પ્રાઈવેટ લિમિટેડ', 'ભૂલ ભુલૈયા' અને 'રેસ 2' જેવી ફિલ્મોમાં સપોર્ટિંગ રોલ ભજવ્યા.

**સ્ક્રીનશોટ શેર કરીને કહ્યું- જાળમાં ન ફસાશો**



# સગા ભાઈને કીધા વગર શ્રદ્ધા કપૂર લગ્ન કરશે...?

(એજન્સી) મુંબઇ | તા.15

બોલિવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરના લગ્નની ચર્ચાઓ સોશિયલ મીડિયા પર જોરશોરથી ચાલી રહી છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે શ્રદ્ધા તેના કથિત બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથે ટૂંક સમયમાં લગ્નના બંધનમાં બંધાઈ શકે છે. જોકે, આ અંગે શ્રદ્ધા તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે શ્રદ્ધા અને રાહુલના લગ્ન રાજસ્થાનના ઉદયપુરમાં થઈ શકે છે. ત્યારબાદ આ દાવાઓ પર શ્રદ્ધાના ભાઈ અને એક્ટર સિદ્ધાંત કપૂરે મજેદાર અંદાજમાં પ્રતિક્રિયા આપી.

સિદ્ધાંતે ઈન્સ્ટાગ્રામ પર વાઈરલ થઈ રહેલી એક પોસ્ટના કમેન્ટ સેક્શનમાં આશ્ચર્ય અને હાસ્યવાળા ઈમોજી સાથે લખ્યું, "આ તો મારા માટે પણ ન્યૂઝ છે."

શ્રદ્ધા અને સિદ્ધાંત, બંને અભિનેતા શક્તિ કપૂરના બાળકો છે. ગયા અઠવાડિયે શ્રદ્ધાએ પણ પોતાના લગ્નને લઈને ચર્ચા ત્યારે વધારી દીધી હતી, જ્યારે તેમણે ઈન્સ્ટાગ્રામ પર એક ફેનના સવાલનો જવાબ આપ્યો હતો. ફેને પૂછ્યું હતું, "શ્રદ્ધાજી લગ્ન ક્યારે કરશો?" આના પર શ્રદ્ધાએ મજાકિયા અંદાજમાં લખ્યું હતું, "હું લગ્ન કરીશ." તેમના આ જવાબને ફેન્સે લગ્ન તરફનો ઈશારો માન્યો.

શ્રદ્ધા અને રાહુલના સંબંધોની ચર્ચા પહેલીવાર 2024ની શરૂઆતમાં ત્યારે થઈ, જ્યારે બંનેને મુંબઈમાં એક ડિનર ડેટ પછી સાથે જોવામાં આવ્યા હતા.






# ફિલ્મ 'હેપ્પી પટેલ'નું સ્ક્રીનિંગ; ગર્લફ્રેન્ડ ગૌરી સાથે પહોંચ્યો આમિર...

(એજન્સી) મુંબઇ | તા.15 'ફિલ્મ હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ'નું બુધવારે મુંબઈમાં એક સ્પેશિયલ સ્ક્રીનિંગ રાખવામાં આવ્યું હતું. આ સ્ક્રીનિંગમાં ઘણા મોટા સિતારાઓ હાજર રહ્યા હતા. ફિલ્મના પ્રોડ્યુસર આમિર ખાન પણ તેની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે કાર્યક્રમમાં પહોંચ્યા હતા. સ્ક્રીનિંગમાં આમિરનો પરિવાર પણ હાજર રહ્યો હતો. તેની માતા જીના હુસૈન અને બહેનો નિખત અને ફરહત ખાન પણ જોવા મળી હતી. આ ઉપરાંત ઈવેન્ટમાં રાજુ હિરાણી, કુણાલ ખેમુ, તૃપ્તિ ડિમરી, બાબીલ ખાન અને નિતેશ તિવારી જેવા સેલેબ્સ પણ સામેલ થયા હતા. ફિલ્મ 'હેપ્પી પટેલ: ખતરનાક જાસૂસ' વીર દાસના નિર્દેશનમાં બનેલી પહેલી ફિલ્મ છે. આમાં તે અભિનય પણ કરી રહ્યા છે અને એક અલગ તથા મજેદાર જાસૂસના રોલમાં જોવા મળશે. ફિલ્મમાં મોના સિંહ, શારિબ હાશમી, મિથિલા પાલકર અને સૃષ્ટિ તાવડે જેવા કલાકારો છે.









## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# ભારતીય મહિલા ફૂટબોલ ટીમ તૂર્કિયે 26 ખેલાડીઓ સાથે પ્રવાસે રવાના થઈ



(એજન્સી) નવી દિલ્હી । તા. 15

ભારતીય સિનિયર મહિલા ફૂટબોલ ટીમ, જે 'બ્લુ ટાઈગ્રેસીસ' તરીકે ઓળખાય છે, તે ૨૬ ખેલાડીઓના મજબૂત દળ સાથે ગુરુવારે તૂર્કિયે પ્રવાસે રવાના થઈ છે. માર્ચ મહિનામાં ઓસ્ટ્રેલિયામાં યોજાનારા એએફસી મહિલા એશિયન કપ ૨૦૨૬ની તૈયારીઓના ભાગરૂપે આ પ્રવાસ અત્યંત મહત્વનો માનવામાં આવી રહ્યો છે. તૂર્કિયે રવાના થતા પહેલા ટીમે હરિયાણાના ગુરુગ્રામમાં ત્રણ દિવસીય ટૂંકો તાલીમ શિબિર પૂર્ણ કર્યો હતો. ભારતીય ટીમ ગુરુવારે બપોરે તૂર્કિયેના અંતાલ્યા પહોંચશે.

યુરોપિયન ક્લબ્સ સામે કપરો પડકાર ભારતીય ટીમ તૂર્કિયેના માનવગાટમાં ત્રણ શક્તિશાળી યુરોપિયન ક્લબ્સ સામે ફ્રેન્ડલી મેચ રમશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૧૮ જાન્યુઆરીએ યુક્રેનની એફસી મેટાલિસ્ટ, ૨૧ જાન્યુઆરીએ સ્વિટ્ઝર્લેન્ડની એફસી ઝ્યુરિખ ફ્રાઉન અને ૨૪ જાન્યુઆરીએ એફસી સ્ક્લીરેન સામે ભારત ટકરાશે. જોકે, ઈજાના કારણે વિંગર સૌમ્યા ગુગુલોથ અને મિડફિલ્ડર કાર્તિકા આંગામુથુ આ પ્રવાસમાં સામેલ થઈ શક્યા નથી, જે ટીમ માટે એક મોટો આંચકો છે.

# મેગ લેનિંગે WPLમાં 1000 રન કરવાનો ઐતિહાસિક માઈલસ્ટોન હાંસલ કર્યો

(એજન્સી) નવી મુંબઈ । તા. 15



વુમન્સ પ્રીમિયર લીગ ૨૦૨૬માં રમાયેલી એક અત્યંત રોમાંચક મેચમાં દિલ્હી કેપિટલ્સે યુપી વોરિયર્સને સાત વિકેટે પરાજય આપ્યો છે. છેલ્લી ક્ષણ સુધી ચાલેલી આ મેચમાં દિલ્હીએ સંયમ જાળવી રાખી વિજય હાંસલ કર્યો હતો. ભલે યુપી વોરિયર્સની હાર થઈ હોય, પરંતુ કેપ્ટન મેગ લેનિંગે તેની લડાયક ૫૪ રનની ઈનિંગ દરમિયાન WPL ઈતિહાસમાં ૧૦૦૦ રન પૂરા કરનાર ત્રીજી ખેલાડી બનીને ઈતિહાસ રચ્યો છે. હાર છતાં લેનિંગે પોતાના બોલરોના વખાણ કર્યા હતા જેમણે મેચને છેલ્લા બોલ સુધી ખેંચી હતી. શેફાલી અને લીની શાનદાર ભાગીદારી ૧૫૫ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સને ઓપનર શેફાલી વર્મા અને લિઝેલ લીએ ૯૪ રનની તોફાની ભાગીદારી કરીને મજબૂત શરૂઆત અપાવી હતી. લિઝેલ લીએ ૪૪ બોલમાં ૬૭ રન ફટકાર્યા હતા, જ્યારે શેફાલી વર્માએ ૩૬ રનનું યોગદાન આપ્યું હતું.

# ભાવનગરના હનોલ ગામમાં 'ફિટ ઈન્ડિયા' સાયકલિંગ પ્રોગ્રામ યોજાયો

હનોલ (ભાવનગર) | કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ ગુરુવારે ભાવનગર જિલ્લાના હનોલ ગામમાં



'ફિટ ઈન્ડિયા' સાયકલિંગ કાર્યક્રમ અંતર્ગત સાયકલ ચલાવીને ગ્રામજનો અને યુવાનોમાં નવો ઉત્સાહ ભર્યો હતો. હનોલ ગામમાં ૧૩ થી ૧૫ જાન્યુઆરી દરમિયાન ત્રણ દિવસીય 'આત્મનિર્ભર હનોલ મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. મંત્રીએ સાયકલિંગ દ્વારા પર્યાવરણની જાળવણી અને શારીરિક ફિટનેસનો મજબૂત સંદેશ પાઠવ્યો હતો. 'સન્ડે ઓન સાયકલ' હવે એક મિશન ANI સાથેની વાતચીતમાં મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, "સન્ડે ઓન સાયકલ" હવે દેશમાં એક મોટું અભિયાન બની ગયું છે. તેમણે ગર્વ સાથે કહ્યું કે તેમના ગામ હનોલમાં દરેક ઘરે સાયકલ છે અને લોકો તેનો નિયમિત ઉપયોગ કરે છે. તેમણે દેશના તમામ યુવાનોને અપીલ કરી હતી કે ટૂંકા અંતરના મુસાફરી માટે સાયકલનો ઉપયોગ કરવાની આદત પાડે, જેથી પ્રદૂષણ મુક્ત અને તંદુરસ્ત ભારતનું નિર્માણ થઈ શકે. આત્મનિર્ભરતાનો સંકલ્પ મંત્રીએ વધુમાં જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમૃદ્ધ પંચાયતો, કૌશલ્ય કેન્દ્રો અને સ્વચ્છતા દ્વારા ગામડાઓના વિકાસનું જે સપનું જોયું છે, હનોલ ગામ તેને સાર્થક કરી રહ્યું છે.

## કેએલ રાહુલની શાનદાર સદી વ્યર્થ ગઈ : ડેરિલ મિચેલનું દમદાર પ્રદર્શન વિજયી સદી

# રાજકોટ વનડેમાં ભારતની હાર ન્યૂઝીલેન્ડ સામે પરાજય

(એજન્સી) રાજકોટ । તા. 15

સૌરાષ્ટ્રના ક્રિકેટ પ્રેમીઓથી ખીચોખીચ ભરેલા રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાયેલી બીજી વનડે મેચમાં પ્રવાસી ન્યૂઝીલેન્ડની ટીમે ભારતને ૭ વિકેટે પરાજય આપી શ્રેણીમાં જોરદાર વાપસી કરી છે. આ જીત સાથે જ ત્રણ મેચોની વનડે શ્રેણી હવે ૧-૧ ની બરાબરી પર આવી ગઈ છે. ભારત તરફથી કેએલ રાહુલે લડાયક બેટિંગ કરતા શાનદાર સદી ફટકારી હતી, પરંતુ ડેરિલ મિચેલ અને વિલ યંગની વિસ્ફોટક બેટિંગ સામે ભારતીય બોલરો લાચાર દેખાયા હતા. હવે શ્રેણીનો અંતિમ અને નિર્ણાયક મુકાબલો રવિવારે ઈન્દોરના મેદાન પર રમાશે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ભારતે ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૫૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૨૮૪ રનનો પડકારજનક સ્કોર ઉભો કર્યો હતો. ટીમની શરૂઆત આશાસ્પદ રહી હતી, જેમાં કેપ્ટન શુભમન ગિલે ૫૬ રન અને રોહિત શર્માએ ૨૪ રન બનાવી પ્રથમ વિકેટ માટે ૭૦ રન જોડ્યા હતા. જોકે, મધ્યક્રમમાં વિરાટ કોહલી (૨૩) અને શ્રેયસ અય્યર (૮) વહેલા



આઉટ થતા ટીમ ઈન્ડિયા મુશ્કેલીમાં મુકાઈ હતી. આવી કટોકટીની પળે કેએલ રાહુલે મોરચો સંભાળ્યો હતો. રાહુલે ૯૨ બોલમાં અણનમ ૧૧૨ રનની ઈનિંગ રમી હતી, જે તેની કારકિર્દીની ૮મી વનડે સદી છે. તેણે રવિન્દ્ર જાડેજા સાથે ૭૩ રનની મહત્વની ભાગીદારી કરી ભારતને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડ્યું હતું.

### કિવી બોલરોનો શિસ્તબદ્ધ મારો

ન્યૂઝીલેન્ડ તરફથી યુવા બોલર ક્રિશ્ચિયન ક્લાર્કે પ્રભાવશાળી દેખાવ કરતા ભારતના મહત્વના ત્રણ બેટ્સમેનોને પેવેલિયન ભેગા કર્યા હતા. ઝાકરી ફોલ્કેસે પણ એક વિકેટ ઝડપી હતી. મીડિયા અહેવાલ મુજબ, કિવી સ્પિનરોએ વચ્ચેની ઓવરોમાં ભારતીય બેટ્સમેનોને રન બનાવવા માટે ઝઝૂમતા રાખ્યા હતા. જોકે, અંતિમ ઓવરોમાં રાહુલના પ્રહારને કારણે ભારત ૨૮૦ રનનો આંકડો પાર કરી શક્યું હતું. ૨૮૫ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની શરૂઆત મધ્યમ રહી હતી, પરંતુ ડેરિલ મિચેલ અને વિલ યંગે ભારતીય બોલરોની લય બગાડી નાખી હતી.

વિલ યંગે ૮૭ રનની શાનદાર ઈનિંગ રમી પાયો નાખ્યો હતો, જ્યારે ડેરિલ મિચેલે અણનમ સદી ફટકારીને ટીમને જીતના ઉંબરે પહોંચાડી દીધી હતી. કિવી ટીમે ૪૭.૩ ઓવરમાં માત્ર ૩ વિકેટના નુકસાન પર ૨૮૬ રન બનાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. ભારત તરફથી અર્શદીપ સિંહ અને કુલદીપ યાદવ રન રોકવામાં નિષ્ફળ રહ્યા હતા, જે હારનું મુખ્ય કારણ બન્યું હતું.



### ન્યૂઝીલેન્ડ સામે કારમી હાર બાદ ગિલ નારાજ

રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી વન-ડે મેચમાં ભારતીય ટીમને પ્રવાસી ન્યૂઝીલેન્ડ સામે ૭ વિકેટે શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. કેએલ રાહુલની શાનદાર ૧૧૨ રનની અણનમ સદીની મદદથી ભારતે ૨૮૪ રનનો પડકારજનક સ્કોર બનાવ્યો હતો, પરંતુ કિવી બેટ્સમેન ડેરિલ મિચેલની ૧૩૧ રનની આક્રમક ઈનિંગે આ લક્ષ્યાંકને વામણો સાબિત કરી દીધો હતો. આ પરાજય બાદ કેપ્ટન શુભમન ગિલે પોતાની ટીમની નબળાઈઓ પર ખુલીને વાત કરી હતી. બોલિંગ અને રણનીતિમાં ખામી મેચ બાદ નિરાશા વ્યક્ત કરતા કેપ્ટન શુભમન ગિલે જણાવ્યું હતું કે, હારનું મુખ્ય કારણ મધ્ય ઓવરોમાં વિકેટ ન ઝડપી શકવું તે હતું. ગિલે સ્પષ્ટ કર્યું કે, "જ્યારે પાંચ ફિલ્ડર વર્તુળની અંદર હોય અને તમે મધ્યમાં વિકેટ ન લઈ શકો, ત્યારે રન રોકવા અશક્ય બની જાય છે." સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૨૦ ઓવર પછી પિચ સપાટ થઈ ગઈ હતી, જેનો ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોએ ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો.

# આઈસીસી વનડે રેન્કિંગ 2026 કિંગ કોહલીનો દબદબો

## વિરાટ કોહલી નંબર વન બેટ્સમેન જાહેર, રોહિત શર્માને પછાડી ટોચ પર પહોંચ્યા વિરાટ

(એજન્સી) દુબઈ । તા. 15

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની વનડે રેન્કિંગમાં ભારતીય ક્રિકેટના મહાનાયક વિરાટ કોહલીએ ફરી એકવાર પોતાની સર્વોપરિતા સાબિત કરી છે. લાંબા સમયના અંતરાલ બાદ 'કિંગ' કોહલી વનડે ક્રિકેટમાં વિશ્વના નંબર વન બેટ્સમેન બની ગયા છે. તેમણે પોતાના જ સાથી ખેલાડી અને ભારતીય કેપ્ટન રોહિત શર્માને પછાડીને આ સિદ્ધિ હાંસલ કરી છે. બુધવારે જાહેર થયેલા આ આંકડાઓએ વિશ્વભરના ક્રિકેટ ચાહકોમાં ઉત્સાહ ભરી દીધો છે, કારણ કે કોહલી ફરી એકવાર બેટિંગના શિખર પર બિરાજમાન થયા છે.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી વર્તમાન વનડે શ્રેણીના પ્રથમ મુકાબલાએ આ રેન્કિંગમાં મોટો ઉલટફેર કર્યો છે. વડોદરામાં રમાયેલી પ્રથમ વનડેમાં વિરાટ કોહલીએ ૯૧ બોલમાં ૯૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી. જોકે તેઓ પોતાની ૫૪મી વનડે સદી ચૂકી ગયા હતા, પરંતુ આ ઈનિંગના દમ પર તેમને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનથી મળેલા પોઈન્ટ્સના આધારે કોહલીએ રેન્કિંગમાં લાંબી છલાંગ લગાવી સીધું પ્રથમ સ્થાન કબજે કર્યું છે.



બીજી તરફ, આ શ્રેણી પહેલા નંબર વન પર રહેલા 'હિટમેન' રોહિત શર્મા માટે પ્રથમ મેચ નિરાશાજનક રહી હતી. રોહિત માત્ર ૨૬ રન બનાવી આઉટ થઈ ગયા હતા, જેની સીધી અસર તેમના રેન્કિંગ પર પડી છે. મીડિયા અહેવાલ અનુસાર, રોહિત શર્મા હવે પ્રથમ સ્થાનેથી સીધા ત્રીજા સ્થાને ગબડી ગયા છે. ન્યૂઝીલેન્ડના ડેરિલ મિચેલે પણ ભારત સામે ૮૪ રન ફટકારીને મોટો ફાયદો મેળવ્યો છે અને તેઓ હવે કોહલીની એકદમ નજીક બીજા ક્રમે પહોંચી ગયા છે. આઈસીસીના નવા ડેટા મુજબ, વિરાટ કોહલી ૭૮૫ રેટિંગ પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને છે. ન્યૂઝીલેન્ડના ડેરિલ મિચેલ ૭૮૪ પોઈન્ટ્સ સાથે બીજા ક્રમે અને રોહિત શર્મા ૭૭૫ પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે. અફઘાનિસ્તાનના ઈબ્રાહિમ ઝાદરાન ૭૬૪ પોઈન્ટ્સ સાથે ચોથા અને ભારતનો યુવા સ્ટાર શુભમન ગિલ ૭૨૫ પોઈન્ટ્સ સાથે પાંચમા સ્થાને યથાવત છે.

## ભારતની રણનીતિ નિષ્ફળ

# "હું આશ્ચર્યચકિત છું": રાજકોટમાં ભારતની હાર પર ગાવસ્કરની પ્રતિક્રિયા

## ન્યૂઝીલેન્ડની રમતથી લિજેન્ડરી ક્રિકેટર પ્રભાવિત

(એજન્સી) રાજકોટ । તા. 15

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રાજકોટમાં રમાયેલી બીજી વનડેમાં ટીમ ઈન્ડિયાના પરાજય બાદ દિગ્ગજ ક્રિકેટર સુનિલ ગાવસ્કરે પોતાની પ્રતિક્રિયા આપી છે. ૨૮૫ રનના લક્ષ્યાંકને ન્યૂઝીલેન્ડે જે રીતે ખૂબ જ સરળતાથી પાર પાડ્યો, તેનાથી ગાવસ્કર આશ્ચર્યચકિત છે. JioStar પર વાત કરતા ગાવસ્કરે જણાવ્યું હતું કે તેમને અપેક્ષા હતી કે ભારતીય બોલરો પિચની ધીમી ગતિનો લાભ ઉઠાવીને કિવી બેટ્સમેનોને રોકવામાં સફળ રહેશે, પરંતુ મેદાન પર દ્રશ્ય કંઈક અલગ જ જોવા મળ્યું હતું.



### ભારતની રણનીતિ કેમ નિષ્ફળ ગઈ?

ગાવસ્કરે જણાવ્યું કે, "મને નવાઈ લાગી કે ન્યૂઝીલેન્ડે આટલી આસાનીથી લક્ષ્યાંક હાંસલ કરી લીધો. બીજી ઈનિંગ શરૂ થઈ તે પહેલા સૌને લાગતું હતું કે ભારત પિચની સ્લોનેસનો ફાયદો ઉઠાવશે. માત્ર સ્પિનરો જ નહીં, પરંતુ તમામ બોલરો પિચની સ્થિતિનો ઉપયોગ કરીને ન્યૂઝીલેન્ડને ૨૬૦ થી ૨૭૦ રન સુધી મર્યાદિત રાખશે તેવું લાગતું હતું. મને પૂરી ખાતરી હતી કે આ ભારત માટે એક આસાન જીત હશે." જોકે, ભારતીય બોલિંગ લાઈનઅપ ડેરિલ મિચેલ અને વિલ યંગની જોડી સામે લાચાર સાબિત થઈ હતી. ગાવસ્કરે ન્યૂઝીલેન્ડની જીતના હીરો ડેરિલ મિચેલના મુક્તકંઠે વખાણ કર્યા હતા. મિચેલે અણનમ ૧૩૧ રન બનાવીને ભારત પાસેથી મેચ છીનવી લીધી હતી. ગાવસ્કરે ઉમેર્યું કે, "આ જીતનો સંપૂર્ણ શ્રેય ન્યૂઝીલેન્ડને જાય છે, ખાસ કરીને વિલ યંગ અને ડેરિલ મિચેલ વચ્ચેની ૧૬૨ રનની ભાગીદારીને. તેમણે બતાવ્યું કે સેટ થવા માટે સમય લઈને અને પછી સ્ટ્રોક-પ્લે પર ભરોસો રાખીને ૩૦૦ ની નજીકનો સ્કોર કેવી રીતે ચેઝ કરી શકાય. મિચેલે સદી ફટકાર્યા પછી પણ જે રીતે રનિંગ બીટવીન ધ વિકેટ જાળવી રાખી અને ફીલ્ડરો પર દબાણ બનાવ્યું, તે તેની ફિટનેસ અને ટીમ પ્રત્યેનું સમર્પણ દર્શાવે છે." ડેરિલ મિચેલે આ મેચમાં ૧૩૧ રનની ઈનિંગ રમીને અનેક રેકોર્ડ તોડ્યા છે. ભારત સામે વનડેમાં સૌથી વધુ સદી ફટકારનારા કિવી બેટ્સમેનોની યાદીમાં તે હવે ક્રિસ કેર્ન્સ અને રોસ ટેલરની સાથે સંયુક્ત રીતે બીજા સ્થાને આવી ગયો છે.

## અલ્વારો આર્બેલોઆનું નિરાશાજનક ડેબ્યુ મેડ્રિડ માટે આફત બન્યું | અલ્બાસેતે વિરુદ્ધ રિયલ મેડ્રિડના જંગમાં મોટો ઉલટફેર સર્જાયો

# રિયલ મેડ્રિડ કોપા ડેલ રે હાર બીજા ડિવિઝનની ટીમ અલ્બાસેતે સામે ૩-૨થી પરાજય

(એજન્સી) અલ્બાસેતે [સ્પેન] । તા. 15

સ્પેનિશ ફૂટબોલના દિગ્ગજ ક્લબ રિયલ મેડ્રિડ માટે આજની રાત અત્યંત દુઃખદાયક સાબિત થઈ છે. કોપા ડેલ રેની રાઉન્ડ-ઓફ-૧૬ સ્ટેજમાં રિયલ મેડ્રિડનો બીજા ડિવિઝનની ટીમ અલ્બાસેતે સામે ૩-૨થી આઘાતજનક પરાજય થયો છે. આ હાર સાથે રિયલ મેડ્રિડ ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયું છે. ખાસ વાત એ છે કે, આ મેચ નવા કોચ અલ્વારો આર્બેલોઆની પ્રથમ મેચ હતી, જે તેમના માટે એક શરમજનક શરૂઆત સાબિત થઈ છે. મેચનો રોમાંચક અને વિવાદાસ્પદ વળાંક મેચની શરૂઆતથી જ અલ્બાસેતેએ આક્રમક રમત દાખવી હતી. ૪૨મી મિનિટે જાવી વિલરે હેડર દ્વારા ગોલ કરીને યજમાન ટીમને લીડ અપાવી હતી. જોકે, હાફ ટાઈમ પહેલા રિયલ મેડ્રિડના ફ્રાન્કો મસ્તાન્તુનોએ ગોલ કરીને સ્કોર ૧-૧ થી બરાબર કર્યો હતો. બીજા હાફમાં પણ બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. રિયલ મેડ્રિડ તરફથી આર્ડા ગુલરે અને ગોન્ઝાલોએ અનેક પ્રયાસો કર્યા હતા, પરંતુ અલ્બાસેતેના ડિફેન્સને તોડવામાં મુશ્કેલી પડી હતી. બેતાનકોરનો જાદુ અને મેડ્રિડની વિદાય મેચની ૮૨મી મિનિટે સબસ્ટિટ્યુટ ખેલાડી જેફ્તે બેતાનકોરે ગોલ કરીને અલ્બાસેતેને ૨-૧ થી આગળ કરી દીધું હતું. મેચના સ્ટોપેજ ટાઈમમાં ગોન્ઝાલોએ હેડર



દ્વારા ગોલ કરીને સ્કોર ૨-૨ કરીને મેડ્રિડની આશા જીવંત રાખી હતી. પરંતુ, રમતની અંતિમ ક્ષણોમાં બેતાનકોરે ફરી એકવાર ગોલ કરીને ઈતિહાસ રચી દીધો અને રિયલ મેડ્રિડને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દીધું. મીડિયા અહેવાલ મુજબ, કાઈલિયન એમબાપ્પે અને બેલિંગહામ જેવા સ્ટાર ખેલાડીઓની ગેરહાજરી રિયલ મેડ્રિડને ભારે પડી છે.

## રાજીનામાનું અલ્ટીમેટમ

# તમીમ ઈકબાલ પર વિવાદાસ્પદ ટિપ્પણીથી ક્રિકેટ જગતમાં હોબાળો

(એજન્સી) ઢાકા । તા. 15

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) હાલમાં એક અભૂતપૂર્વ આંતરિક સંકટનો સામનો કરી રહ્યું છે. બોર્ડના ડાયરેક્ટર એમ. નજમુલ ઈસ્લામ દ્વારા પૂર્વ કેપ્ટન તમીમ ઈકબાલ વિરુદ્ધ કરવામાં આવેલી વિવાદાસ્પદ અને અપમાનજનક ટિપ્પણીને પગલે બોર્ડે સત્તાવાર રીતે પોતાને આ નિવેદનથી અલગ કરી દીધું છે. બીસીબીએ સ્પષ્ટ કર્યું છે કે ડાયરેક્ટરની ટિપ્પણી એ તેમનો અંગત અભિપ્રાય છે અને તે બોર્ડના મૂલ્યો કે નીતિઓને પ્રતિબિંબિત કરતી નથી. આ મામલે બોર્ડે હવે શિસ્તભંગના કડક પગલાં લેવાની ખાતરી આપી છે. વિવાદનું મૂળ અને ખેલાડીઓનો રોષ આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે નજમુલ ઈસ્લામે તમીમ ઈકબાલને 'ભારતીય એજન્ટ' કહીને સંબોધ્યા હતા. તમીમે માત્ર ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના ક્રિકેટ સંબંધો સુધારવા માટે સંવાદની અપીલ કરી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ નિવેદન બાદ બાંગ્લાદેશના વરિષ્ઠ ખેલાડીઓ જેવા કે તસ્કીન અહેમદ અને મોમિનુલ હકે સોશિયલ મીડિયા પર તમીમનો પક્ષ લઈ ડાયરેક્ટર સામે મોરચો માંડ્યો છે. ક્રિકેટર્સ વેલ્ફેર એસોસિએશન ઓફ બાંગ્લાદેશ (CWAB) એ હવે ડાયરેક્ટરના રાજીનામાની માંગ સાથે અલ્ટીમેટમ જાહેર કર્યું છે. બોર્ડની સ્પષ્ટતા અને ભવિષ્યની રણનીતિ મીડિયા અહેવાલ અનુસાર, બીસીબીએ એક યાદીમાં જણાવ્યું છે કે ખેલાડીઓ બાંગ્લાદેશ ક્રિકેટનું હૃદય છે અને તેમનું અપમાન સહન કરવામાં આવશે નહીં. તમીમ ઈકબાલે અગાઉ પણ સૂચન કર્યું હતું કે ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારત પ્રવાસ અંગેના સંવેદનશીલ મુદ્દાઓ પર બોર્ડની અંદર ચર્ચા થવી જોઈએ, નહીં કે જાહેરમાં. હાલમાં મુસ્તફિઝુર રહેમાનને આઈપીએલમાંથી મુક્ત કરવાના મુદ્દે બંને દેશો વચ્ચે તણાવ છે, ત્યારે બોર્ડના આ આંતરિક કલેહથી બાંગ્લાદેશ ક્રિકેટની પ્રતિષ્ઠાને વૈશ્વિક સ્તરે નુકસાન પહોંચ્યું છે.

## ઉલટફેર // જોર્ડન સ્મિથે પ્રોફેશનલ સ્ટાર્સને હંફાવ્યા

# ટેનિસ જગતમાં મોટો ઉલટફેર: અમેચ્યોર ખેલાડીએ જાનિક સિનરને પછાડ્યો

(એજન્સી) મુંબઈ । તા. 15

ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૬ના મેઈન ડ્રોની શરૂઆત થાય તે પહેલા મેલબોર્ન પાર્ક એક એવી ઐતિહાસિક ક્ષણનું સાક્ષી બન્યું છે, જેની કોઈએ કલ્પના પણ કરી ન હતી. '1 પોઈન્ટ સ્લેમ' નામની અનોખી પ્રદર્શન મેચમાં સિડનીના એક અમેચ્યોર (બિન-વ્યાવસાયિક) ખેલાડી જોર્ડન સ્મિથે ટેનિસના દિગ્ગજોને હરાવીને વિશ્વને ચોંકાવી દીધું છે. જોર્ડને વર્તમાન ચેમ્પિયન અને વિશ્વના બીજા નંબરના ખેલાડી જાનિક સિનર સહિત પાંચ પ્રોફેશનલ ખેલાડીઓને હરાવીને ૧૦ લાખ ઓસ્ટ્રેલિયન ડોલર (આશરે ૫.૫ કરોડ રૂપિયા) નું ઈનામ જીતી લીધું છે.

આ ટુર્નામેન્ટમાં માત્ર એક જ પોઈન્ટ દ્વારા વિજેતા નક્કી કરવામાં આવતો હતો. પ્રોફેશનલ ખેલાડીઓ માટે માત્ર એક જ સર્વની મંજૂરી હતી, જ્યારે અમેચ્યોર ખેલાડીઓને બે સર્વ મળતા હતા. આ 'સડન ડેથ' ફોર્મેટમાં કાર્લોસ અલ્કારાઝ, જાનિક સિનર, કોકો ગોફ અને ઈગા સ્વિઆતેક જેવા વિશ્વ વિખ્યાત સ્ટાર્સે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૨૪ પ્રોફેશનલ અને ૨૪ અમેચ્યોર ખેલાડીઓ વચ્ચે જંગ ખેલાયો હતો.

મીડિયા અહેવાલ મુજબ, જોર્ડન સ્મિથે સૌપ્રથમ જાનિક સિનરને હરાવીને સનસનાટી મચાવી દીધી હતી. સિનરની સર્વિસ નેટમાં અથડાતા જોર્ડનને મોટી જીત મળી હતી. ત્યારબાદ તેણે યુએસ ઓપન ફાઈનલિસ્ટ અમાન્ડા અનિસિમોવા અને સેમીફાઈનલમાં પેડ્રો માર્ટિનેઝને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઈનલ મુકાબલામાં જોર્ડનનો સામનો વિશ્વના ૧૧૭માં નંબરની જોઆના ગાર્લેન્ડ સામે થયો હતો, જેણે અગાઉ એલેક્ઝાન્ડર ઝવેરેવ અને નિક કિર્ગિયોસ જેવા સ્ટાર્સને બહાર કર્યા હતા. જોર્ડને ફાઈનલમાં પણ પોતાનો દબદબો જાળવી રાખીને ઐતિહાસિક ટાઈટલ પોતાના નામે કર્યું હતું.

રોડ લેવર એરેનામાં હાજર હજારો પ્રશંસકો જોર્ડનની આ જીતથી ઝૂમી ઉઠ્યા હતા. જીત બાદ ભાવુક થયેલા જોર્ડને જણાવ્યું હતું કે, "હું અહીં માત્ર એક પોઈન્ટ જીતવાની આશા સાથે આવ્યો હતો, પરંતુ હવે હું વિજેતા છું તે માન્યામાં નથી આવતું." ઉલ્લેખનીય છે કે જોર્ડન સ્મિથ ટેનિસ કોચ છે અને તેની આ જીત તેને ઓસ્ટ્રેલિયન ઓપનના ક્વાર્ટર ફાઈનલિસ્ટ કરતા પણ વધુ રકમ અપાવી ગઈ છે.



## લોકશાહીના પર્વમાં ક્રિકેટ આઈકોન સચિને નાગરિકોને કરી મતદાનની અપીલ

# બીએમસી મતદાન સચિન તેંડુલકરે પરિવાર સાથે લોકશાહીની ફરજ નિભાવી

(એજન્સી) મુંબઈ । તા. 15

મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં આજે મહાનગરપાલિકાની ચૂંટણીનું મહાપર્વ ઉજવાઈ રહ્યું છે. ક્રિકેટ જગતના મહાનાયક સચિન તેંડુલકરે ગુરુવારે સવારે બાંદ્રા સ્થિત પાલી-ચિમ્બાઈ મ્યુનિસિપલ સ્કૂલ ખાતે વહેલી સવારે પહોંચીને પોતાનો મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સચિનની સાથે તેમની પત્ની અંજલિ તેંડુલકર અને પુત્રી સારા તેંડુલકર પણ હાજર રહ્યા હતા. મતદાન કર્યા બાદ સચિને મીડિયા સાથે વાતચીત કરતા લોકશાહીમાં મતદાનના મહત્વ પર ભાર મૂક્યો હતો અને દરેક નાગરિકને ઘરની બહાર નીકળીને મત આપવા અનુરોધ કર્યો હતો. સચિનનો જનતાને પ્રેરણાદાયી સંદેશ માસ્ટર બ્લાસ્ટર સચિને જણાવ્યું હતું કે, "આ ચૂંટણી અત્યંત મહત્વપૂર્ણ છે. તે આપણને આપણો અભિપ્રાય વ્યક્ત કરવાની તક આપે છે. દરેક વ્યક્તિએ આગળ આવવું જોઈએ અને પોતાની ફરજ નિભાવીને મતદાન કરવું જોઈએ." સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્રના ૨૯ મહાનગરપાલિકા વિસ્તારોમાં આજે મતદાન પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં મુંબઈ, પુણે,



નાગપુર અને થાણે જેવા મોટા શહેરોનો સમાવેશ થાય છે.

ચૂંટણીના આંકડા અને રાજકીય સમીકરણો મીડિયા અહેવાલ અનુસાર, સવારે ૭:૩૦ વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે ૫:૩૦ વાગ્યા સુધી ચાલશે. રાજ્ય ચૂંટણી પંચના જણાવ્યા મુજબ, કુલ ૩.૪૮ કરોડ મતદારો ૮૯૩ વોર્ડમાં ૧૫,૯૦૮ ઉમેદવારોના ભવિષ્યનો નિર્ણય લેશે. આ ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધન મોટાભાગે સાથે મળીને લડી રહ્યું છે, જોકે પુણે અને પિંપરી-ચિંચવડમાં રાજકીય સમીકરણો અલગ જોવા મળી રહ્યા છે. આવતીકાલે એટલે કે ૧૬ જાન્યુઆરીના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે, જેના પર સમગ્ર દેશની નજર ટકેલી છે.

## 75 દેશોના નાગરિકો પર રોક સુરક્ષાના નામે કડકાઈ

# અમેરિકાના વિઝા પ્રતિબંધ 75 દેશો પર ટ્રમ્પની ગાજ પડી

(એજન્સી) વોશિંગ્ટન । તા. 15

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતાની સાથે જ વસાહતીઓ અને વિદેશી નાગરિકો સામે કડક વલણ અપનાવ્યું છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે એક ચોંકાવનારો નિર્ણય લેતા રશિયા, અફઘાનિસ્તાન અને ઈરાન સહિત વિશ્વના ૭૫ દેશોના નાગરિકો માટે વિઝા અરજીઓની પ્રક્રિયા સંપૂર્ણપણે અટકાવી દીધી છે. ટ્રમ્પ સરકારના આ આદેશ બાદ આ દેશોના લાખો નાગરિકોના અમેરિકા જવાના સપના પર પાણી ફરી વળ્યું છે. ૧ જાન્યુઆરીથી અમલમાં આવેલો આ પ્રતિબંધ અનિશ્ચિતકાળ સુધી જારી રહેશે, જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચી ગયો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ટ્રમ્પ પ્રશાસનનો તર્ક છે કે આ ૭૫ દેશોમાંથી આવતા અરજદારો અમેરિકામાં આવીને સરકારી સહાય એટલે કે 'પબ્લિક ચાર્જ' પર નિર્ભર બની જાય તેવી શક્યતા વધુ છે. અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા ટૉમી પિગોટના જણાવ્યા અનુસાર, સરકાર પોતાની સત્તાનો ઉપયોગ એવા લોકોને અટકાવવા માટે કરશે જે અમેરિકી જનતાના ટેક્સના પૈસાનો દુરુપયોગ કરીને કલ્યાણકારી યોજનાઓનો અયોગ્ય લાભ લે છે. વિભાગ હવે વિઝા સ્ક્રીનિંગ અને તપાસની પ્રક્રિયાઓનું નવેસરથી પુન:મૂલ્યાંકન કરી રહ્યું છે.

### આ દેશોના નાગરિકો માટે નો-એન્ટ્રી

નવી યાદીમાં જે મુખ્ય દેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં રશિયા, અફઘાનિસ્તાન, બ્રાઝિલ, ઈરાન, ઈરાક, ઈજિપ્ત, નાઈજીરિયા, થાઈલેન્ડ, યમન અને સોમાલિયાનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રતિબંધો પાછળ સુરક્ષાના કારણોની સાથે સાથે આર્થિક કારણો પણ જવાબદાર છે. જ્યાં સુધી નવી અને વધુ કડક સુરક્ષા પ્રક્રિયાઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ દેશોના નાગરિકોને અમેરિકાના વિઝા આપવામાં આવશે નહીં. આ દેશોમાં ખાસ કરીને રશિયા અને




ઈરાન જેવા દેશોના નામ હોવાથી તેને રાજકીય દ્રષ્ટિએ પણ મહત્વનું માનવામાં આવે છે.

### કૌભાંડો બાદ જાગેલું અમેરિકી તંત્ર

આ કડકાઈ પાછળ મિનેસોટામાં સામે આવેલું એક મોટું કૌભાંડ જવાબદાર હોવાનું કહેવાય છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, સોમાલિયા અને અન્ય કેટલાક દેશોના નાગરિકો નકલી દસ્તાવેજોના આધારે સરકારી સહાય મેળવી રહ્યા હોવાનું ફેડરલ તપાસમાં બહાર આવ્યું હતું. હજારો લોકોએ અમેરિકાની કલ્યાણકારી યોજનાઓનો દુરુપયોગ કરીને સરકારી તિજોરીને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. આ ઘટના બાદ ટ્રમ્પ પ્રશાસને નક્કી કર્યું છે કે ભવિષ્યમાં આવા કોઈપણ જોખમને ટાળવા માટે વિઝા પ્રક્રિયામાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવે.

હાલ પૂરતું વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આ પ્રતિબંધ કેટલો સમય ચાલશે તેની કોઈ ચોક્કસ સમયસીમા નથી. વિઝા સ્ક્રીનિંગની પ્રક્રિયામાં ફેરફાર કરવામાં સમય લાગી શકે છે, જેનો અર્થ છે કે પ્રભાવિત ૭૫ દેશોના વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ અને વ્યાવસાયિકોએ લાંબા સમય સુધી રાહ જોવી પડશે. આ નિર્ણયની અસર વૈશ્વિક અર્થતંત્ર અને પ્રવાસન ક્ષેત્ર પર પણ પડવાની પૂરેપૂરી શક્યતા છે. અમેરિકાની આ 'ફર્સ્ટ અમેરિકા' નીતિએ સાબિત કરી દીધું છે કે ટ્રમ્પ સરકાર રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક હિતોના મામલે કોઈ પણ બાંધછોડ કરવા તૈયાર નથી.

## વિઝા ફ્રી એન્ટ્રી ૫૫ દેશોમાં મુસાફરીની છૂટ

# હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ 2026 ભારતે લગાવી છલાંગ

(એજન્સી) લંડન । તા. 15

વૈશ્વિક પ્રવાસન અને રાજદ્વારી સંબંધોના ક્ષેત્રમાં ભારત માટે ગૌરવપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. વર્ષ ૨૦૨૬ માટે જાહેર કરવામાં આવેલા પ્રતિષ્ઠિત 'હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ'માં ભારતીય પાસપોર્ટની તાકાતમાં નોંધપાત્ર વધારો થયો છે. તાજેતરના અહેવાલ મુજબ, ભારત ગત વર્ષના ૮૫મા સ્થાનથી ૫ અંકની મોટી છલાંગ લગાવીને હવે ૮૦મા ક્રમે પહોંચી ગયું છે. આ સુધારા સાથે ભારતે વર્ષ ૨૦૨૪નું પોતાનું સર્વશ્રેષ્ઠ સ્તર ફરીથી પ્રાપ્ત કરી લીધું છે, જે દર્શાવે છે કે વૈશ્વિક સ્તરે ભારતીય નાગરિકોની સ્વીકાર્યતા અને ગતિશીલતા વધી રહી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ૮૦માં ક્રમે પહોંચવાને કારણે હવે ભારતીય પાસપોર્ટ ધારકો વિશ્વના ૫૫ દેશોમાં પૂર્વ વિઝા મેળવવાની જંજટ વગર મુસાફરી કરી શકશે. આમાં વિઝા-ફ્રી એન્ટ્રી, વિઝા-ઓન-અરાઈવલ અને ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન (eTA) જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ, ભારત આ યાદીમાં અલ્જેરિયા અને નાઈજર જેવા દેશો સાથે સંયુક્ત રીતે સ્થાન વહેંચી રહ્યું છે.

### સિંગાપોરનું એકહથ્થુ શાસન અને એશિયાનો દબદબો

વૈશ્વિક ફલક પર એશિયાઈ દેશોએ ફરી એકવાર પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. સિંગાપોર સતત ત્રીજા વર્ષે વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ ધરાવતો દેશ બન્યો છે. સિંગાપોરના નાગરિકો ૧૯૨ દેશોમાં વિઝા વગર જઈ શકે છે. બીજા ક્રમે જાપાન અને દક્ષિણ કોરિયા સંયુક્ત રીતે ૧૮૮ દેશોના એક્સેસ સાથે બિરાજમાન છે. ત્રીજા સ્થાને યુરોપિયન દેશો જેવા કે ડેનમાર્ક, સ્વીડન, સ્પેન અને સ્વિટ્ઝરલેન્ડનો સમાવેશ થાય છે, જેમના નાગરિકો ૧૮૬ દેશોમાં વિઝા વગર મુસાફરી કરી શકે છે.

## ટ્રમ્પની કબજાની ધમકી વચ્ચે 6 દેશોનું સૈન્ય ગ્રીનલેન્ડ પહોંચવાનું શરૂ, નાટો દેશોની યુદ્ધની તૈયારી આક્રમક તેવર

# ગ્રીનલેન્ડ પર સૈન્ય તહેનાતી ટ્રમ્પ સામે નાટો સજ્જસ, ઓપરેશન આર્કટિક એન્ડ્યુરન્સ શરૂ

(એજન્સી) નુઆક । તા. 15

વિશ્વના સૌથી મોટા ટાપુ ગ્રીનલેન્ડ પર કબજો મેળવવાની અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જીદ હવે વૈશ્વિક સ્તરે લશ્કરી સંઘર્ષ તરફ વળી રહી છે. ટ્રમ્પની સતત ધમકીઓ અને આર્કટિક ક્ષેત્રમાં રશિયા-ચીનના વધતા પ્રભાવને નાથવા માટે ડેનમાર્કની હાકલ પર છ શક્તિશાળી નાટો દેશોએ ગ્રીનલેન્ડમાં પોતાની લશ્કરી પાંખો ફેલાવવાનું શરૂ કરી દીધું છે. આ ઘટનાક્રમે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે તણાવ પેદા કર્યો છે, કારણ કે હવે ગ્રીનલેન્ડ માત્ર બરફનો ટાપુ ન રહેતા સત્તાના સંઘર્ષનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે.

### છ દેશોની લશ્કરી શક્તિનો ખડકલો

મીડિયા અહેવાલ મુજબ, ડેનમાર્કના સ્વાયત્ત પ્રદેશ એવા ગ્રીનલેન્ડની સુરક્ષા માટે અત્યાર સુધીમાં છ મોટા દેશોએ પોતાના સૈનિકો અને વ્યૂહાત્મક ટીમો રવાના કરી છે. સ્વીડનના વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસનએ સત્તાવાર રીતે જવાનોની તહેનાતીની પુષ્ટિ કરી છે. નોર્વેએ અત્યાધુનિક સાધનો સાથે બે લશ્કરી ટીમો મોકલી છે, જ્યારે જર્મનીએ દરિયાઈ જાસૂસી મિશન માટે પોતાની વિશેષ ટુકડી તૈનાત કરી છે. ફ્રાન્સ, નેધરલેન્ડ અને કેનેડાએ પણ આ સૈન્ય કવાયતમાં જોડાઈને આર્કટિકમાં પોતાની શક્તિનું પ્રદર્શન શરૂ કર્યું છે.

### ઓપરેશન આર્કટિક એન્ડ્યુરન્સની રણનીતિ

ડેનમાર્ક દ્વારા શરૂ કરાયેલ "ઓપરેશન આર્કટિક એન્ડ્યુરન્સ" આ સમગ્ર સૈન્ય હિલચાલનું કેન્દ્રબિંદુ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય આર્કટિક ક્ષેત્રમાં દુશ્મન દેશોની ગતિવિધિઓ પર નજર રાખવી અને ગ્રીનલેન્ડની ભૌગોલિક અખંડિતતા જાળવવાનો છે. આ ઓપરેશન હેઠળ દરિયાઈ દેખરેખ વધારવા માટે અત્યાધુનિક સૈન્ય માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે, જે સંભવિત હુમલા કે કબજાના પ્રયાસ સામે રક્ષણ આપશે.



### ટ્રમ્પની મહત્વાકાંક્ષા અને રશિયા-ચીનનો ખતરો

ડોનાલ્ડ ટ્રમ્પનું માનવું છે કે ગ્રીનલેન્ડની વર્તમાન સુરક્ષા વ્યવસ્થા અત્યંત નબળી છે અને તે રશિયા કે ચીનના હાથમાં જઈ શકે છે. આ બહાના હેઠળ તેમણે ગ્રીનલેન્ડને અમેરિકામાં ભેળવી દેવાની દરખાસ્ત મૂકી હતી. જોકે, ડેનમાર્કે આ ઓફરને સખત શબ્દોમાં નકારીને સ્પષ્ટ કર્યું છે કે ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી. સંરક્ષણ નિષ્ણાતોના મતે, યુરોપિયન દેશો ટ્રમ્પને એવો સંદેશ આપી રહ્યા છે કે જો અમેરિકા બળજબરીથી કબજો કરવાનો પ્રયાસ કરશે તો તેણે માત્ર ડેનમાર્ક જ નહીં પરંતુ સમગ્ર નાટો સંગઠનનો સામનો કરવો પડશે.

### આર્કટિકમાં સત્તાનું નવું સમીકરણ

સંરક્ષણ વિશ્લેષકો આ કવાયતને બે પાસાથી જોઈ રહ્યા છે. પ્રથમ એ કે, યુરોપ અને કેનેડાએ ટ્રમ્પને બતાવી દીધું છે કે ગ્રીનલેન્ડની સુરક્ષા માટે તેઓ એકજૂથ છે. બીજું, જો રશિયા અને ચીનનો ડર વાસ્તવિક હોય, તો તેનો ઉકેલ ગ્રીનલેન્ડ પર કબજો મેળવવો એ નથી, પરંતુ સામૂહિક સૈન્ય હાજરી વધારવી એ છે. મીડિયા અહેવાલ મુજબ, ગ્રીનલેન્ડમાં વધી રહેલી આ સૈન્ય ગતિવિધિઓ સૂચવે છે કે આગામી દિવસોમાં આર્કટિક ક્ષેત્ર નવી 'કોલ્ડ વોર'નું સાક્ષી બની શકે છે.

### ભવિષ્યની અનિશ્ચિતતા

હાલમાં તો ગ્રીનલેન્ડના બરફીલા પહાડો વચ્ચે સૈનિકોની બૂટના અવાજો ગુંજી રહ્યા છે. રશિયા અને ચીને હજુ આ અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી, પરંતુ તેમની નજર પણ આ રણનીતિક હિલચાલ પર ચોક્કસ હશે. ટ્રમ્પના શાસનકાળ દરમિયાન અમેરિકા અને તેના જૂના સાથી દેશો વચ્ચેનો આ ટકરાવ વિશ્વ શાંતિ માટે કેવા પરિણામો લાવશે તે તો સમય જ બતાવશે. ગ્રીનલેન્ડ હવે માત્ર કુદરતી સૌંદર્યનું સ્થાન નથી, પરંતુ વૈશ્વિક મહાસત્તાઓ વચ્ચેના યુદ્ધનું મેદાન બની ગયું છે.

## ન્યૂઝ બ્રીફ

### ભારત કેનેડા લોકશાહી સંબંધો કોમનવેલ્થ સ્પીકર્સ બેઠકમાં નવી ઊંચાઈએ પહોંચ્યા



નવી દિલ્હી | ભારત અને કેનેડા વચ્ચેના ઐતિહાસિક અને લોકશાહી સંબંધોને મજબૂત બનાવવાના હેતુથી નવી દિલ્હીમાં કોમનવેલ્થ સ્પીકર્સની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. ભારતમાં કેનેડાના હાઈ કમિશનર ક્રિસ્ટોફર કૂટરે આ સંમેલનને લોકશાહી મૂલ્યોની પુનઃપુષ્ટિ ગણાવી હતી. કોમનવેલ્થ સ્પીકર્સના આ સંગઠનની સ્થાપનામાં કેનેડાનો પાયાનો ફાળો રહ્યો છે અને ભારતમાં કેનેડાના સ્પીકરની આ પ્રથમ સત્તાવાર મુલાકાત બંને રાષ્ટ્રો વચ્ચેના સંસ્થાકીય જોડાણને વધુ ગાઢ બનાવશે. વડાપ્રધાન મોદીના સંબોધનની પ્રશંસા આ સંમેલનમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા સંબોધનની કેનેડિયન પ્રતિનિધિઓએ મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

### કરાચી માસૂમ બાળકો ગુમ મામલે પોલીસ સામે જનતાનો રોષ

કરાચી | કરાચીના ગાર્ડન વિસ્તારમાંથી બે માસૂમ બાળકો ગુમ થયાની ઘટનાને એક વર્ષ પૂર્ણ થવા છતાં પોલીસ તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન કરવામાં આવતા આજે પીડિત પરિવારો અને સ્થાનિક રહીશોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. ગાર્ડન-નિશ્તર રોડ પર મોટી સંખ્યામાં લોકો ઉતરી આવ્યા હતા અને કાયદા અમલીકરણ એજન્સીઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને ન્યાયની માંગ કરી હતી. આ વિરોધ પ્રદર્શનને કારણે ગાર્ડન અને એમ.એ. ઝીણા રોડ પર વાહનવ્યવહારના લાંબા થપ્પા લાગી ગયા હતા, જેનાથી વહીવટી તંત્ર સામે જનતાનો અવિશ્વાસ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. વર્ષ વીત્યું છતાં પરિણામ શૂન્ય ગત ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પાંચ વર્ષીય આલિયાન અને છ વર્ષીય અલી રઝા રહસ્યમય રીતે ગાયબ થયા હતા.

### ઈરાન પ્રદર્શનકારી ફાંસી 26 વર્ષીય યુવાનને મૃત્યુદંડની સજાથી દુનિયાભરમાં આક્રોશ



તેહરાન | ઈરાનમાં ચાલી રહેલા ભારે વિરોધ પ્રદર્શનો વચ્ચે 26 વર્ષીય પ્રદર્શનકારી એરફાન સોલતાનીને ફાંસી આપવાની તૈયારીઓએ સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. આર્થિક મુશ્કેલીઓ અને રાજકીય અસંતોષ સામે અવાજ ઉઠાવનારા સોલતાનીને ગણતરીના દિવસોમાં જ ટ્રાયલ પૂરી કરી મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. આ ઘટનાને પગલે ઈરાન પર આંતરરાષ્ટ્રીય દબાણ વધી રહ્યું છે અને અમેરિકા સાથેના સંબંધોમાં ભારે તણાવ જોવા મળી રહ્યો છે. ઝડપી સુનાવણી અને માનવાધિકારનું હનન મીડિયા અહેવાલ મુજબ, સોલતાનીને કાયદાકીય મદદ પૂરી પાડવાની તક પણ આપવામાં આવી નથી.

## કેનેડા ચીન વ્યાપાર સંબંધો હવે

# નવી સરકારના વલણથી બંને દેશો વચ્ચે બરફ ઓગળ્યો



(એજન્સી) બેઇજિંગ । તા. 15

કેનેડાની વિદેશ નીતિમાં એક મોટો વળાંક જોવા મળ્યો છે. કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદે ચીન પ્રત્યેના વલણમાં નરમાશ લાવવાના સંકેત આપતા જણાવ્યું છે કે, હવે દેશમાં નવી સરકાર અને નવા વડાપ્રધાન સાથે એક નવું ભૌગોલિક રાજકીય વાતાવરણ સર્જાયું છે. વડાપ્રધાન માર્ક કાર્નીના નેતૃત્વ હેઠળની કેનેડાની સરકાર હવે ચીન સાથેના પોતાના આર્થિક અને રાજદ્વારી વ્યૂહરચનામાં ધરખમ ફેરફાર કરવા જઈ રહી છે. બેઈજિંગની મુલાકાતે આવેલા કેનેડિયન પ્રતિનિધિમંડળે ચીનને 'વૈશ્વિક અવરોધક શક્તિ' તરીકે જોવાનું ટાળીને મૈત્રીપૂર્ણ વ્યાપારિક સંબંધો પર ભાર મૂક્યો છે.

અમેરિકા પરની નિર્ભરતા ઘટાડવાની વ્યૂહરચના કેનેડા હાલમાં ગંભીર આર્થિક તણાવમાંથી પસાર થઈ રહ્યું છે. વિદેશ મંત્રીએ સ્પષ્ટ કર્યું કે કેનેડાએ તેના વ્યાપારી ભાગીદારોમાં વિવિધતા લાવવી અનિવાર્ય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કેનેડા આગામી ૧૦ વર્ષમાં અમેરિકા સિવાયના અન્ય દેશો સાથેના વ્યાપારમાં ૫૦ ટકાનો વધારો કરવા માંગે છે. અત્યારે કેનેડાને અમેરિકા તરફથી ૩૫ ટકા જેટલા ઊંચા ટેરિફનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે કેનેડા હવે ચીન જેવા અન્ય મોટા બજારો તરફ પોતાની નજર દોડાવી રહ્યું છે.

નવા આર્થિક માળખાનો ઉદય મીડિયા અહેવાલ મુજબ, વડાપ્રધાન માર્ક કાર્નીએ બિન-અમેરિકી નિકાસને દસ વર્ષમાં બમણી કરવાનું લક્ષ્ય રાખ્યું છે. અનિતા આનંદે ઉમેર્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક આર્થિક વ્યવસ્થા બદલાઈ ગઈ છે અને કેનેડાએ પણ પોતાના હિતોના રક્ષણ માટે તે મુજબ અનુકૂલન સાધવું પડશે. આ નવી નીતિનો હેતુ કેનેડિયન વ્યવસાયો માટે નવી તકો ઊભી કરવાનો અને હજારો કામદારો માટે રોજગારીનું સર્જન કરવાનો છે.

# થાઈલેન્ડ ટ્રેન અકસ્માત ક્રેન પડતા ૨૨ મુસાફરોના કરુણ મોતથી અરેરાટી

(એજન્સી) બેંગકોક । તા. 15

થાઈલેન્ડની રાજધાની બેંગકોક પાસે બુધવારે સવારે એક કાળજું કંપાવનારો અકસ્માત સર્જાયો છે. એક નિર્માણાધીન રેલવે પ્રોજેક્ટની ક્રેન ચાલતી ટ્રેન પર પડતા ૨૨ નિર્દોષ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. આ ભયાનક ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રેનના ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા અને જોતજોતામાં આગની જ્વાળાઓ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં ૩૦ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જેના કારણે મૃત્યુઆંક વધવાની આશંકા સેવાઈ રહી છે.

દુર્ઘટનાનો ઘટનાક્રમ અને બેદરકારી આ ગોઝારી ઘટના બેંગકોકથી આશરે ૨૩૦ કિલોમીટર દૂર નાખોન રત્ચાસિમા પ્રાંતના સિખિયો જિલ્લામાં બની હતી. મીડિયા અહેવાલ મુજબ, હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ પર કામ કરી રહેલી મહાકાય ક્રેન



અચાનક તૂટી પડી હતી. તે સમયે નીચેથી પસાર થઈ રહેલી ટ્રેન પર ક્રેન પડતા ડબ્બાઓ કચડાઈ ગયા હતા. ટ્રેન બેંગકોકથી ઉબોન રત્ચથાની તરફ જઈ રહી હતી ત્યારે જ આ આકાશી આફતે મુસાફરોને બાનમાં લીધા હતા. બચાવ કામગીરી અને તંત્રની કાર્યવાહી સ્થાનિક પોલીસ વડાએ પુષ્ટિ કરી છે કે બચાવ ટીમોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી છે.

# જાપાનીઝ ગુણવત્તાયુક્ત પરિવહન સેવા હવે ભારતમાં

હરિયાણા | ભારતીય અર્થતંત્રના વિકાસમાં પરિવહન એક મહત્વનું પાસું છે, ત્યારે વિશ્વવિખ્યાત યામાટો લોજિસ્ટિક્સ ઈન્ડિયાએ હરિયાણામાં પોતાના સૌથી મોટા અને અત્યાધુનિક લોજિસ્ટિક્સ કેન્દ્રનો પ્રારંભ કર્યો છે. હરિયાણાના મુખ્ય હાઈવે નજીક સ્થિત આ કેન્દ્ર શહેર અને પરા વિસ્તારો વચ્ચેના પરિવહન નેટવર્કને વધુ સંગીન બનાવશે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર દાઈસુકે ઈતોના જણાવ્યા અનુસાર, ભારત હાલમાં વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું બજાર છે અને આ કેન્દ્ર દ્વારા જાપાન જેવી જ ઉચ્ચ ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવામાં આવશે. અત્યાધુનિક ટેકનોલોજી અને તાલીમ પર ભાર આ નવું કેન્દ્ર ખાસ કરીને તાપમાન-નિયંત્રિત ઉપકરણોથી સજ્જ છે, જે ઈલેક્ટ્રોનિક્સ અને સંવેદનશીલ સાધનોના સુરક્ષિત સંગ્રહ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# ઈસ્લામિક નાટો ભારત સુરક્ષા સાઉદીનું નાણું અને પાકિસ્તાનના અણુબોમ્બનો ખતરો

## દક્ષિણ એશિયામાં સત્તા સંતુલન ખોરવવાનો પ્રયાસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

વિશ્વના રણનીતિક નકશા પર એક અત્યંત શક્તિશાળી અને નવું લશ્કરી સમીકરણ આકાર લઈ રહ્યું છે, જેને સંરક્ષણ નિષ્ણાતો 'ઈસ્લામિક નાટો' તરીકે ઓળખાવી રહ્યા છે. સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને હવે તૂર્કિયેના જોડાણથી એક એવો સૈન્ય બ્લોક બની રહ્યો છે જે સીધી રીતે ભારત માટે સુરક્ષાના પડકારો ઊભા કરી શકે છે. આ જોડાણમાં નાટોના 'અનુચ્છેદ 5' જેવી જ જોગવાઈ છે, એટલે કે એક દેશ પરનો હુમલો એ આખા જૂથ પરનો હુમલો ગણાશે.

ત્રણ મહાસત્તાઓની જુદી જુદી તાકાત આ સંભવિત બ્લોકમાં ત્રણેય રાષ્ટ્રોની ભૂમિકા સ્પષ્ટ વહેંચાયેલી છે. સાઉદી અરેબિયા આ જોડાણના 'બેન્કર' તરીકે અઢળક નાણાકીય ભંડોળ પૂરું પાડશે. બીજી તરફ, પાકિસ્તાન તેની પરમાણુ શક્તિ અને વિશાળ માનવબળ (સૈનિકો) દ્વારા સૈન્ય તાકાત આપશે. તૂર્કિયે તેની અદ્યતન 'ડ્રોન ટેકનોલોજી' અને યુદ્ધ જહાજો બનાવવાની ક્ષમતા દ્વારા આધુનિક ટેકનિકલ સપોર્ટ પૂરો પાડશે. તાજેતરમાં અંકારામાં મળેલી ત્રણેય દેશોના નૌકાદળના વડાઓની બેઠક આ વ્યૂહરચનાના પ્રથમ મજબૂત સંકેત છે. ભારત માટે વધતું જોખમ અને પૃષ્ઠભૂમિ મીડિયા અહેવાલ મુજબ, ભારત આ ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. કાશ્મીર મુદ્દે તૂર્કિયેનું પાકિસ્તાન તરફી વલણ અને અરબી સમુદ્રમાં વધતી નૌકાદળની સક્રિયતા ભારતની દરિયાઈ સુરક્ષા માટે નવું જોખમ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પાકિસ્તાનને મળતું આ આંતરરાષ્ટ્રીય લશ્કરી પીઠબળ ભારત સામેની આક્રમકતા વધારી શકે છે.

## સફળતા | રશિયન વૈજ્ઞાનિકોની નવી પદ્ધતિ ક્રાંતિકારી, ટ્યુમર કોષોના વિકાસ પર નિયંત્રણ મેળવવું સરળ

# કેન્સર વિરોધી દવાઓની અસરકારકતા વધારવા નવી પદ્ધતિ સફળ

(એજન્સી) મોસ્કો । તા. 15

વૈશ્વિક સ્તરે કેન્સર સામે લડી રહેલા તબીબી જગત માટે રશિયાથી અત્યંત આશાસ્પદ સમાચાર સામે આવ્યા છે. રશિયન સંશોધકોએ એક એવી નવીન રાસાયણિક તકનીક વિકસાવી છે જે કેન્સર વિરોધી દવાઓની શક્તિમાં અનેકગણો વધારો કરી શકે છે. આ પદ્ધતિ દ્વારા દવાઓના સક્રિય ઘટકોને વધુ મજબૂત બનાવી શકાશે, જેનાથી ઓન્કોલોજી એટલે કે કેન્સરના સંશોધન ક્ષેત્રને નવી ગતિ મળશે. મીડિયા અહેવાલ અનુસાર, લોબાચેવસ્કી સ્ટેટ યુનિવર્સિટી ઓફ નિઝની નોવગોરોડના વૈજ્ઞાનિકોએ જૈવિક રીતે સક્રિય સંયોજનો સુધારવા માટે આ અદભૂત સફળતા હાંસલ કરી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ,



આ નવી પદ્ધતિ દ્વારા જૈવિક અણુઓમાં બહુવિધ 'એમિનોમેથાઈલ' જૂથોનો સમાવેશ કરવામાં આવે છે. આ ખાસ જૂથો ફાર્માકોફોર તત્વો તરીકે કાર્ય કરે છે, જે કેન્સરના કોષો સાથે દવા કેટલી અસરકારક રીતે પ્રતિક્રિયા આપશે તે નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ મુખ્ય અંશોને મજબૂત કરીને, કેન્સર વિરોધી દવાઓની રોગનિવારક અસરને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરી શકાય છે. સંશોધકોનું માનવું છે કે આ તકનીક કેન્સરના જીવલેણ ટ્યુમરના વિકાસને અટકાવવામાં પાયાનો પથ્થર સાબિત થશે.

મીડિયા અહેવાલ મુજબ, આ તકનીક માત્ર પ્રયોગશાળા પૂરતી મર્યાદિત નથી પરંતુ તે ઔદ્યોગિક ઉત્પાદન માટે પણ અત્યંત અનુકૂળ છે. આ સંશ્લેષણ પ્રક્રિયામાં ઉત્પાદનનું પ્રમાણ લગભગ 90 ટકા જેટલું ઊંચું રહે છે, જ્યારે અંતિમ દવાની શુદ્ધતા 95 ટકાથી પણ વધુ જોવા મળી છે. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં આવા ઉચ્ચ પ્રદર્શન સૂચકાંકો ખૂબ જ દુર્લભ માનવામાં આવે છે. આ પરિણામો દર્શાવે છે કે મોટા પાયે દવાઓના ઉત્પાદન અને વ્યવસાયિક ઉપયોગ માટે આ પદ્ધતિ સંપૂર્ણપણે તૈયાર છે.

### જૂની દવાઓ પણ હવે નવું શસ્ત્ર બનશે

આ સંશોધનની સૌથી મોટી વિશેષતા એ છે કે તેની વૈવિધ્યતા. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ, આ મજબૂત રાસાયણિક જૂથોને સીધી જ હાલની ફાર્માસ્યુટિકલ દવાઓમાં ઉમેરી શકાય છે. આનો અર્થ એ થયો કે જે દવાઓ પહેલેથી મંજૂર છે અને બજારમાં ઉપલબ્ધ છે, તેમને શૂન્યથી નવા સંયોજનો બનાવ્યા વગર જ અપગ્રેડ કરી શકાશે. આનાથી નવી દવાઓ વિકસાવવા પાછળ ખર્ચાતા વર્ષો અને અબજો રૂપિયાની બચત થશે અને સ્થાપિત કેન્સર સારવારને વધુ ઘાતક બનાવી શકાશે.

# તાઈવાન સરહદે ચીની સૈન્ય ડ્રેગનના 9 યુદ્ધ વિમાનો અને 11 જહાજો ત્રાટક્યા

(એજન્સી) તાઈપે । તા. 15

તાઈવાનની સરહદ પર ચીની સૈન્યની ઉશ્કેરણીજનક હિલચાલ અટકવાનું નામ નથી લઈ રહી. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે સવારે જાહેર કર્યું હતું કે, તેના ક્ષેત્રની આસપાસ ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ના ૯ યુદ્ધ વિમાનો અને ૧૧ નૌકાદળના જહાજો જોવા મળ્યા છે. મહત્વની વાત એ છે કે, આ તમામ વિમાનોએ તાઈવાનની ઉત્તરીય, દક્ષિણ-પશ્ચિમી અને પૂર્વીય હવાઈ સંરક્ષણ ઓળખ ઝોન (ADIZ) માં પ્રવેશ કરીને મધ્ય રેખા ઓળંગી હતી. આ ઘટનાને પગલે તાઈવાનની સેનાએ હાઈ એલર્ટ જાહેર કરીને પરિસ્થિતિ પર સતત દેખરેખ વધારી દીધી છે.

ચીનની ઘૂસણખોરીનો વધતો વ્યાપ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ અગાઉ બુધવારે પણ ચીને ૨૦ વિમાનો અને ૯ જહાજો મોકલીને શક્તિ પ્રદર્શન કર્યું હતું. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પર પુષ્ટિ કરી છે કે ચીન સતત તેની હવાઈ અને દરિયાઈ સરહદોનું ઉલ્લંઘન કરી રહ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, તાઈવાનની સશસ્ત્ર દળોએ કોઈપણ પ્રકારની અણધારી સ્થિતિને પહોંચી વળવા માટે પ્રતિસાદી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે.

રાષ્ટ્રપતિનું મક્કમ વલણ ડ્રેગનની આ દાદાગીરી સામે તાઈવાનના રાષ્ટ્રપતિ લાઈ ચિંગ-તેએ કડક શબ્દોમાં પ્રતિક્રિયા આપી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે, તેઓ તાઈવાનના સાર્વભૌમત્વનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે અને ચીનને આંતરિક બાબતોમાં દખલગીરી કરવા દેશે નહીં. રાષ્ટ્રપતિએ વધુમાં ઉમેર્યું કે, ચીનનું આ દબાણ જ સાબિત કરે છે કે તાઈવાન પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાનો ભાગ નથી.

## મકરસંક્રાંતિએ પ્રયાગરાજમાં 91 લાખ શ્રદ્ધાળુએ સ્નાન કર્યું : પતંગબાજીથી બે દિવસમાં 17 લોકોનાં મોત

# PMએ પોતાના નિવાસસ્થાને ગાયોને ચારો ખવડાવ્યો



નવી દિલ્હી: હાડ થીજવતી ઠંડી છે, ગાઢ ધુમ્મસની ચાદર છે, પણ આસ્થાની આગળ બધું જ ગૌણ છે! આજે દેશભરમાં મકરસંક્રાંતિના પાવન પર્વનો ઉત્સાહ ચરમસીમાએ છે. ગુરુવારે પણ સંક્રાંતિનો માહોલ યથાવત રહ્યો છે. મોક્ષદાયિની ગંગા હોય, યમુના હોય કે પછી આપણી જીવાદોરી સમાન નર્મદા મૈયા... દેશની તમામ પવિત્ર નદીઓના કિનારે આજે વહેલી સવારથી જે અલૌકિક નજારો જોવા મળી રહ્યો છે, તે શબ્દોમાં વર્ણવવો મુશ્કેલ છે. ભક્તિનું એક એવું ઘોડાપૂર ઉમટ્યું છે કે જ્યાં જુઓ ત્યાં માત્ર શ્રદ્ધાળુઓનાં માથાં જ દેખાય છે. ઠંડા પાણીમાં એક ડૂબકી મારીને લોકો જાણે જીવનભરનું પુણ્ય કમાઈ રહ્યા છે.આસ્થાનું કેન્દ્ર: પ્રયાગરાજ સંગમ તટ સૌથી અદભુત અને રૂંવાડા ઊભા કરી દે તેવા દ્રશ્યો તો ધર્મનગરી પ્રયાગરાજમાં જોવા મળી રહ્યા છે. અહીં ચાલી રહેલા વિશ્વપ્રસિદ્ધ માઘ મેળામાં આજે મકરસંક્રાંતિનું મુખ્ય અને સૌથી મોટું શાહી સ્નાન છે. ગંગા, યમુના અને અદ્રશ્ય સરસ્વતીના પવિત્ર ત્રિવેણી સંગમ તટ પર જાણે આખું ભારત ઉમટી પડ્યું હોય તેવું લાગે છે. બ્રહ્મમુહૂર્તથી જ 'હર હર ગંગે' અને 'જય ગંગા મૈયા'ના ગગનભેદી નાદથી આખો વિસ્તાર ગુંજી ઉઠ્યો છે. સાધુ-સંતોથી લઈને સામાન્ય નાગરિકો, સૌ કોઈ આ પાવન અવસરનો લાભ લેવા આતુર છે. સ્થાનિક સુત્રોના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૯૧ લાખથી વધુ ભાવિકો આ પવિત્ર સંગમમાં આસ્થાની ડૂબકી લગાવી ચૂક્યા છે. આજે દોઢ કરોડ ડૂબકીનું અનુમાન! આંકડો હજુ અહીં અટક્યો નથી. માનવ મહેરામણ સતત વધી રહ્યું છે. મેળા વહીવટીતંત્ર અને જાણકારોનું પાકું અનુમાન છે કે આજ સાંજ સુધીમાં આ આંકડો ઐતિહાસિક સ્તરે પહોંચીને દોઢ કરોડને પાર કરી જશે! જરા વિચારો, એક જ દિવસમાં દોઢ કરોડ લોકો એક જ પવિત્ર સ્થળે સ્નાન કરે, આ દ્રશ્ય અને વ્યવસ્થા કેટલી વિશાળ હશે.દેશભરમાં દાન-પુણ્યનો મહિમા માત્ર પ્રયાગરાજ જ નહીં, દેશના અન્ય ખૂણે પણ પવિત્ર નદીઓમાં સ્નાનનું માહાત્મ્ય આજે અદકેરું છે.

### પતંગબાજીથી 17 લોકોનાં મોત

મકરસંક્રાંતિ પર પતંગબાજી દરમિયાન સતત અકસ્માતો પણ સામે આવી રહ્યા છે. વીતેલા બે દિવસોમાં ગુજરાતમાં 9 અને રાજસ્થાનમાં 6, ઉત્તરપ્રદેશ અને કર્ણાટકમાં 1-1 વ્યક્તિનાં મોત થયાં છે.યુપીના વારાણસીના ગંગા ઘાટ અને પશ્ચિમ બંગાળના ગંગાસાગરમાં સ્નાન માટે લોકોની ભીડ ઊમટી છે. પંજાબના અમૃતસરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ સચખંડ શ્રી દરબાર સાહિબમાં પવિત્ર સ્નાન કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મકરસંક્રાંતિના અવસર પર પોતાના નિવાસસ્થાને ગાયોને ચારો ખવડાવ્યો.ઉજ્જૈન સ્થિત વિશ્વ પ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિરમાં મહાકાલનો તલના તેલથી અભિષેક કરવામાં આવ્યો.

---

### 130 થી 150 બેઠકો મળવાનો અંદાજ, ઉદ્ધવની શિવસેનાને 60 સીટ મળી શકે છે

# BMC ચૂંટણી- ત્રણ એક્ઝિટ પોલમાં ભાજપ ગઠબંધનને બહુમતી

મુંબઈ | મહારાષ્ટ્રની 29 નગરપાલિકાઓમાં ગુરુવારે મતદાન સમાપ્ત થઈ ગયું છે. મતદાન પછી આવેલા BMCના 3 એક્ઝિટ પોલમાં ભાજપ ગઠબંધનને બહુમતી મળવાનો અંદાજ છે. ભાજપ અને એકનાથ શિંદેની શિવસેનાને 130 થી 150 બેઠકો મળી શકે છે. બહુમતી માટે 114 બેઠકોની જરૂર છે.કોંગ્રેસ ગઠબંધનને 60 બેઠકો મળવાનો અંદાજ છે. અન્યના ખાતામાં 5 થી 7 બેઠકો આવી શકે છે. પરિણામો શુક્રવારે આવશે.રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારેએ જણાવ્યું હતું કે તમામ નગરપાલિકાઓમાં સાંજે 5:30 વાગ્યે મતદાન સમાપ્ત થયું. લગભગ 50% મતદાનનો અંદાજ છે, જોકે અંતિમ આંકડા પછીથી જાહેર કરવામાં આવશે.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના વડા રાજ ઠાકરેએ આંગળીઓ પર લગાવવામાં આવતી શાહી ભૂંસાઈ જવાનો દાવો કર્યો. જોકે, રાજ્ય ચૂંટણી પંચે કહ્યું- શાહી અંગે ભ્રમ ન ફેલાવો. બીજી બાજુ, અનેક મતદારોના પોલિંગ બૂથ બદલાઈ જવાથી લોકો પરેશાન થયા હતા.



મહારાષ્ટ્રના મંત્રી ગણેશ નાઈક અને શિવસેના (UBT) સાંસદ પ્રિયંકા ચતુર્વેદીના પોલિંગ બૂથ પણ બદલાઈ ગયા હતા. તેમણે લોકોને પોલિંગ બૂથ ચેક કરીને વોટ કરવા આવવાની અપીલ કરી હતી. કેટલીક જગ્યાએ EVM માં ખરાબીની ફરિયાદો પણ સામે આવી.

### સૌથી મહત્વની BMC ચૂંટણી

આ ચૂંટણીઓમાં સૌથી મહત્વની બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) છે જ્યાં 2017 પછી 227 બેઠકો પર ચૂંટણી થઈ રહી છે. અહીં બહુમતી માટે 114નો આંકડો જરૂરી છે. BMCની 227 બેઠકોમાંથી 32 બેઠકો પર BJP-શિવસેના ગઠબંધન અને શિવસેના (UBT)-મહારાષ્ટ્ર નવનિર્માણ સેના વચ્ચે સીધો મુકાબલો છે.

### BMCમાં બેઠકોની વહેંચણી, ભાજપ-શિંદે સાથે; કોંગ્રેસ અલગ લડી રહી છે

BMC ચૂંટણીમાં કુલ 227 બેઠકો પર ચૂંટણી યોજાઈ રહી છે. ભાજપ-શિવસેના (શિંદે જૂથ) વચ્ચે ગઠબંધન છે. ભાજપ 137 બેઠકો પર લડી રહી છે જ્યારે શિંદેની શિવસેનાએ 90 બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે.બીજી તરફ શિવસેના UBTએ MNS સાથે ગઠબંધન કર્યું છે. UBT જ્યાં 163 બેઠકો પર લડશે જ્યારે MNSને 52 બેઠકો મળી છે. કોંગ્રેસે વંચિત બહુજન આઘાડી (VBA) સાથે ગઠબંધન કર્યું છે. કોંગ્રેસ 143 બેઠકો પર લડી રહી છે જ્યારે VBAને 46 બેઠકો આપવામાં આવી છે.

---

### I-PAC રેડ મામલો: સુપ્રીમ કોર્ટે મમતા સરકારને નોટિસ ફટકારી:કહ્યું- EDના કામમાં અવરોધ ન લાવો

નવી દિલ્હી | કોલકાતામાં 8 જાન્યુઆરીના રોજ I-PAC રેડ કેસમાં EDની અરજી પર સુપ્રીમ કોર્ટે બંગાળ સરકારને નોટિસ પાઠવી છે. કોર્ટે CM મમતા બેનર્જીના નેતૃત્વવાળી સરકાર પાસેથી બે અઠવાડિયામાં જવાબ માંગ્યો અને કહ્યું કે કેન્દ્રીય એજન્સીના આરોપો ગંભીર છે.જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ વિપુલ પંચોલીની બેન્ચે કહ્યું કે સરકાર EDના કામમાં દખલ ન આપે. એજન્સીને પોતાનું કામ કરવા દે. કોર્ટે 3 ફેબ્રુઆરીએ આગામી સુનાવણી સુધી ED અધિકારીઓ વિરુદ્ધ દાખલ FIR પર પણ રોક લગાવી દીધી છે.સુપ્રીમ કોર્ટે કહ્યું- આ મામલે કેટલાક મોટા સવાલો છે, જેનો જવાબ ન મળે તો અરાજકતા ફેલાઈ શકે છે. જો કેન્દ્રીય એજન્સીઓ કોઈ ગંભીર ગુનાની તપાસ માટે ઈમાનદારીથી પોતાનું કામ કરી રહી છે, તો શું તેમને રાજનીતિ કરીને રોકી શકાય છે?કોલકાતામાં 8 જાન્યુઆરીએ I-PAC ઓફિસ અને કંપનીના ડાયરેક્ટર પ્રતીક જૈનના ઘરે દરોડા (રેડ) મામલે EDની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલુ છે.

---

# દિલ્હીમાં એર ઇન્ડિયાનું વિમાન બેગેજ કન્ટેનર સાથે અથડાયું

### ટક્કરથી એક ભાગ તૂટીને પડી ગયો, એન્જિનને નુકસાન, પાર્કિંગ માટે લઈ જતી વખતે ધૂમ્મસના કારણે અકસ્માત; યાત્રીઓ-ક્રૂ સુરક્ષિત



નવી દિલ્હી | દિલ્હી એરપોર્ટ પર ગુરુવારે સવારે 5:25 વાગ્યે એર ઇન્ડિયાનું વિમાન બેગેજ કન્ટેનર સાથે અથડાયું. એરલાઈને જણાવ્યું કે ગાઢ ધુમ્મસમાં એરબસ A 350 વિમાનને પાર્કિંગ માટે લઈ જવામાં આવી રહ્યું હતું, ત્યારે આ ઘટના બની.

આ અકસ્માતમાં વિમાનના એન્જિનને નુકસાન થયું છે. વિમાનમાં સવાર તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.

એરબસ A 350ની ફ્લાઇટ AI101 દિલ્હીથી ન્યૂયોર્ક વચ્ચે ચાલે છે. ઈરાની હવાઈ ક્ષેત્ર બંધ હોવાને કારણે ફ્લાઈટને પોતાનો માર્ગ બદલવો પડ્યો અને તે પાછી દિલ્હી આવી ગઈ હતી. એર ઈન્ડિયાના પ્રવક્તાએ આની પુષ્ટિ કરી. જણાવ્યું કે જમણા એન્જિનને નુકસાન થયું છે.

---

### :રાજસ્થાનમાં -3 ડિગ્રી, હરિયાણામાં શૂન્યની નજીક તાપમાન; ઉત્તરાખંડના બે જિલ્લામાં શાળા બંધ

# ઉત્તર ભારત ઠંડીમાં ઠૂંઠવાયું

## શ્રીનગરમાં -5.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું



નવી દિલ્હી | ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી યથાવત છે. કાશ્મીરમાં લઘુત્તમ તાપમાન છેલ્લા ઘણા દિવસોથી શૂન્યથી નીચે છે. આને કારણે બુધવારે પ્રસિદ્ધ ડલ સરોવર અને કાશ્મીરના ઘણા જળ સ્ત્રોત થીજી ગયા. શ્રીનગરમાં મંગળવાર રાત્રે લઘુત્તમ તાપમાન -5.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું.આ તરફ, રાજસ્થાનમાં પણ તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે. બુધવારે હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં તાપમાન માઈનસ 3 ડિગ્રી રહ્યું. સીકરના ફતેહપુરમાં તાપમાન 0.2 ડિગ્રી નોંધાયું. રાજ્યમાં 19 જાન્યુઆરીથી હળવા વરસાદની સંભાવના છે.પહાડોમાંથી આવતી ઠંડી હવાઓએ હરિયાણામાં ઠંડીનું પ્રમાણ વધારી દીધું છે. અહીં 8 જિલ્લાઓમાં બુધવારે પારો 8 ડિગ્રી સુધી ગગડી ગયો. હિસારમાં ઠંડીનો છેલ્લા બે વર્ષનો રેકોર્ડ તૂટી ગયો. અહીં લઘુત્તમ તાપમાન 0.5 ડિગ્રી નોંધાયું.

---

### 15 અને 17 વર્ષની ખેલાડી ફાંસો ખાધેલી હાલતમાં મળી:કેરળના SAI હોસ્ટેલની ઘટના

કોલ્લમ | કેરળના કોલ્લમ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) હોસ્ટેલમાં ગુરુવારે બે સગીર સ્પોર્ટ્સ ટ્રેઈનીના મૃતદેહ રૂમમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, બંને વિદ્યાર્થીનીઓ સ્પોર્ટ્સ કોચિંગ લઈ રહી હતી અને હોસ્ટેલમાં જ રહેતી હતી. મૃત છોકરીઓની ઓળખ કોઝિકોડ જિલ્લાની સેન્દ્રા (17) અને તિરુવનંતપુરમ જિલ્લાની વૈષ્ણવી (15) તરીકે થઈ છે.સેન્દ્રા એથ્લેટિક્સની ટ્રેઈની હતી અને 12મા ધોરણમાં અભ્યાસ કરતી હતી, જ્યારે વૈષ્ણવી કબડ્ડી ખેલાડી હતી અને ધોરણ 10ની વિદ્યાર્થીની હતી. ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી નથી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે.બંને એક જ રૂમમાં લટકતી મળી ઘટના ગુરુવારે સવારે લગભગ પાંચ વાગ્યે સામે આવી, જ્યારે હોસ્ટેલના અન્ય સાથી ટ્રેઈની સ્પોર્ટ્સ પ્લેયર્સે જોયું કે બંને છોકરીઓ સવારના ટ્રેનિંગ સેશનમાં આવી ન હતી.

---

### 28મી CSPOC કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું, 42 દેશોના 61 સ્પીકર્સ અને પ્રિસાઈડિંગ ઓફિસર્સ સામેલ થયા

# ભારતમાં 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા



**વિદેશ મંત્રી એસ જયશંકર સંવિધાન સદન પહોંચ્યા.નામિબિયાના ડેપ્યુટી સ્પીકર અને મોન્ટસેરાટનું પ્રતિનિધિમંડળ પણ પહોંચી ગયું છે**

નવી દિલ્હી | PM નરેન્દ્ર મોદીએ ગુરુવારે સંસદ પરિસરમાં 28મી કોમનવેલ્થ સ્પીકર્સ અને પ્રેસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ (CSPOC)નું ઉદ્ઘાટન કર્યું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.વડાપ્રધાન મોદીએ કોન્ફરન્સમાં કહ્યું કે ભારતમાં UPI વિશ્વની સૌથી મોટી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ છે. ભારત વિશ્વનો સૌથી મોટો વેક્સિન ઉત્પાદક છે. વિશ્વનો નંબર-2 સ્ટીલ ઉત્પાદક છે. વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે. વિશ્વનું ત્રીજું સૌથી મોટું એવિએશન માર્કેટ છે. વિશ્વનું ચોથું સૌથી મોટું રેલ નેટવર્ક છે. વિશ્વનું ત્રીજું સૌથી મોટું મેટ્રો રેલ નેટવર્ક છે.સંમેલનની અધ્યક્ષતા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સંભાળી રહ્યા છે. તેમાં કોમનવેલ્થના 42 દેશોમાંથી 61 સ્પીકર્સ અને પ્રેસાઈડિંગ ઓફિસર્સ સામેલ થઈ રહ્યા છે. સંમેલન 14 થી 16 જાન્યુઆરી એટલે કે ત્રણ દિવસ સુધી ચાલશે.

### PM મોદીના સંબોધનની 5 મુખ્ય વાતો

1. ભારતમાં લોકશાહીની ઓળખ એ છે કે તેના ફાયદા છેલ્લા વ્યક્તિ સુધી પહોંચે. અમે લોક કલ્યાણની ભાવનાથી દરેક વ્યક્તિ માટે કોઈ પણ ભેદભાવ વિના કામ કરી રહ્યા છીએ. આ જ લોક કલ્યાણની ભાવનાને કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.
2. જ્યારે ભારત આઝાદ થયું ત્યારે તે સમયે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી હતી કે આટલી વિવિધતામાં ભારતમાં લોકશાહી ટકી શકશે નહીં, પરંતુ ભારતે વિવિધતાને પોતાની લોકશાહીની તાકાતમાં બદલી દીધી છે.
3. કોવિડ-19 મહામારી દરમિયાન જ્યારે આખી દુનિયા સંકટનો સામનો કરી રહી હતી, ત્યારે ભારત પણ અનેક પડકારોનો સામનો કરી રહ્યું હતું. આમ છતાં, તે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ભારતે 150 થી વધુ દેશોને દવાઓ અને રસીઓ ઉપલબ્ધ કરાવી. આ આપણા સિદ્ધાંતને દર્શાવે છે- 'પહેલા લોકો, પહેલા માનવતા.'
4. તમે જ્યાં બેઠા છો, તે ભારતના લોકતાંત્રિક પ્રવાસનું મહત્વપૂર્ણ સ્થળ છે. સ્વતંત્રતાના છેલ્લા વર્ષોમાં આ જ સેન્ટ્રલ હોલમાં બંધારણ સભાની બેઠકો થઈ હતી. સ્વતંત્રતા પછી 75 વર્ષ સુધી આ ભારતની સંસદ રહી. દેશના ભવિષ્ય સાથે જોડાયેલા ઘણા નિર્ણયો આ જ હોલમાં લેવામાં આવ્યા. લોકશાહીને સમર્પિત આ સ્થળનું નામ 'સંવિધાન સદન' રાખવામાં આવ્યું છે.
5. ભારતીય લોકશાહીનો એક વધુ મજબૂત સ્તંભ મહિલાઓનું પ્રતિનિધિત્વ છે. આપણા દેશના પ્રથમ નાગરિક રાષ્ટ્રપતિ મહિલા છે. દિલ્હીના મુખ્યમંત્રી પણ મહિલા છે. ગ્રામીણ અને સ્થાનિક સંસ્થાઓમાં ભારતમાં લગભગ 15 લાખ મહિલા ચૂંટાયેલી પ્રતિનિધિઓ છે. આ લગભગ 50 ટકા નેતૃત્વનું પ્રતિનિધિત્વ કરે છે, જે વૈશ્વિક સ્તરે અભૂતપૂર્વ છે.

---

# હરિદ્વારમાં ગાયત્રી પરિવારના શતાબ્દી મહોત્સવનું આયોજન

### ગંગા કિનારે 30 લાખ ચોરસ મીટરમાં ભવ્ય શતાબ્દી નગરનું નિર્માણ, ડૉ.ચિન્મય પંડ્યાના નેતૃત્વમાં તૈયારીઓ અંતિમ તબક્કામાં



નવી દિલ્હી | અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા પરમ વંદનીય માતા ભગવતી દેવી શર્મા અને સિદ્ધ અખંડ દીપના પ્રાકટ્યના શતાબ્દી સમારોહને અવિસ્મરણીય બનાવવા માટે શતાબ્દી નગર સંપૂર્ણ રીતે તૈયાર છે. હરિદ્વારમાં ગંગા કિનારે 30 લાખ ચોરસ મીટરમાં ફેલાયેલા આ વિશાળ પરિસરમાં 9 નગરો વસાવવામાં આવ્યા છે, જ્યાં ભારત સહિત અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુગાન્ડા વગેરે દેશોથી આવનાર 40,000 થી વધુ ગાયત્રી પરિવારના સ્વયંસેવકો માટે વ્યવસ્થાઓ કરવામાં આવી છે.સમારોહની વ્યવસ્થાઓ સુચારૂ રીતે ચાલે તે માટે બે ડઝનથી વધુ વિભાગો દિવસ-રાત સેવામાં કાર્યરત છે. તેમાં મહિલા મંડળ, ઈલેક્ટ્રોનિક મીડિયા ડિવિઝન, અત્યાધુનિક હોસ્પિટલ, વિશાળ ભોજનાલય, વિદ્યુત, નિર્માણ અને માહિતી ટેકનોલોજી વિભાગો મુખ્ય છે. ખાસ કરીને આયોજન સમિતિ નો કાર્ડ, નો એન્ટ્રીના નિયમનો કડક અમલ કરી રહી છે, જેથી શિસ્ત જળવાઈ રહે. શતાબ્દી કાર્યાલય અને મુખ્ય નિયંત્રણ કક્ષના માર્ગદર્શન હેઠળ સમગ્ર નગરની પ્રવૃત્તિઓ પર કડક નજર રાખવામાં આવી રહી છે.સુરક્ષાની દૃષ્ટિએ 350થી વધુ હાઈટેક CCTV લગાવવામાં આવ્યા છે, જે વરિષ્ઠ વહીવટી અધિકારીઓ તેમજ સેના અને પોલીસમાંથી નિવૃત્ત અધિકારીઓની દેખરેખ હેઠળ સંચાલિત થઈ રહ્યા છે.

---

# કાશીમાં મણિકર્ણિકા ઘાટ તોડી પાડ્યો

### લોકો બોલ્યા- જાણ કર્યા વિના અહિલ્યાબાઈની મૂર્તિ હટાવી; DMએ કહ્યું- મૂર્તિઓ સુરક્ષિત છે



વારાણસી | કાશીના મણિકર્ણિકા ઘાટને તોડવામાં આવી રહ્યો છે. અહીં નવેસરથી ઘાટ તૈયાર થશે, તેની ડિઝાઈન ફાઈનલ છે. મણિકર્ણિકા ઘાટને વર્ષ-1771માં લોકમાતા દેવી અહિલ્યાબાઈ હોલ્કરે બનાવ્યો હતો. પછી 1791માં તેમણે જ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. બુધવારે લોકોએ જ્યારે કાટમાળમાં અહિલ્યાબાઈની મૂર્તિ જોઈ, ત્યારે વિરોધ શરૂ કરી દીધો.તે જ સમયે, લોકોના વિરોધ પછી DM સત્યેન્દ્રએ કહ્યું- ઘાટની મૂર્તિઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું નથી. તેમને સુરક્ષિત રાખવામાં આવી છે. કેટલાક લોકો AIથી ઘાટના ખોટા વીડિયો બનાવીને જાહેર કરી રહ્યા છે. આવા લોકોને ટ્રેસ કરવામાં આવી રહ્યા છે.ખરેખરમાં, PM મોદીએ વર્ષ-2023માં આ કામનું શિલાન્યાસ કર્યું હતું. પૂરને કારણે લગભગ દોઢ વર્ષથી કામ બંધ હતું. હવે આ પ્રોજેક્ટને ઝડપથી પૂરો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મણિકર્ણિકા અને હરિશ્ચંદ્ર ઘાટને નવી રીતે તૈયાર કરવામાં આવશે.

---

# જમ્મુ-કાશ્મીરને બે અલગ રાજ્ય બનાવવાની માગ:સજ્જાદ લોને કહ્યું- સૌહાદપૂર્ણ અલગતા પર વિચાર કરવાનો સમય



શ્રીનગર | પીપલ્સ કોન્ફરન્સના અધ્યક્ષ સજ્જાદ લોને જમ્મુ અને કાશ્મીરને બે અલગ રાજ્યોમાં વિભાજિત કરવાની માગ કરી છે. તેમણે કહ્યું કે હવે બંને પ્રદેશો વચ્ચે સૌહાર્દપૂર્ણ વિભાજન પર ગંભીરતાથી વિચાર કરવાનો સમય આવી ગયો છે.લોને કહ્યું કે કાશ્મીર આવા પ્રાદેશિક વલણને સહન કરી શકે નહીં, જે સતત કાશ્મીરીઓને બદનામ કરતું રહ્યું છે. દેશના બાકીના ભાગોમાં એવી ધારણા ફેલાવે કે જમ્મુ દેશની સાથે છે અને કાશ્મીર આતંકવાદનો પ્રદેશ છે.જમ્મુ-કાશ્મીરના પૂર્વ મંત્રી સજ્જાદ લોને આ વાતો બુધવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહી હતી.થોડા દિવસો પહેલા ભાજપના જમ્મુ નોર્થના ધારાસભ્ય શ્યામ લાલ શર્માએ જમ્મુને અલગ રાજ્ય બનાવવાની માગ કરી હતી. તેમણે કહ્યું હતું કે જમ્મુ હવે કાશ્મીરનો બોજ ઉઠાવી શકે નહીં.સજ્જાદ લોને મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા પાસે કાશ્મીરના બડગામમાં નેશનલ લો યુનિવર્સિટી (NLU) સ્થાપિત કરવાના ચૂંટણી વચનને પૂર્ણ કરવાની માગ કરી. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી પદની ગરિમા એ જ છે કે આપેલા વચનને નિભાવવામાં આવે અને યુનિવર્સિટી બડગામમાં જ રહે.લોને કહ્યું કે હવે બંને ક્ષેત્રો વચ્ચેની વહીવટી વ્યવસ્થા પર ફરી વિચાર કરવો જોઈએ. કદાચ હવે સૌહાર્દપૂર્ણ અલગાવનો સમય આવી ગયો છે. આ માત્ર વિકાસ સાથે જોડાયેલો મામલો નથી. જમ્મુ હવે કાશ્મીરને નિશાન બનાવવાનું સાધન બની ગયું છે.સજ્જાદ લોને કહ્યું કે કાશ્મીરનો ભારતના બાકીના ભાગો સાથેનો સંબંધ એવા લોકો દ્વારા ન હોઈ શકે, જેઓ સતત કાશ્મીરની છબી ખરાબ કરતા રહે છે.તેમણે કહ્યું કે જો કાશ્મીરને દેશના બાકીના ભાગો સાથે જોડવું હોય, તો તે એવા વચેટિયાઓ દ્વારા ન થઈ શકે જે કાશ્મીરીઓને સતત બદનામ કરે છે. દેશને કહે છે કે કાશ્મીર આતંકવાદી ક્ષેત્ર છે.સજ્જાદ લોને કહ્યું કે કાશ્મીરમાં પ્રાદેશિક સંબંધોને લઈને ભાવનાઓ ઘણી બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે આરક્ષણ જેવા મુદ્દાઓ પર કાશ્મીરીઓને પાછળ ધકેલવામાં આવી રહ્યા છે. હવે લોકો તેને વધુ સહન કરી શકતા નથી. મને પૂરો વિશ્વાસ છે કે કાશ્મીરમાં અલગ થવાની ઈચ્છા પહેલા કરતા ક્યાંય વધુ વધી ગઈ છે. હવે નેતૃત્વને સ્પષ્ટપણે વાત કહેવાની જરૂર છે.નોંધનીય છે કે તાજેતરમાં ભાજપના ધારાસભ્ય શ્યામ લાલ શર્માએ જમ્મુને અલગ રાજ્ય બનાવવાની માગ કરીને વિવાદ ઊભો કર્યો હતો. જોકે, બાદમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષે આ નિવેદનથી અંતર રાખતા કહ્યું હતું કે આ પાર્ટીનો મત નથી.

## અમદાવાદમાં શરાબ પાર્ટી, હુંક્કા અને બાઈટિંગનો જલસો

અમદાવાદના પંચવટી વિસ્તારમાં આવેલા 'સેન્ટેરિયલ વિસ્ટા'ના ધાબા પર વાસી ઉત્તરાયણના દિવસે ચાલી રહેલી શરાબ, શબાબ અને હુક્કાની પાર્ટીમાં પોલીસે દરોડો પાડતા દોડધામ મચી હતી. ડીજે સાથે ચાલી રહેલી પાર્ટીના રંગમાં ભંગ પાડતા પોલીસને ઘટનાસ્થળેથી 4 યુવતીઓ અને 12 યુવકો સહિત 16 લોકો મળી આવ્યા છે. આ ઉપરાંત ધાબા પર શરાબ, શબાબ અને હુક્કાની પાર્ટી માટે રખાયેલી દારૂની બોટલ, બાઈટીંગ અને વિવિધ ફ્લેવરના હુક્કા મળી આવ્યા હતા.


# સિટી એક્સપ્રેસ

FRIDAY 16 JANUARY-2026

AHMEDABAD


## ફ્લાવર શો હવે રાત્રે 10 વાગ્યા સુધી નિહાળી શકાશે

અમદાવાદ | શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર તથા ફ્લાવર ગાર્ડન ખાતે આયોજિત અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શોને શહેરીજનોનો ઉત્સાહજનક પ્રતિસાદ મળતા રિવરફ્રન્ટ પરના મુલાકાતનો સમય વધારવાનો નિર્ણય મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યો છે. 16 જાન્યુઆરી 2026થી મુલાકાતીઓ ફ્લાવર શો રાત્રે 10:00 વાગ્યા સુધી નિહાળી શકશે જ્યારે ટિકિટ રાત્રે 9:00 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. મુલાકાતીઓએ રાત્રિના 10:00 વાગ્યા સુધીમાં મુલાકાત પૂર્ણ કરવાની રહેશે.



### રંગબેરંગી પતંગો, સંગીત અને ઉત્સવી માહોલ : 'નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરાવનારું ઉમંગ પર્વ બને'

# CMએ પતંગ ચગાવ્યો : 'ગાંધીનગર પતંગોત્સવ'ના બલૂનને આકાશમાં ઉડાવ્યો

ગાંધીનગર | ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલ પ્રેરિત સહાય ફાઉન્ડેશન દ્વારા ઉત્તરાયણના પર્વ નિમિત્તે ભવ્ય પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ 14 જાન્યુઆરી, 2026ના રોજ ઉદ્યોગ ભવનની સામે આવેલ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, ઘ-4 ખાતે આયોજિત આ પતંગોત્સવમાં શહેરના નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એ ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં પતંગ ચગાવ્યો હતો. મુખ્યમંત્રી 10 મિનિટ માટે પતંગ ચગાવી રવાના થયા છે.

ઉત્તરાયણના પરંપરાગત ઉત્સાહ અને સાંસ્કૃતિક માહોલને ઉજાગર કરવાના ઉદ્દેશ્યથી આયોજિત આ પતંગોત્સવમાં રંગબેરંગી પતંગો, સંગીત અને ઉત્સવી માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને બાળકો અને યુવાનો માટે આ કાર્યક્રમ આનંદ અને મનોરંજનનું કેન્દ્ર બન્યો છે.

ગાંધીનગરમાં સેન્ટ્રલ વિસ્ટા ખાતે સહાય ફાઉન્ડેશન દ્વારા આયોજિત પતંગ મહોત્સવ-2026નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શાનદાર પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ નગરજનો સાથે પતંગ ઉડાવવાના આનંદમાં સહભાગી થયા હતા અને ઉતરાયણ પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે મુક્ત આકાશમાં પતંગ ઉડાવીને નગરજનોને મમરાનાં લાડુ અને ચિક્કીનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના




સૌ નાગરિકોને ઉતરાયણની શુભેચ્છાઓ આપતા જણાવ્યું કે, પતંગ ઉડ્ડયનના પર્વમાં લોકો પોતાના પતંગને જેમ આકાશમાં ઉડાડે છે, તેમ જ સૌ નાગરિકોના જીવનમાં આ પર્વ ઉન્નતિની સાથે સુખ, શાંતિ અને સમૃદ્ધિની પણ નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરાવનારું ઉમંગ પર્વ બને.

મુખ્યમંત્રીએ આ 'ગાંધીનગર પતંગોત્સવ'ના બલૂનને આકાશમાં ઉડાડીને પતંગ મહોત્સવ-2026ની ઉજવણી કરાવી હતી. આ પ્રસંગે ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ,ડેપ્યુટી મેયર નટુજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ગૌરાંગ વ્યાસ, ગાંધીનગર શહેર ભાજપ અધ્યક્ષ આશિષ દવે, જિલ્લા કલેક્ટર મેહુલ દવે, વિદેશી પતંગબાજો સહિત નગરજનો અને બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતાં.

## દિવસે પતંગની-સાંજ પડતાં ગરબાની રમઝટ

અમદાવાદ | ગુજરાતીઓએ આજે ઉત્તરાયણના પર્વને મનભરીને માણ્યો. સવારના સમયે થોડા કલાક 'ઠંડો' માહોલ દેખાયો પણ 10 વાગ્યા બાદ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના શહેરોના આકાશમાં રંગબેરંગી પતંગોનું રાજ જોવા મળ્યું. ધાબા પર દિવસભર 'કાઈપો છે'ની બૂમો વચ્ચે લોકોએ પતંગ ચગાવવાની મજા લીધી. પતંગની સાથે ધાબા પર ઊંધિયું, ફાફડા અને જલેબીની લિજ્જત માણી.

અમિત શાહે અમદાવાદમાં, મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં ઉત્તરાયણના પર્વની ઉજવણી કરી હતી. દિવસભર પતંગો ચગાવ્યા બાદ સાંજ પડતા જ આકાશમાં પતંગની જગ્યાએ આતશબાજી જોવા મળી. લોકોએ ધાબા પર જ ડાન્સ અને ગરબાની રમઝટ બોલાવી હતી.

ઉત્તરાયણના પર્વ પર આજે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા સહિતના શહેરોમાં લોકોએ



મનભરીને તહેવારની મજા માણી. સવારના દસેક વાગ્યા સુધી પતંગનો ઠંડો માહોલ રહ્યા બાદ બપોર પડતા શહેરોના આકાશમાં રંગબેરંગી પતંગો છવાઈ હતી. લોકો પતંગ ચગાવવાની સાથે ધાબા પર જ ફાફડા-જલેબી અને ઊંધિયાની જિયાફત માણતા જોવા મળ્યા. દિવસભર આકાશમાં પતંગ અને કાઈપો છેની બૂમો સંભળાતી રહી.

## સહકારી બેન્કમાં દસ વર્ષ સેવા આપી ચૂકેલા ડિરેક્ટર્સ ત્રણ વર્ષ કોઈ જ હોદ્દો ગ્રહણ નહિ કરી શકે

અમદાવાદ | સહકારી બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરીકે સેવા આપવાની શરૂઆત કર્યા પછી દસ વર્ષ પૂરા થઈ ગયા બાદ તે ડિરેક્ટર્સ ત્રણ વર્ષ સુધી તે બેન્કમાં કોઈપણ હોદ્દો ધારણ કરી શકશે નહિ.સહકારી બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો ટૂંકા ગાળા માટે રાજીનામા આપીને ફરીથી તે જ હોદ્દા પર ચઢી બેસતા હોવાથી રિઝર્વ બેન્કે આ જોગવાઈ દાખલ કરવાનું આયોજન કર્યું છે. દેશની દરેક અર્બન કોઓપરેટીવ બેન્કના ડિરેક્ટર્સ અને બોર્ડના સભ્યોને આ જોગવાઈ લાગુ પડશે. રિઝર્વ બેન્ક આ નવી જોગવાઈ દાખલ કરવા જઈ રહી છે. તેના અંગે લોકોને ૩૦મી જાન્યુઆરી સુધી તેમના પ્રતિભાવ આપવા જણાવી દેવામાં આવ્યું છે.

રિઝર્વ બેન્કે નવા તૈયાર કરેલા નિયમો જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક અને રાજ્ય સ્તરની સહકારી બેન્કોને પણ લાગુ પડશે. આ બેન્કના હોદ્દા પર નિયુક્તિ પામેલી વ્યક્તિએ ગમે તે રીતે નિમણૂક મેળવી હોય તેમને આ જોગવાઈ લાગુ પડશે એમ રિઝર્વ બેન્કે આઠમી જાન્યુઆરીએ બહાર પાડેલી પરિપત્રના માધ્યમથી સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે.

આમ રિઝર્વ બેન્ક ભારતની સહકારી બેન્કો અંગેના સરકારના આદેશમાં સુધારો દાખલ કરવા જઈ રહી છે. આ જોગવાઈઓ તમામ અર્બન કોઓપરેટીવ બેન્ક, જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક અને રાજ્ય સ્તરની સહકારી બેન્કોને લાગુ પડશે. આ જોગવાઈ મુજબ એકવાર એક વ્યક્તિ કોઈપણ સહકારી બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સતત દસ વર્ષ સુધી સે વા આપી દે પછી તેમણે તેમનો હોદ્દો છોડી દેવો પડશે. ત્યારબાદ ત્રણ વર્ષ સુધી તે બેન્કમાં તે કોઈપણ કામગીરી કરી જ શકશે નહિ.

આ ત્રણ વર્ષ માટે હોદ્દો ન ધારણ કરવાનો નિયમ રિઝર્વ બેન્ક ફરજિયાત અમલ કરાવવા જઈ રહી છે. બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં કોઈપણ વ્યક્તિ દસ વર્ષથી વધુ સમય સુધી સક્રિય રહી શકશે નહિ.

### ધામ બહાર જ્વલનશીલ પ્રવાહી માથે છાંટ્યું; સાચા આરોપીની ધરપકડ કેમ નથી કરતા?: કિશન મેર

# બગદાણાનો વિવાદ ઉગ્ર, કોળી સમાજના 4 યુવક દ્વારા આત્મવિલોપનનો પ્રયાસ

ભાવનગર | ભાવનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ બગદાણામાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા વિવાદે આજે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં 'નવનીતભાઈને ન્યાય આપો'ના નારા સાથે કોળી સમાજના ચાર યુવકે બગદાણા ધામની બહાર જાહેરમાં બોટલમાંથી જ્વલનશીલ પદાર્થ કાઢી આત્મવિલોપન કરવાનો પ્રયાસ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. જોકે, આત્મવિલોપન કરે તે પહેલા જ પોલીસે ચારેય યુવાનોની અટકાયત કરી હતી. યુવકનો આત્મવિલોપન કરવાની કોશિશ કરતો લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ, બગદાણા વિવાદમાં લાંબા સમયથી ન્યાયની માગ કરી રહેલા કોળી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજરોજ (15 જાન્યુઆરી) ચાર યુવાનો એકાએક એકઠા થયા હતા અને ન્યાયની માંગ સાથે સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. આ યુવાનો પોતાની સાથે જ્વલનશીલ પદાર્થ લઈને આવ્યા હતા અને આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. ઘટનાસ્થળે હાજર પોલીસ કાફલાએ યુવાનો દિવાસળી ચાંપે તે પહેલાં જ તેમને દબોચી લીધા હતાં. પોલીસે ચારેય યુવકોની અટકાયત કરી છે અને પરિસ્થિતિ વધુ ન વણસે તે માટે તેમને તાત્કાલિક કોઈ ગુપ્ત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

આ યુવકો બગદાણા ધામ ગેઈટ બહાર 'નવનીતભાઈને ન્યાય આપો, ન્યાય આપો' ના નારા લગાવ્યા હતા. કોળી સમાજના અગ્રણીઓ અને યુવાનોમાં અન્યાયની લાગણીને પગલે આ પગલું ભરવામાં આવ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ઘટનાને પગલે બગદાણામાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હાલમાં બગદાણામાં શાંતિ જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ આ ઘટનાને પગલે સ્થાનિક રાજકારણ અને સામાજિક વાતાવરણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.



### 'પોલીસ સાચા આરોપીની ધરપકડ કેમ નથી કરતી?'

કોળી સમાજના આગેવાન અને એડવોકેટ કિશન મેરે જણાવ્યું કે, આજરોજ બગદાણા મુકામે કોળી સમાજના યુવાનો નવનીતભાઈને ન્યાય માટે આત્મવિલોપન કરવાના હતા, ત્યારે પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. કોટલાક આગેવાનોની પોલીસ તંત્ર દ્વારા અડધી રાતે ધરપકડ કરવામાં આવી તો અમુક લોકોની આગલા દિવસે ધરપકડ કરવામાં આવી. ત્યારે મારે આ પોલીસ તંત્રને કહેવું છે કે, તમે આટલી મોટી સંખ્યામાં કોળી સમાજના આગેવાનોની ધરપકડ કરો છો, તો આ કેસમાં સાચા આરોપીની ધરપકડ કેમ નથી કરતા? આજરોજ અમે કીધું હતું કે, બગદાણા ધામ ખાતે આત્મવિલોપન કરશે, તેમાં અમારી ટીમના બે સભ્યએ સ્થળ પર જઈને આત્મવિલોપન કરવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો છે.

## 4 શખસોએ છરીના ઘા ઝીંક યુવકને મોતને ઘાટ ઉતાર્યો...

### મિત્રની બહેન સાથે ફરવાની ના પાડતા બોલાચાલી થઈ હતી, સમાધાન માટે બોલાવી ખૂની ખેલ ખેલ્યો



અમદાવાદ | અમદાવાદના મણિનગરમાં આવેલા કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ પાસે ઉત્તરાયણની રાત્રે ખૂની ખેલ ખેલાયો હતો. જૂની અદાવતમાં કેટલાક શખસોએ યુવકને સમાધાન માટે બોલાવી છરીના ઘા ઝીંકી ઘાતકી હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા જ કાગડાપીઠ અને મણિનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. જોકે, આ સમગ્ર મામલે પોલીસે આરોપીઓને પકડવા કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના અમરાઈવાડી વિસ્તારમાં રહેતા ચિરાગ રાઠોડે તેના મિત્રની બહેનને બહેન બનાવી હતી. આ યુવતી તેની સાથે કામ કરતા મંથન ઉર્ફે ઋત્વિક પરમાર સાથે ફરતી હતી. આ અંગે ચિરાગને જાણ થતાં તેણે મંથનને બેથી ત્રણ વખત ટોક્યો હતો. આ મુદ્દે બંને વચ્ચે રકઝક પણ થઈ હતી. જોકે, ગઈકાલ રાત્રે મંથને ચિરાગને સમાધાન કરવા માટે બોલાવ્યો હતો.

ચિરાગ એકલો સમાધાન માટે કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ પાસે ગયો હતો. જ્યારે મંથન તેની સાથે જયદીપ શાહ, હર્ષિલ શાહ અને વિજય ઉર્ફે વી.પી. પરમારને લઈ ગયો હતો. ફૂટબોલ ગ્રાઉન્ડ પાસે સમાધાન માટે ભેગા થયા ત્યારે ઉગ્ર બોલાચાલી થતા મંથન અને તેની સાથે આવેલા ત્રણ શખસોએ ભેગા મળીને ચિરાગને માર માર્યો હતો. જે બાદ ચિરાગને ઉપરાછાપરી છરીના ઘા ઝીંક્યા હતા.

ચિરાગને ગંભીર ઈજા થતા સ્થળ પર જ મોત થયું હતું. બનાવની જાણ થતા ઝોન 6 ડીસીપી સહિતનો પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસ દ્વારા ચિરાગના મૃતદેહને પીએમ માટે મોકલવામાં આવ્યો છે. હત્યા બાદ ફરાર થયેલા આરોપીની તપાસ માટે અલગ અલગ ટીમો રવાના કરાઈ હતી.

## સ્ટ્રોમ વોટરલાઈનની કામગીરી પ્રગતિ હેઠળ. શેલામાં 30 કરોડના ખર્ચથી 30 મીટર પહોળો રોડ જુન સુધીમાં કાર્યરત

(એજન્સી) અમદાવાદ | તા.13

ઔડા દ્વારા શેલા વિસ્તારમાં રુપિયા ૩૦ કરોડના ખર્ચથી ૩૦ મીટર પહોળા રોડને આધુનિક સ્વરૂપ આપવામા આવી રહયુ છે.સ્કાય સિટી જંકશનથી કલબ-૦૭ પાસે થઈ તળાવ તરફ જતા રસ્તાને ફોરલેન બનાવવાની સાથે પાર્કિંગ, સ્ટ્રીટ લાઈટ તથા વૃક્ષારોપણ સહિતની સુવિધા સાથે ડેવલપ કરવા કોન્ટ્રાકટર રુતવી કન્સ્ટ્રકશનને કામ અપાયુ છે.જુન-૨૦૨૬ સુધીમાં આ રોડ તૈયાર થઈ જશે. શેલા વિસ્તારની સાથે શેલા-મણીપુર અને ગોધાવી વિસ્તારમાં દર વર્ષે ચોમાસા દરમિયાન ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી પણ શેલામા રોડ ડેવલપ કરવાના પ્રોજેકટ સાથે શરુ કરવામા આવી હતી.સ્કાય સિટી જંકશનથી કલબ-૦૭ સામેના શેલા તળાવ થઈ એક કંપની દ્વારા વિકસિત મોટા તળાવ તરફ જતા રસ્તા ઉપર સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી શરુ કરવામા આવી છે.કલબ-૦૭ સુધી પાઈપ લાઈન નાંખવાની કામગીરી પુરી કરાઈ છે.રોડ બનાવવાની કામગીરી પણ ચાલી રહી છે.આ કામગીરી મે-૨૬ સુધીમાં પુરી કરાશે.આ બંને પ્રોજેકટ પુરા થયા પછી શેલા વિસ્તારમા આ રોડ ઉપરની સોસાયટીઓમા વસતા લોકોને ડેવલપ રોડ ઉપરાંત સ્ટ્રોમ વોટર લાઈન નાંખવાની કામગીરી પુરી થયા પછી ચોમાસમા વરસાદી પાણી ભરાવાની સમસ્યાથી મુકિત મળે એવી સંભાવના છે.

## ગુજરાતમાં ઉત્તરાયણે ઈમરજન્સી કોલ રણક્યાં, સાંજના 6 વાગ્યા સુધીના આંકડા ચોંકાવનારા

(એજન્સી) અમદાવાદ | તા.15

ગુજરાતમાં મકરસંક્રાંતિના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી, પરંતુ બીજી તરફ અકસ્માતો અને મેડિકલ ઈમરજન્સીની ઘટનાઓમાં ચિંતાજનક ઉછાળો જોવા મળ્યો છે. '108' ઈમરજન્સી સેવા દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, 14મી જાન્યુઆરીના રોજ સાંજે 6 વાગ્યા સુધીમાં સમગ્ર રાજ્યમાંથી કુલ 3,810 ઈમરજન્સી કોલ મળ્યા છે, જે ગયા વર્ષની સરખામણીએ નોંધપાત્ર રીતે વધુ છે.

વર્ષ 2025ની સરખામણીએ આ વર્ષે ઈમરજન્સી સેવા પર દબાણ વધ્યું છે. વર્ષ 2025માં સાંજે 6 વાગ્યા સુધીમાં 3,318 કોલ મળ્યા હતા. જ્યારે વર્ષ 2026માં આ જ સમયગાળામાં 3,810 કોલ નોંધાયા હતા. ગયા વર્ષ કરતા આ વખતે 491 વધુ ઈમરજન્સી કેસો સામે આવ્યા છે. તહેવાર દરમિયાન નોંધાયેલા કેસોમાં મોટાભાગે કાચ પાયેલી પતંગની દોરીથી વાહનચાલકો કે રાહદારીઓના ગળા અથવા શરીરના અન્ય ભાગો કપાવવાના કિસ્સા. પતંગ ચગાવતી વખતે કે પેચ લડાવતી વખતે અગાસી કે ધાબા પરથી સંતુલન ગુમાવતા નીચે પડવાની ઘટનાઓ. પતંગ પકડવા જતાં કે વાહન ચલાવતી વખતે અચાનક દોરી આડી આવતા સર્જાયેલા અકસ્માતો. મારામારી, દાઝી જવાના કિસ્સાઓ અને પતંગ લૂંટતી વખતે વીજ કરંટ લાગવાની દુર્ઘટનાઓનો સમાવેશ થાય છે.

રાજ્યના મહાનગરોમાં પતંગબાજીનો ક્રેઝ વધુ હોવાથી ઈમરજન્સી કોલ્સની સંખ્યા પણ ત્યાં વધુ જોવા મળી છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં 108 ની ટીમો સતત કાર્યરત રહી હતી.

આજે (15મી જાન્યુઆરી) વાસી ઉત્તરાયણ હોવાથી વહીવટી તંત્ર અને 108 સેવા દ્વારા નાગરિકોને ખાસ તકેદારી રાખવા વિનંતી કરવામાં આવી છે. રસ્તા પર પતંગ પકડવા માટે જીવના જોખમે દોડવું નહીં.

## રાજકોટ મોરબી હાઈવે પર કાર અકસ્માતમાં બે બાળકોના મોત : 4 લોકો ઈજાગ્રસ્ત થયાં

રાજકોટ | રાજકોટ-મોરબી હાઈવે પર 14 જાન્યુઆરીની મોડી રાત્રે સ્કોર્પિયો અને I-20 કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે સ્કોર્પિયો કારનો બુકડો બોલાઈ ગયો હતો. આ ઘટનામાં બે બાળકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય 4 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. વાછકપર બેડી ગામના મોક્ષ બાબરીયા અને વાંકાનેર ગામની શ્રેયા મદરેસણીયનું મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ રાજકોટ નજીક બેડી વાછકપર ગામે રહેતા બાબરીયા પરિવાર ગઈકાલે મકરસંક્રાંતિ પર્વ મનાવવા વાંકાનેર ખાતે રહેતા તેમના સંબંધીના ઘરે ગયો હતો અને મોડી રાત્રે પોતાના ગામ બેડી વાછકપર પરત આવતો હતો. આ દરમિયાન I-20 કારમાં તેમની સાથે મદરેસણીયા પરિવાર પણ હતો. ત્યારે કાગડદી પાટિયા પાસે વળાંક લેતા સમયે રાજકોટ તરફથી આવતી સ્કોર્પિયો કારએ I-20 કારને અડફેટે લીધી હતી. બંને માસીયાઈ ભાઈ-બહેનના મોત નિપજ્યા હતા. જ્યારે ગાડીમાં સવાર અન્ય પરિવારજનો ઈજાગ્રસ્ત થતા તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

### આજથી શાળા કમિશનર કચેરી કોઈપણ ફાઈલ કે પત્ર હાર્ડ કોપીમાં નહીં સ્વીકારે, આદેશનું પાલન ન કરનાર સામે કાર્યવાહી

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને તમામ ફાઈલ ઈ-સરકારથી મોકલવા આદેશ




અમદાવાદ | કમિશનર શાળાઓની કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને એક પત્ર લખવામાં આવ્યો છે. તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં ઈ-સરકારનું અમલીકરણ કરવા માટે કડક સૂચના આપવામાં આવી છે. તેમજ તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં તમામ ફાઈલ ઈ-સરકાર મારફતે જ ચલાવવા કમિશનર શાળાઓની કચેરીએ આદેશ કર્યો છે.આજથી કમિશનર શાળાઓની કચેરી કોઈપણ ફાઈલ કે પત્ર હાર્ડ કોપીમાં સ્વીકારશે નહીં. જો કોઈ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ફાઈલો કે પત્ર હાર્ડ કોપીમાં મોકલશે તો જિલ્લા શિક્ષણાધિકારી સામે કાર્યવાહી પણ થઈ શકે છે.ડિજિટલ યુગમાં સરકારી કચેરીઓને પેપરલેસ બનાવવા રાજ્ય સરકાર દ્વારા ઈ-સરકાર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. ઈ-સરકારનો મુખ્ય હેતુ મેન્યુઅલ પ્રક્રિયાઓને સંપૂર્ણપણે સંકલિત ઈલેક્ટ્રોનિક ફાઈલ બનાવી અને તેના રેકર્ડ મેનેજમેન્ટ સિસ્ટમ થકી સરકારી કચેરીઓની કામગીરીને વધુ આધુનિક બનાવવાનો છે.


Nippon India Mutual Fund
Wealth sets you free

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 17th January 2026 | 7:00 PM | Nadiad |

Venue : Bellagio Banquet,1st Floor, Kant Arcade, Piplag Cross Road, Piplag Nadiad, Gujarat - 387355

Name : Satish Parmar | Mobile : 8976743181

Nippon Life India Asset Management Limited | CIN : L65970MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.